૨

# પેદજ્યનગીની સ્મૃતિથી સાક્ષાત્કાર





૨

# વેદજનનીની સ્મૃતિથી સાક્ષાત્કાર

Scanned by CamScanner

પ્રકાશક :
યોગેશ એન. દવે
૭૭, શ્રદ્ધા,
યોગેશ્વરનગર સોસાયટી,
ભઠ્ઠા પાસે, અંજલિ સિનેમા પાછળ,
વાસણા, અમદાવાદ – ૩૮૦ ૦૦૭
ફોન : ૪૨ ૧૦ ૨૪

પ્રથમ આવૃત્તિ : સપ્ટેમ્બર ૧૯૯૨

મુદ્રક :
કાન્તિભાઈ મ. મિસ્ત્રી,
આદિત્ય મુદ્રણાલય,
રાયખડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧
ફોન : ૩૯ ૨૫ ૧૨

Scanned by CamScanner

અર્પણ -

આધ્યાત્મિક પથના યાત્રીને



ૐ મા ૐ

Scanned by CamScanner

## * પૂ. શાસ્ત્રીજીનાં પુસ્તકો *

* આશિષનું અમૃત
* ગાયત્રીજ્ઞાન અને મહિમા
* ગાયત્રી જ્ઞાનસુધા
* ઉપાસનાનો રાજમાર્ગ
* અગોચરના ઊંડાણમાં
* ઉપાસનાના પન્થે
* True Worship
* પરમતત્ત્વનો સેતુ
* શ્રદ્ધા
* શરણાગતિ
* અનુભૂતિનો આસવ
* વેદજનનીની સ્મૃતિથી સાક્ષાત્કાર
* વેદજનનીની સ્મૃતિથી સાક્ષાત્કાર [ ૨ ]

Scanned by CamScanner

# વિશ્વસંદેશ

વહાલાં માનવબંધુઓ,

વિશ્વમાં વસતાં, આપણે સહુ માનવબંધુઓ સામાજિક અને ભૌગોલિક પરિસ્થિતિને કારણે જ્ઞાતિ, જાતિ, ભાષા અને સંપ્રદાયોના અનુસરણમાં અટવાઈ ગયાં છીએ. પરંતુ એ ન ભૂલીએ કે આપણે સહુ એક જ પરમ તત્ત્વના અંશ છીએ.

પરમ તત્ત્વનો રાહ માનસિક શાંતિ અને અંતરાત્માની વિશુદ્ધતા બક્ષે છે. કોઈ પણ સંપ્રદાયનું ધ્યેય પરમ તત્ત્વનું સાન્નિધ્ય મેળવવાનું છે. પરમ તત્ત્વનું સાન્નિધ્ય મેળવવા માટે ધર્માચરણ – સાત્ત્વિક આચરણની પ્રથમ આવશ્યકતા છે.

આપણા ઇષ્ટનું સતત નામસ્મરણ કે મંત્રજપ મનુષ્યને વિશુદ્ધ કરી પરમ તત્ત્વની સમીપ પહોંચવાનો રાહ સરળ બનાવી આપે છે. મારા જીવનના પાછળ દર્શાવેલાં નવ સૂત્રોનું આચરણ સુખ, શાંતિ અને સાત્ત્વિક જીવનની ગુરુચાવી છે. કોઈ પણ વ્યક્તિ જ્ઞાતિ, જાતિ કે સંપ્રદાયના બંધન સિવાય આ નવ સૂત્રોને જીવનમાં અપનાવે, તો સ્વ અને સમષ્ટિની શાંતિના રાહ અતિ સરળ બની રહે.



Scanned by CamScanner

: મારા જીવનનાં નવ સૂત્રો :

૧. ઇષ્ટમાં સંપૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ રાખવી.

૨. નિઃસહાયને સહાય કરવી.

૩. દુઃખીઓના દિલનાં આંસુ લૂછવાં.

૪. કોઈની ઈર્ષ્યા કરવી નહિ.

૫. કોઈની સાથે વિશ્વાસઘાત કરવો નહિ.

૬. પરનિન્દાથી દૂર રહેવું.

૭. પુરુષાર્થને અગ્રતા આપી, સતત કાર્યશીલ રહેવું.

૮. નિઃસ્વાર્થ સેવા કરવી.

૯. અહમ્‌નો ત્યાગ કરવો.

આપ સહુને મારા આશીર્વાદ છે.

卐



Scanned by CamScanner

# આશીર્વચન

ગાયત્રીમાતાનાં વહાલાં બાળકો,

તમે પરમ તત્ત્વની કૃપા ઇચ્છો છો કે પ્રેમ?

જો તમે માત્ર કૃપા ઇચ્છતા હશો તો અમુક પૂજાવિધિ કે ક્રિયા-કર્મ તથા નિયમિતપણે કરાતાં સંધ્યાવંદનથી તે મેળવી શકશો. પરંતુ જો પરમ તત્ત્વનો પ્રેમ પ્રાપ્ત કરવો હશે, પરમેશ્વરીનું વાત્સલ્ય અને મમતા મેળવવાં હશે તો નિયમિત ઉપાસનાની સાથોસાથ ઈશ પ્રત્યેનો અનન્ય ભક્તિભાવ, અડગ શ્રદ્ધા અને સંપૂર્ણ શરણાગતિની ઊંડી ભાવના પણ કેળવવી જ પડશે. તે માટે સદ્‌વિચાર અને સદ્‌ગુણો તથા સદાચાર પણ એટલાં જ મહત્ત્વનાં બની રહે છે. ઉપાસનાનો અર્થ છે: ઈશ્વરની સમીપ જવું. પરમ તત્ત્વના સાતત્યપૂર્ણ સ્મરણથી મનુષ્યનું મન-હૃદય જ્યારે સ્વચ્છ, નિર્મલ અને સદ્‌ગુણમય બને છે ત્યારે આપોઆપ જ તે પરમનું મંગલમંદિર – નિવાસસ્થાન બની જાય છે! સંત કબીરે એટલે જ કહ્યું છે કે—

કબીરા મન નિર્મલ ભયો, જૈસે ગંગા નીર,
(અબ) મેરે પીછે પીછે હરિ ફિરે, કહત કબીર, કબીર!

પરમ પ્રત્યે જતાં પ્રેમમાર્ગમાં અનેકાનેક વિઘ્નો છે, સંકટો છે, કંટકો છે....પરંતુ તે માર્ગે જનાર યાત્રીની શ્રદ્ધા દૃઢ હશે, શરણાગતિ અચળ હશે અને હૃદયમાં પ્રભુ પ્રત્યેના પ્રેમનો મહાસાગર ઘુઘવતો હશે તો તે વિઘ્નો જ તેની શ્રદ્ધા–શરણાગતિને વધુ બળવાન બનાવશે, સંકટો સ્વયં સુખકર થશે અને કંટકો સુમન બની જશે....



Scanned by CamScanner

મેં મારા સ્વાનુભવમાંથી જે નવ સૂત્રો નિશ્ચિત કર્યાં છે, તે જ મારા માટે તો સાક્ષાત્કાર સુધી પહોંચવાનાં નવ સોપાનો બની રહ્યાં છે. મા વેદજનનીની શરણાગતિ લઈને અડગ શ્રદ્ધાથી જીવનપથ પર આવેલાં તમામ સંકટો અને આફતો સામે હું મહામંત્રના અજેય શસ્ત્રથી ઝઝૂમ્યો છું. મેં ક્યારેય પરમેશ્વરી સમક્ષ કોઈ ફરિયાદ કરી નથી કે કોઈ ભૌતિક સહાયની અપેક્ષા નથી રાખી. છતાં આપ સહુ જાણો છો કે મારા જીવનના કપરા કાળમાં અનેકાનેક મુશ્કેલીઓમાં એ સબસમર્થ જનેતાએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મને સહાય તો કરી જ છે....શા માટે? તેના પરિબળરૂપે હું બાળસહજ શરણાગતિ અને શ્રદ્ધા સાથે પરમેશ્વરી પ્રત્યેના મનસા, વાચા, કર્મણા – પવિત્ર પ્રેમને જ આગળ કરું છું. એટલે જ; મારી પાસે આવનાર દરેકને હું સૌ પ્રથમ શ્રદ્ધા, શરણાગતિ અને સ્મરણની સાથોસાથ મન-વચન-કર્મથી પવિત્રતા રાખવાની પણ હિમાયત કરું છું.

મારા કેટકેટલા પૂર્વજન્મોનાં પુણ્યબળ અને ભક્તિનું ભાથું મારા જન્મસમયથી જ જગતજનનીને મારી સમીપે લાવ્યું હશે તે કહેવું મુશ્કેલ છે, પરંતુ સમજણો થયો ત્યારથી તે સર્વજ્ઞ મહાશક્તિની આંગળી ઝાલીને જ જીવનપથ પર પા પા પગલી કરતો હું આજે આધ્યાત્મિકતાના શિખર સુધી પહોંચી શક્યો છું એ સ્પષ્ટ છે. અનભિજ્ઞ સ્થિતિમાં પણ મારું શૈશવ, બાલ્યાવસ્થા અને તારુણ્ય વેદજનનીના વાત્સલ્યથી ભીંજાતાં રહ્યાં છે એટલું જ નહિ, મારા વ્યક્તિગત સામાજિક, વ્યાવસાયિક તથા આધ્યાત્મિક જીવનમાં ઉત્તરોત્તર થયેલાં પરિવર્તનો અને વિકાસક્રમની પૃષ્ઠભૂમિ પર પણ મધુરું સ્મિત કરતી માતાજીની છબી જ દૃશ્યમાન થાય છે....

ઈ. સ. ૧૯૩૨થી ૧૯૯૨ સુધીની આયુષ્યયાત્રાનાં પ્રત્યેક વર્ષે ભિન્ન-ભિન્ન સ્વરૂપે માતાજીએ પધારીને મારી દરેકેદરેક



Scanned by CamScanner

વર્ષગાંઠને પરમ સમીપના પ્રસંગનું બિરદ અર્પણ કર્યું છે તે હકીકત પર સ્વયં વેદજનનીએ જ સ્મૃતિનો પ્રકાશ પાડ્યો છેક ૧૯૯૧માં! મારું ભૌતિક આયુષ્ય ષષ્ઠીપ્રવેશ પામ્યું ત્યારે "વેદજનનીની સ્મૃતિથી સાક્ષાત્કાર"ના પ્રથમ પુસ્તકમાં ૧૯૫૩થી ૧૯૭૫ સુધીનાં અને તે પછીના પ્રસંગોનું નિરૂપણ થયું.

પરંતુ, ૧૯૯૧ના જુલાઈ–ઑગસ્ટ મહિનાઓ અને ૧૯૯૨ દરમિયાન ક્રમશઃ મારાં બાળપણ, કિશોરાવસ્થા અને યુવાની તથા નોકરીનાં વર્ષોમાં બનેલા માતાજીની ઉપસ્થિતિવાળા પ્રસંગોનું દર્શન મને તેમણે જ સ્વપ્ન ને ધ્યાન જેવાં માધ્યમોથી કરાવ્યું. ત્યારે 'વેદજનનીની સ્મૃતિથી સાક્ષાત્કાર'નું આ દ્વિતીય પુસ્તક સાકાર કરવાની આવશ્યકતા જણાઈ. માતાજીની પ્રેરણા થકી તે પણ થયું.

માતાજી પોતાના ભક્તબાળનું ડગલે ને પગલે કેટલું ધ્યાન રાખે છે, પ્રસંગોપાત તેની કેવી સંભાળ રાખે છે અને વહાલપની કેવી વર્ષા કરે છે તે તો પ્રસ્તુત પુસ્તકમાં સમાવિષ્ટ પ્રસંગો જ કહી જાય છે....!

મને તો આજે પણ માતાજીએ અતીતમાં જુદા જુદા સ્વરૂપે લડાવેલાં લાડ-પ્યાર ને વહાલ-દુલાર વાગોળવા ગમે છે....

મારા શૈશવની માવજત કરતી મા ....મારા બાળપણને રમાડતી માવલડી ....મારા માથે અને બરડે મૃદુ હાથ પસવારતી મા ....પુરાણીકાકાને ત્યાં ભાવિનું કથન કરી ભાવમાં ભીંજવતી જગજનેતા ....શાળામાં શિક્ષિકારૂપે આવી વિદ્યાને વિભૂષિત કરતી વિશ્વેશ્વરી ....મને પુરસ્કૃત કરતી પરમેશ્વરી ....ક્યારેક મહાદેવના મંદિરમાં કેળાંનો પ્રસાદ ખવરાવતી અન્નપૂર્ણેશ્વરી તો ક્યારેક મને લૂંટવા આવેલા લૂંટારુના કાનમાં મારી ઓળખ આપી જતી અગોચરી ....ખાડામાંથી મને બહાર કાઢવા આવી ચઢેલી



Scanned by CamScanner

ગ્રામ્યમાતા ....દૂધના પ્યાલા બદલી વિષનું અમૃત કરી જતી મહામાયા ....હા–


— આજે પણ માતાજીનાં એ તમામ સ્વરૂપો મારા હૃદયની આસપાસ જ છે ક્યાંક. સાક્ષાત્કાર પછી પણ અન્ય સ્વરૂપે મારી સન્મુખ આવી આજે પણ એવી જ મમતામાં ભીંજવી દયે છે મને....!

મેં હંમેશ માતાજીને यथेच्छसि तथा कुरु કહ્યું છે, કહું છું અને કહેતો રહીશ.

એ સર્વસમર્થ જગજનનીના શિસ્તબદ્ધ સૈનિક બનીને સમગ્ર જગતના દીનદુ:ખી માનવબંધુઓની સેવા કરી શકું એટલી જ ઇચ્છા ગણો તો ઇચ્છા ને અપેક્ષા ગણો તો અપેક્ષા છે.

મારા આપ સહુને આશીર્વાદ છે.

□



# અનુક્રમ


| | |
|---|---|
| વિશ્વસંદેશ | ૧ |
| આશીર્વચન | ૭ |
| દિવ્યસ્મૃતિ શૈશવની.... | ૧ |
| શિક્ષકના ગૃહે | ૮ |
| બાપુજીના દવાખાને | ૧૦ |
| બાને મળવા | ૧૧ |
| સ્કાઉટની શિબિરમાં | ૧૧ |
| રમત-ગમતની સ્પર્ધા | ૧૪ |
| કેળાનો પ્રસાદ | ૧૬ |
| શાળાના વાર્ષિક દિને | ૧૮ |
| પુરાણીકાકાના નિવાસે | ૨૧ |
| સમય સમયનું કામ કરશે ! | ૨૩ |
| તમે મને લૂંટ્યો કેમ નહિ ? | ૨૬ |
| વેદજનનીની સ્મૃતિ | ૩૨ |
| મારે ખીચડી ખાવી છે ! | ૩૫ |
| કાર્યયજ્ઞમાં ઉપસ્થિતિ | ૩૭ |
| સ્વર્ગ જોવું છે ? | ૪૦ |




Scanned by CamScanner

સાચો સૈનિક રડે કે? ૪૪

સ્ફૂર્તિનો સંચાર ૪૭

"હું અહીં જ છું....!" ૪૮

"હું નવ વાગ્યે આવું છું....!" ૫૧

અવિસ્મરણીય ક્ષણો! ૫૫

રાસનો રસોત્સવ ૫૯

સ્વપ્નસિદ્ધિ–પિતાજીનું આધ્યાત્મિક દર્શન ૬૪

ગ્રામ્યમાતાના સ્વરૂપે ૬૭

"તમને તો ઠંડું દૂધ ભાવે છે ને?" ૬૮

ૐ મા ૐ ૭૨

હે જગજનની, તારા બાળકુંવરની
ષષ્ઠીપૂર્તિ ઉજવાતી! મુંજદેવ ૭૫





Scanned by CamScanner

# દિવ્યસ્મૃતિ શૈશવની...

અનેક જન્મોના સત્કર્મોના પુણ્યબળ અને પરમ પ્રત્યેના અસીમ ભક્તિભાવની ફલશ્રુતિરૂપે મનુષ્ય આખરે એક જન્મ એવો પામે છે, જેની ગણના 'અવતાર'માં થાય છે. સમગ્ર બ્રહ્માંડના સંચાલક–પાલક–વિનાશકબળ તરીકે વર્ણવાયેલી જગતજનની મહાશક્તિ સાથે આવા અવતારી પુરુષો અલૌકિક સંબંધે બંધાય છે અને એ વિશ્વંભરીની ઇચ્છાનુસાર એના વ્હાલસોયા ભક્ત–બાળરૂપે સંસારમાં એક જ્યોતિર્ધર બનીને આવે છે; સમષ્ટિના કલ્યાણ અર્થે સત્કાર્યો કરે છે તથા એ પરમશક્તિનાં શ્રીચરણ સુધીનો સન્માર્ગ પોતાના અન્ય માનવબંધુઓને દર્શાવે છે. ભારત-વર્ષમાં અને સમગ્ર જગતના વિશાળ પટ પર આજ સુધીમાં આવા અનેક અવતારી પુરુષો થયા છે, જેને લોકો સંત, ઉપાસક, મહાત્મા, પયગમ્બર, આચાર્ય, સ્વામી વગેરે ભિન્ન–ભિન્ન વિશેષણો દ્વારા વિભૂષિત કરે છે. આવી મહાન વિભૂતિઓનું તેજ સંસારના લૌકિક વાતાવરણમાં ગોપિત ન રહેતાં પોતાનો દ્યુતિમય પરિચય અનાયાસે જ સમગ્ર સૃષ્ટિને આપી દયે છે.

જન્મથી જ આવા ઓજસી મહાત્માઓની પ્રતિભા પ્રકાશી ઊઠે છે, પરંતુ સાંસારિક સંબંધો અને વ્યવહારોનાં પડળોને કારણે કેટલીકવાર જગત આવા ઓલિયાઓની સાચી ઓળખ લાંબા સમય

Scanned by CamScanner

બાદ પામી શકે છે. તેઓનાં બાળપણ, યુવાવસ્થા વગેરે સમય-ગાળામાં પણ પરમતત્વ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેમની સમીપે જ રહે છે. તેમનો શારીરિક, માનસિક, સામાજિક ને આધ્યાત્મિક વિકાસ પણ પરમતત્ત્વની–ઈશ્વરની સીધી દેખરેખ હેઠળ જ થતો હોય છે તેમ પણ કહી શકાય. સાક્ષાત્ પરમાત્મા પણ અલૌકિક સંબંધના કારણે જુદા–જુદા રૂપે, જુદી–જુદી પરિસ્થિતિઓમાં પોતાના 'વ્હાલસોયા'ને દર્શન આપી તેનું માર્ગદર્શન કરે છે; સ્વસર્જિત સંકટો અને સાંસારિક વિટંબણાઓમાંથી તે ભક્તને પસાર કરી, અંતે એક ઉત્તમ આધ્યાત્મિક પદની પ્રાપ્તિ કરાવે છે. પોતાની યોગજન્ય સિદ્ધિઓ અને પરમાત્માએ પ્રદાન કરેલી વિવિધ શક્તિઓ દ્વારા આવા પરદુ:ખભંજન વિશ્વાત્માઓ પરમાર્થનાં કાર્યો કરે છે અને પીડિત માનવબંધુઓને સહાયરૂપ થાય છે.

'સ્વ'નો સાક્ષાત્કાર કરીને 'ત્વ'નો સાક્ષાત્કાર આવા વિભુના વહાલાઓ સરળતાથી કરી શકે છે.

એવા જ એક દિવ્ય આત્માએ ગુર્જરધરા ( ગુજરાત ) પરના પંચમહાલ જિલ્લાના ગોધરા ગામે દવેકુળમાં દેહ ધારણ કર્યો.

ઈ. સ. ૧૯૩૨ની એ સાલ.

સપ્ટેમ્બર મહિનાની સાતમી તારીખ.

ગોધરાના સુપ્રસિદ્ધ વૈદરાજ બાપુલાલ દવેને ત્યાં પુત્રરત્નરૂપે આ વિલક્ષણ વિભૂતિએ જન્મ લીધો. માતા પરસનબાના હરખનો પાર ન રહ્યો. એટલું જ નહિ, વૈદરાજનાં સગાં-સંબંધીઓ ઉપરાંત આખા ગોધરા ગામને આનંદ થયો, કારણ કે—

—સમગ્ર ગોધરા પંથકમાં વૈદરાજ બાપુલાલ દવેની સેવાવૃત્તિની સુવાસ તે સમયે પ્રસરેલી હતી. આખું ગોધરા ધર્મપરાયણ અને પરગજુ એવા વૈદરાજને ઓળખે. તેમના આખા દિવસના નિત્યક્રમ દરમિયાન શ્વાસે–શ્વાસે પરમ સમીપના શ્લોકો મુખરિત થયા કરે. વૈદકીય વ્યવસાયના સ્વીકાર છતાં તેમણે ક્યારેય અર્થોપાર્જનને વ્યવસાયનું લક્ષ્ય ગણ્યું ન હતું. વળી, કોઈ ભૂખ્યાંજનની આંતરડી ઠારવામાં વૈદરાજને અનન્ય સંતોષ પ્રાપ્ત થતો. તેમનું દવાખાનું જ જાણે દેવમંદિર હતું! વૈદરાજનાં ધર્મપત્ની પરસનબા પણ સાચા અર્થમાં સહધર્મચારિણી હતાં. તેમના પ્રભુમય જીવન અને ધાર્મિક સ્વભાવથી સહુ પરિચિત હતાં. આવા મંગલમય દામ્પત્યના સાફલ્યરૂપે જ સહજનહારે તેમને દેવાધિદેવ જેવો દીકરો દીધો, એટલે જ દીકરાનું નામ રાખવામાં આવ્યું :

નરેન્દ્ર.

'પુત્રનાં લક્ષણ પારણાંમાંથી' કહેવત પ્રમાણે જાણે જગત માટે જ જન્મ્યો હોય તેમ નરેન્દ્ર સહુને વહાલો લાગે. ચંદ્રમાની કળાને ય લજવે તેવી મુખકાંતિ. સુડોળ, સુંદર ને ખિલખિલાટ કરતું શૈશવ. આવું બાળક કોને વહાલું ન લાગે? અડોશ–પડોશની ને ગામની મહિલાઓ માતૃસહજ વાત્સલ્યથી આ ગૌર 'કૃષ્ણ'ને રમાડવા આવે. ગામ આખાનો આ લાડકવાયો 'पलंग पीठ तजी गोद हींडोरा' જેવા લાડ–કોડમાં એક વરસનો થઈ ગયો.

નરેન્દ્રનો પ્રથમ જન્મદિવસ આવ્યો.

૭ મી સપ્ટેમ્બર, ૧૯૩૩નો એ દિવસ.

પિતા બાપુલાલ દવે અને માતા પરસનબા નરેન્દ્રની બાળસહજ

Scanned by CamScanner

ચેષ્ટાઓ નિહાળીને આનંદ પામતાં પોતાના લાડલાને રમાડતાં હતાં તેવામાં....

કોઈ અજાણ્યાં બહેન પરિચિતની જેમ જ ઘરમાં પ્રવેશે છે.... વૈદરાજ અને પરસનબાને 'જય શ્રીકૃષ્ણ' કરીને એક ઝભલું તે બહેન "આ ઝભલું – નરેન્દ્ર માટે લાવી છું...." કહીને તેમને આપે છે....

વૈદરાજ અને પરસનબા આગન્તુક સન્નારીને ઓળખતાં નથી છતાં તેમના પરિચય વિશે પૃચ્છા કરવાની કલ્પના પણ કરી શકતાં નથી ! તે બહેનનાં નયનો ખિલખિલ હસતાં નરેન્દ્રને નિહાળી રહ્યાં છે.... તેમની આંખોમાંથી અમીવર્ષા અને સમગ્ર વ્યવહારમાંથી વાત્સલ્ય અવિરત વરસી રહ્યાં છે....અચાનક રૂપાની ઘંટડી જેવો સ્વર રણકે છે....

"બાબાને પાંચ વર્ષ સુધી દૂધ અને ફળ જ આપજો....અનાજ ના આપશો." વૈદરાજને ઉદ્દેશીને તે બહેન જાણે કે અધિકારપૂર્ણ સૂચન કરે છે....

વૈદરાજ પણ તે બહેનના સૂચનને વધાવીને મૂક સંમતિ દર્શાવે છે....

થોડીવાર નરેન્દ્રને રમાડી તે બહેન વિદાય થાય છે....બ્રાહ્મણ દંપતી પોતાના દીકરા માટે મોંઘેરું ઝભલું ભેટ ધરીને વિદાય થતાં એ મમતાની મૂર્તિમંત પ્રતિભા સમા અજાણ્યાં બહેનને નિહાળી રહે છે.

આ પ્રસંગ પછી તો વિસરાઈ પણ ગયો. જો કે વૈદરાજને તે સન્નારીનું સૂચન બરાબર યાદ રહી ગયું હોવાથી તેમણે લાડલા

નરેન્દ્રને અનાજ ન આપતાં માત્ર દૂધ અને ફળ પર જ રાખ્યો હતો. સમયની સાથોસાથ ભાખોડિયાં ભરતો નરેન્દ્ર સુદ પખવાડિયાના ચંદ્રની જેમ મોટો થતો ગયો....

૧૯૩૪ની સાતમી સપ્ટેમ્બર. નરેન્દ્રનો બીજો જન્મદિવસ. હવે તો બે વર્ષનો નરેન્દ્ર તોતડી – કાલી-ઘેલી – વાણીમાં થોડું થોડું બોલે છે પણ ખરો....! તેનો આ જન્મદિન ધીરે ધીરે પૂર્ણતા તરફ જઈ રહ્યો હતો ત્યારે....

રાત્રિનો સમય છે. ઘડિયાળમાં અગિયારના ડંકા પડે છે. આખું ગોધરા ગામ નિદ્રાદેવીના સુખકર ખોળે જંપી ગયું છે. વૈદરાજ અને પરસનબા પણ નિદ્રાધીન થઈ ગયા છે પરંતુ—

—પારણામાં પોઢેલા બાળક નરેન્દ્રની આંખો હજુ પલકારા મારે છે....ત્યાં જ....બે ઋજુ કરકમલોમાં તે તેડાય છે. ઓરડામાં ઊભેલા સમયને આશ્ચર્ય થાય છે : આખું ગામ નિદ્રાવશ છે – ઘરમાં પણ કોઈ જાગતું નથી ત્યારે....કોણ છે આ યુવતી ?

બાળક નરેન્દ્રને તેડીને તે યુવતી પલંગમાં પોઢે છે. પોતાના પડખામાં નરેન્દ્રને સુવડાવીને માતૃસહજ ભાવથી તેના ગાલે હળવી ટપલી મારી તેને રમાડે છે. બાળક ખિલખિલાટ કરતું હસી ઊઠે છે ! તેના સુકોમલ શરીર પર તે તેજસ્વી નારીના લાગણીસભર મૃદુ હાથ ફરી રહ્યા છે. ક્યારેક વળી પોતાના ઝગારા મારતાં કંઠહારથી, તો ક્યારેક હાથના કંકણથી નરેન્દ્રને પ્રસન્નચિત્તે તે યુવતી રમાડે છે....કાલી-ઘેલી ભાષામાં વાતો કરે છે....નરેનને "મા" બોલતાં શીખવે છે !

કાલિન્દી સમી શર્વરી અવિરતપણે વહેતી રહે છે....ઘડિયાળના ડંકા વહેલી સવારના ચાર વાગ્યાની દાંડી પીટે છે. બ્રાહ્મમુહૂર્તના

Scanned by CamScanner

પાવન સમીરની લ્હેરખીઓ વાતાવરણને માંગલ્ય પ્રદાન કરે છે ત્યારે....સતત પાંચ કલાક સુધી બાળ નરેન્દ્રને રમાડી તે યુવતી ફરી તેને પારણામાં સુવાડીને ચાલી જાય છે....આ આખીય ઘટનાથી વૈદરાજ અને પરસનબા તદ્દન અજાણ રહે છે....નરેન્દ્રનું શશવી માનસ પણ આ પ્રસંગને તરત જ વિસરી જાય તે સ્વાભાવિક છે....

હવે સમયનાં નેત્રો ૭ મી સપ્ટેમ્બર, ૧૯૩૫ પર મંડાઈ ચૂકયાં હતા....તે દિવસની પસાર થતી એક-એક ક્ષણોને ખાતરી હતી કે આજે નરેન્દ્રનો જન્મદિન હોવાથી કોઈ વિશેષ ઘટના અવશ્ય સર્જાશે જ....

અને....એવું જ થયું.

ત્રણ વરસના નરેન્દ્રને લઈને પરસનબા ઘરની સામે જ રણછોડરાયના મંદિરે દર્શન કરવા ગયાં હતાં. મંદિરે ગામની ઉંમરવાન મહિલાઓ અને અન્ય ભક્ત ભાઈ-બહેનો દર્શન માટે આવતાં-જતાં પરસનબાને "જય શ્રીકૃષ્ણ" કરીને નરેન્દ્રને રમાડી લેતાં હતાં. તે સમયે અનુપમ લાવણ્ય ધરાવતાં કોઈ બહેને પરસન-બાની પાસે આવીને નરેન્દ્રને તેડી લીધો ને થોડે દૂર જઈ નરેન્દ્રને રમાડવા લાગ્યાં. પરસનબા પોતાના હૃદયના ટુકડાને તે બહેનની મમતાની છાંયમાં રમતો નિહાળી રહ્યાં. થોડીવાર પછી નરેન્દ્રને પુનઃ પરસનબાના હાથમાં સોંપી તે બહેને વિદાય લીધી. પોતાનાં સોહામણા દીકરા પર કોઈપણ સ્ત્રીને માતૃસહજ લાગણી ઉત્પન્ન થાય તે સ્વાભાવિક છે તેમ વિચારીને પરસનબાએ આ પ્રસંગને સામાન્ય ગણી વિસારે પાડયો.

હવે તો આ વાર્ષિક નિત્યક્રમ થઈ ગયો! હંમેશા નરેન્દ્રના પ્રત્યેક જન્મદિવસે કોઈ ને કોઈ અજાણી સ્ત્રી તેને રમાડવા આવી

Scanned by CamScanner

જતી. ક્યારેક સહુની નજર સામે, તો ક્યારેક છૂપી રીતે....પરંતુ અગાઉ કહ્યું તે મુજબ, પ્રથમ દષ્ટિએ જ કોઈને પણ ગમી જાય તેવો રૂપાળો બાળક નરેન્દ્ર, ગમે તે જાણીતી–અજાણી સ્ત્રીને પણ વહાલો લાગે તેમાં કોઈ વિશિષ્ટ બાબત નહોતી, તેથી આવા પ્રસંગો તેના જીવનના પ્રત્યેક વર્ષે – તેના જન્મદિવસે – ખૂબ જ સામાન્ય રીતે આવ્યા અને ગયા....એટલે જ....

૧૯૩૬માં નરેન્દ્રના મોસાળ લુણાવાડામાં તેના મામાને ઘેર પણ ૭ મી સપ્ટેમ્બરે કોઈ અજાણ્યાં બહેને નરેન્દ્રને રમાડયો અને વહાલપની વર્ષા વરસાવી ત્યારે ચાર વર્ષનો તે બાળક આંખો પટપટાવતો તેમને માસુમિયતથી નિહાળી રહ્યો....

૧૯૩૭ની સાલમાં ૭ મી સપ્ટેમ્બરે પાંચ વર્ષના થયેલા નરેન્દ્રને કોઈ સન્નારી–ગોધરા–તેના ઘેર આવીને મમત્વથી રમાડવા લાગ્યાં....વૈદરાજના જૂનાં ઘેર – વીરપુરમાં પણ ૧૯૩૮ની ૭મી સપ્ટેમ્બર કોઈ મમતાળુ મહિલાના નરેન્દ્ર પરના વહાલથી ભીંજાઈ ગઈ....

સમયના કદી ન થાકનારા ચરણો કદમ પર કદમ માંડયે જતાં હતાં....હવે નરેન્દ્ર સાતમા વર્ષમાં પ્રવેશ કરવાનો હતો....૧૯૩૯ની ૭મી સપ્ટેમ્બરની રાત્રિ ગોધરામાં વદરાજને ત્યાં થંભી ગઈ....કારણ કે નિદ્રાદેવીના ખોળલે પોઢી ગયેલા નરેન્દ્રને કોઈ યુવતી ભાવભર્યાં નયને નિહાળતી મમતાળુ હાથે તેના નિદ્રાધીન શરીરને પસવારતી, પંપાળતી ધીમેથી આશીર્વચનો ઉચ્ચારતી હતી....આ બાબતની જાણ વૈદરાજ કે પરસનબા બંનેમાંથી કોઈને થઈ નથી.

૧૯૪૦ની સપ્ટેમ્બર મહિનાની સાતમી તારીખ....વિદ્યાભ્યાસ માટે શાળાએ ગયેલા વિદ્યાર્થી નરેન્દ્રના મસ્તકે વાત્સલ્ય-

Scanned by CamScanner

સભર હાથ ફેરવી તેને વહાલ કરીને તેનાં શિક્ષિકાબહેન આશીર્વાદની અમીવર્ષા કરે છે.... આઠ વર્ષનો નરેન શિક્ષિકાબહેનના મુખારવિંદની ઓજસપૂર્ણ આભા નિહાળી રહે છે.... તો વળી બરાબર એક વર્ષ પછી એટલે કે ૧૯૪૧ના સપ્ટેમ્બર મહીનાની ૭ મી તારીખે, ગોધરામાં નરેન્દ્રના ઘરની સામેના રણછોડજીના મંદિરે ૯ વર્ષના નરેન્દ્રના શરીરે હાથ પસવારી કોઈ વૃદ્ધ પરંતુ જાજવલ્યમાન માજી તેને ઊંડાણમાંથી ઉદ્દભવતા આશીર્વાદ પાઠવે છે.... તો ૧૯૪૨ની ૭મી સપ્ટેમ્બરે ગોધરાના અંકલેશ્વર મહાદેવના મંદિરે કોઈ પ્રૌઢા નરેન્દ્રને માથે અને બરડે હાથ પસવારી આશીર્વાદ આપે છે....

ક્યારેક દફતર ખભે લટકાવી મસ્તીથી નિશાળે જતા નરેન્દ્રને રસ્તામાં ઊભો રાખી કોઈ અજાણ્યાં બહેન જનેતાસહજ વાત્સલ્યથી વહાલ કરીને આશિષ આપે છે.... અને.... હંમેશની જેમ તે દિવસ પણ નરેન્દ્રનો જન્મદિન છે....૭મી સપ્ટેમ્બર, ૧૯૪૩! આ જાણીતું દૃશ્ય નિરખતી પ્રકૃતિ મનોમન બોલી ઉઠે છે....

"ના, ના.... આ યોગાનુયોગ નથી!"

□

## શિક્ષકના ગૃહે

હવે નરેન્દ્ર નાનકડું અબુધ બાળક નથી....શિક્ષકોનું હૃદય જીતી જનારો નિયમિત ને તેજસ્વી વિદ્યાર્થી છે....તેની ઉંમર હવે બારમા વર્ષમાં યાત્રા કરતી સમજણની એક કક્ષા પર આવી ઊભી છે! જે–તે વિષયના શિક્ષકો નરેન્દ્રની નિયમિતતા અને અભ્યાસ-કુશળતા પર પ્રસન્ન છે....તેથી જ તો ક્યારેક કોઈ અભ્યાસગત

મૂંઝવણ ઉપસ્થિત થાય ત્યારે નરેન્દ્ર નિઃસંકોચ પોતાના શિક્ષકના ઘેર જઈને તે વિશે માર્ગદર્શન મેળવે છે.... તેનો ઉત્સાહ શિક્ષકોને પણ આનંદિત કરે છે!

૭મી સપ્ટેમ્બર ૧૯૪૪નો એ દિવસ.

નરેન્દ્ર પોતાના શિક્ષકના ઘરે અભ્યાસાર્થે ગયો, ત્યારે ત્યાં ૨૫–૩૦ વર્ષની ઉંમરનાં એક યુવાન બહેન, કોઈ વિદ્યાર્થીના ટ્યુશન અંગે શિક્ષક સાથે વાતચીત કરી રહ્યા હતા.

નરેન્દ્ર આ જોઈને શાંતિથી એક તરફ બેસી ગયો. શિક્ષકે તેને જોઈને સ્મિતથી જ આવકાર આપ્યો. ચર્ચા સમાપ્ત થયા પછી પેલાં બહેને નરેન્દ્ર સામે લાગણીસભર દૃષ્ટિ કરી શિક્ષકને પૂછ્યું:

"આ બાળક કોણ છે?"

"આ અમારા ગોધરાના વૈદ્યબાપા બાપુલાલકાકાનો દીકરો છે – નરેન્દ્ર...."

શિક્ષકે નરેન્દ્રની ઓળખાણ આપી પ્રસન્નતાથી કહ્યું: "ભણવામાં અને બીજી બધી રીતે પણ આ બાળક બહુ તેજસ્વી છે....!"

પેલાં બહેનના મુખ પર સ્મિત રેલાયું. નરેન્દ્રના મસ્તકે અને બરડે હાથ પસવારી તેમણે પોતાના હૃદયમાં ઊભરી આવેલી મમતા દર્શાવી. તેને આશીર્વાદ આપી તે બહેને વિદાય લીધી. નરેન્દ્ર અને તેના શિક્ષક તે માયાળુ મહિલાને વિદાય થતી નિહાળી રહ્યા....

□

Scanned by CamScanner

# બાપુજીના દવાખાને

આ પ્રસંગ પછી બરાબર એક વર્ષ વીતી ગયું. હવે નરેન્દ્ર જીવનના ૧૩મા વર્ષમાં અને સાથોસાથ કિશોરાવસ્થાના પ્રાંગણમાં પ્રવેશવા થનગની રહ્યો હતો. ઉંમરની સાથોસાથ જ તેનામાં કિશોરસહજ સમજણ અને બૌદ્ધિક વિચારશક્તિનો વિકાસ થતો જતો હતો.

નરેન્દ્રને તબીબી વ્યવસાય ગમતો. પિતા બાપુલાલ વૈદના વ્યાવસાયિક જીવનવ્યવહારની કિશોર નરેન્દ્રના માનસ પર ખૂબ જ ઊંડી અને અમીટ છાપ પડી હતી. તેના હૃદયના ઊંડાણમાં તબીબ બનવાની સ્વપ્નિલ ઇચ્છા પણ આકાર લઈ રહી હતી. એટલે જ તે ક્યારેક તેના પિતાજીના દવાખાને જઈ ચડતો. દર્દીઓને આશ્વાસન અને ઔષધ આપવાની પિતાજીની સહાનુભૂતિપૂર્ણ પદ્ધતિ તે નિરખી રહેતો. રોગમુક્ત થઈ રહેલાં દર્દીઓના ચહેરાઓ પર ઝળકતી ખુશીનું દર્શન કરવામાં તેને અનન્ય આનંદ પ્રાપ્ત થતો.

તે દિવસે નરેન્દ્રનો જન્મદિન હતો – ૭મી સપ્ટેમ્બર ૧૯૪૫. સાંજનો વખત હોવાથી નરેન્દ્ર પિતાજીના દવાખાને ગયો. તે હજુ દવાખાનાનાં પગથિયાં જ ચઢતો હતો, ત્યાં તેની દૃષ્ટિ દવાખાનાની અંદર પડી. અંદર કેટલાંક દર્દીઓ બેઠાં હતાં. તેના પિતા વદરાજ ૨૫-૩૦ વર્ષની ઉંમરનાં કોઈ બહેન સાથે કંઈક ગંભીર વાતચીત કરી રહ્યાં હતાં. નરેન્દ્ર તેમની વાતોમાં વિક્ષેપ ન થાય તે માટે અંદર પ્રવેશી, પિતાજીની બેઠકની એક તરફ ઊભો રહ્યો. વાતચીત પૂરી થયા બાદ અનન્ય પ્રતિભા ધરાવતાં પેલાં બહેન, નમ્રતાથી ઊભેલા નરેન્દ્ર તરફ ફર્યાં અને સસ્મિત તેના માથે અને પીઠ પર

Scanned by CamScanner

હાથ પસવારી તેને આશિષ આપ્યા. તેમણે જ્યારે વિદાય લીધી ત્યારે નરેન્દ્ર તેમને જતાં જોઈ રહ્યો હતો અને વૈદરાજ અન્ય દર્દીઓને તપાસવામાં તલ્લીન હતાં....

□

## બાને મળવા

એકવાર નરેન્દ્ર ઘરનો દાદર ઉતરતો હતો ત્યારે આધેડ ઉંમરનાં એક બહેનને તેણે પોતાના આંગણે ઊભેલાં જોયાં. સૌમ્ય મુખાકૃતિવાળાં તે બહેને નરેન્દ્રને ઉતરતો જોઈને સસ્મિત પૂછ્યું :

" તારાં બા ઘેર છે, બેટા ?"

" હા, ઉપરના માળે છે...." નરેન્દ્ર ટૂંકમાં પતાવ્યું. પરંતુ પેલાં બહેને તો તેના બરડે હાથ પસવારીને આશીર્વાદ પણ આપ્યા. પછી બહાર જવા નીકળેલો નરેન્દ્ર ત્યાંથી 'બાને મળવા કોઈ આવ્યું હશે' એવું વિચારીને જતો રહ્યો. તે દિવસે ૧૯૪૬ની ૭મી સપ્ટેમ્બર હતી.

□

## સ્કાઉટની શિબિરમાં

સર બેડન પોવેલ પ્રેરિત સ્કાઉટીંગ પ્રવૃત્તિનો ઉદ્ભવ ઇંગ્લેન્ડમાં થયો. વિશ્વયુદ્ધથી થતી ખુવારીથી વ્યથિત થઈને તેમણે આ

પ્રવૃત્તિની શરૂઆત કરી અને જોતજોતામાં તો વિશ્વનાં ઘણાં બધાં દેશોમાં તેનો વિકાસ થયો.

આ પ્રવૃત્તિમાં અભ્યાસકાળ દરમિયાન જ કિશોરોને સાહસ, શૌર્ય અને શિસ્તની શારીરિક-માનસિક તાલિમ આપવામાં આવે છે. તેમનામાં દેશપ્રેમ, ભાઈચારો તથા પરોપકારની ભાવનાઓ વિકસે, તેમનાં શરીર ખડતલ અને મનોબળ મજબૂત થાય તે માટે શિબિરો અને કાર્યક્રમોનું આયોજન જે-તે શાળાઓના સ્કાઉટીંગ પ્રવૃત્તિના સંચાલક શિક્ષકો દ્વારા કરવામાં આવે છે. મરજિયાતપણે આ પ્રવૃત્તિ શાળામાં ચાલતી હોય છે.

નરેન્દ્ર જે શાળામાં અભ્યાસ કરતો હતો તે શાળામાં પણ સ્કાઉટીંગ પ્રવૃત્તિ ચાલતી હતી. સાહસ અને શૌર્ય તો નરેન્દ્રની નસેનસમાં વહેતાં હતાં. તે પણ આ પ્રવૃત્તિમાં સ્કાઉટ તરીકે જોડાયો હતો. તેને આવી પ્રવૃત્તિમાં ખૂબ જ રસ હતો.

૧૯૪૭ની સાલમાં શાળા તરફથી પાવાગઢ–માચી ખાતે એક સ્કાઉટ-શિબિરનું આયોજન કરવામાં આવ્યું. શાળાના સ્કાઉટ–સંચાલક શિક્ષકો અને અન્ય વિદ્યાર્થીઓ સાથે નરેન્દ્ર પણ આ શિબિરમાં ભાગ લેવા માચી ગયો હતો.

સ્કાઉટની આવી શિબિરો બહુધા એક, બે અથવા ત્રણ દિવસની હોય છે. સ્કાઉટસ્ તેમની આવી શિબિરમાં જાતે જ તંબુઓ બાંધી, રસોઈથી માંડીને કપડાં ધોવા સુધીની કામગીરી સ્વહસ્તે જ કરતા હોય છે. વળી, વ્યાયામ, રમત-ગમત, પર્વતારોહણ જેવી કઠિન તાલીમો ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમો પણ શિબિરો દરમિયાન

Scanned by CamScanner

થાય. આખી શિબિર દરમિયાન ઉત્તમ દેખાવ કરનાર વિદ્યાર્થીને શ્રેષ્ઠ સ્કાઉટનું, દ્વિતીય શ્રેષ્ઠ અને તૃતીય શ્રેષ્ઠ સ્કાઉટ એવાં પારિતોષિકો પણ ક્રમાનુસાર આપવામાં આવે છે.

અગાઉ કહ્યું તે પ્રમાણે નરેન્દ્ર આ પ્રકારની પ્રવૃત્તિઓમાં ખૂબ જ રસ ધરાવતો હતો. વળી, તેણે વિદ્યાર્થી તરીકે કેળવેલા નિયમિતતા અને ચોકસાઈ જેવા ગુણોના કારણે તેનું કોઈ પણ કાર્ય દીપી ઊઠતું. એટલે જ, માચી ખાતેની સ્કાઉટ-શિબિરમાં પણ નરેન્દ્ર પોતાની ધગશ અને ખંતના કારણે દ્વિતીય શ્રેષ્ઠ સ્કાઉટનું પારિતોષિક જીત્યો !

પોતાના સ્વાભાવિક સદ્‌ગુણોના કારણે નરેન્દ્ર શાળાના શિક્ષકો અને અન્ય વિદ્યાર્થીઓમાં ચાહનાભર્યું સ્થાન પામ્યો હતો. તેથી જ દ્વિતીય શ્રેષ્ઠ સ્કાઉટનું પારિતોષિક જીતવા બદલ નરેન્દ્રને અભિનંદવા ત્યાં ઉપસ્થિત એવા શિક્ષકો અને વિદ્યાર્થીઓ તેની આસપાસ ટોળે વળી ગયાં....તે સમયે જ....

....ક્યાંકથી એક પ્રૌઢા આવીને નરેન્દ્રની સમીપે ઊભી રહી. નરેન્દ્ર ૧૫ વર્ષનો રમતિયાળ કિશોર આગન્તુક પ્રૌઢ મહિલાનાં નેત્રોમાં છલકાતી વત્સલતા નિહાળી રહ્યો....એક સ્પર્શાતુર મમત્વપૂર્ણ હથેળી તેના માથે અને બરડે ફરતી રહી....

"અભિનંદન બેટા!"

રૂંવે રૂંવે પ્રસરતી સ્પર્શમધુરતાને માણતા 'બેટા'એ માતૃત્વથી મઢેલાં એ શબ્દો સાંભળ્યા હશે....?

અભિનંદન આપીને એ પ્રૌઢા જે રીતે આવી હતી તે જ રીતે ચાલી પણ ગઈ....ત્યારે....

જટાળા જોગી જેવો પાવાગઢ દૂધિયા તળાવનાં ધવલ નીરને સ્મરણ કરાવતો હતો કે.... આજે ૭ મી સપ્ટેમ્બર છે !

□

## રમત-ગમતની સ્પર્ધા

નરેન્દ્ર માત્ર ભણવામાં જ તેજસ્વી નહોતો; રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પણ તેનું સામર્થ્ય જણાઈ આવતું. ગોધરાની તે શાળામાં વર્ષાન્તે યોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમો અને રમત-ગમતની સ્પર્ધાઓમાં પણ નરેન્દ્ર હોંશભેર ભાગ લેતો, એટલું જ નહિ, વખતોવખત પારિતોષિકો પણ મેળવતો.

૧૯૪૮ની સાલમાં શાળાનો વાર્ષિક દિન ઉજવાઈ રહ્યો હતો. શાળાનાં ઘણાં વિદ્યાર્થીઓ ભિન્ન–ભિન્ન સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લઈ રહ્યાં હતાં. કેટકેટલાંય પારિતોષિકો વિજેતા વિદ્યાર્થીઓની પ્રતીક્ષા કરી રહ્યાં હતાં.

રમત-ગમતની સ્પર્ધાઓમાં દોડની સ્પર્ધા ચાલી રહી હતી. કેટલાંક ઉત્સુક વાલીઓ પણ આ સ્પર્ધાઓ નિહાળવા વિદ્યાર્થીઓ અને શિક્ષકોના વૃંદમાં ભળી ગયાં હતાં. ચારેય તરફથી "શાબાશ!" "હજુ ઝડપથી!" "એ પાછળ રહી ગયો....!" એવા અવાજો આવતા હતા અને દોડી રહેલાં સ્પર્ધકો લક્ષ્યને આંબી જવા તમામ તાકાત જાણે કે પગમાં એકઠી કરીને દોડી રહ્યા હતા....આખરે....

Scanned by CamScanner

....સહુની દૃષ્ટિ તમામ સ્પર્ધકોને પાછળ રાખી દઈને આગળ નીકળી ગયેલા સોળ વર્ષનાં એ નવતરુણ પર સ્થિર થઈ ગઈ....! ખૂબ જ ગતિથી દોડી રહેલો એ વિદ્યાર્થી લક્ષ્યથી થોડે જ દૂર હતો ત્યાં તો તાળીઓના ગડગડાટ અને વિદ્યાર્થીવૃંદમાંથી હર્ષાવેશમાં ઊઠેલા ધ્વનિએ ગગન ગજવી મૂક્યું....

"શાબાશ નરેન્દ્ર!"

"ઓર તેજ....!"

હા....તે નરેન્દ્ર હતો! આ વર્ષે જાણે જીતવા માટે જ તેણે દોડની સ્પર્ધામાં નામ નોંધાવ્યું હતું. એટલે જ તો તમામ હરીફોને પાછળ રાખી દઈને તે લક્ષ્ય સુધી પહોંચી ગયો અને દોડવાની સ્વક્ષમતાનો ત્યાં હાજર રહેલા સહુને પરિચય આપી દીધો!

પ્રથમ પારિતોષિક વિજેતા નરેન્દ્ર બાપુલાલ દવેનું નામ ઉદ્-ઘોષિત થયું ત્યારે કરતલનાદના પડઘાઓ અને વિદ્યાર્થીવર્ગમાંથી ઉદ્ભવતા અભિનંદનના પોકારો વચ્ચે નરેન્દ્રે પારિતોષિક મેળવ્યું! પછી તો પૂછવું જ શું? શિક્ષકો અને સહપાઠીઓનાં અભિનંદનો વચ્ચે નરેન્દ્રની નમ્ર પ્રકૃતિ ઘેરાઈ ગઈ....

થોડી પળો બાદ જ્યારે અભિનંદનની વર્ષા અટકી ત્યારે એકલા પડેલા નરેન્દ્રે અચાનક જ ૨૫-૩૦ વર્ષનાં અદ્વિતીય લાવણ્ય ધરાવતાં કોઈ બહેનને પોતાની સમીપે જોયાં. તેમના ભાવ-પૂર્ણ નેત્રો નરેન્દ્રની વિજયી મુખાકૃતિ નિહાળી રહ્યાં હતાં. નરેન્દ્ર વધુ કંઈ વિચારે તે પહેલાં જ તેના મસ્તકે ઋજુ હસ્ત પસવારી તે યુવતી ખૂબ જ માધુર્યથી બોલી ઉઠી.... "અભિનંદન, બેટા! સદા વિજયી થજે...."

નરેન્દ્ર તેમના સ્પર્શમાધુર્યમાંથી ટપકતા વાત્સલ્યને અનુભવતો એક શબ્દ પણ બોલી શકતો નથી....

નરેન્દ્રના મસ્તકે અને પીઠ પર વાત્સલ્યસભર હાથ પસવારી, આશીર્વચન ઉચ્ચારી તે યુવતી ધીરે ધીરે તે સ્થળ છોડી ગઈ, ત્યારે....

....નરેન્દ્ર તો હજુ ય તે વત્સલ સ્પર્શથી અનુભવેલી સ્નેહ-સમાધિમાં લીન હતો, જાણે....!

□

## કેળાનો પ્રસાદ

**૭ મી સપ્ટેમ્બર, ૧૯૪૯.**

આજે નરેન્દ્રનો ૧૭મો જન્મદિન હતો. માતા-પિતા દ્વારા કરાયેલા ધાર્મિક સંસ્કારસિંચનની ફલશ્રુતિરૂપે તારુણ્યમાં પ્રવેશી રહેલો નરેન્દ્ર ભીતરથી જાણે કે કોઈ તપોવનમાં પ્રવેશી રહ્યો હતો. રહેણી-કરણી અને તારુણ્યસહજ વ્યવહારમાં આધુનિકતા અપનાવતો નવતરુણ નરેન્દ્ર, જ્યારથી યજ્ઞોપવીત પામ્યો, ત્યારથી નિયમિતપણે મહામંત્ર ગાયત્રીના માનસિક જાપ તો સતત કરતો જ, તદુપરાંત તેને દેવમંદિરે દર્શન કરવાં જવાની સુટેવ પણ નાનપણથી જ હતી.

આજે પણ પોતાની વર્ષગાંઠ હોવાથી નરેન્દ્ર ગોધરામ્ સ્થિત અંકલેશ્વર મહાદેવના મંદિરે દર્શનાર્થે જઈ રહ્યો હતો. પોતાની મસ્તીમાં તે ચાલ્યો જતો હતો ત્યારે રસ્તામાં કોઈ પ્રૌઢ સ્ત્રી પણ ચાલતી ચાલતી તેની સાથે થઈ ગઈ. પ્રથમ દૃષ્ટિએ જ સન્માનની

ભાવના હૃદયમાં જાગે તેવાં તે પ્રૌઢ સન્નારીનું પોતાની સાથે થઈ જવું, આકસ્મિક છતાં સાહજિક હોવાથી નરેન્દ્ર તો મૌન ધારણ કરીને તેમની સાથે ચાલ્યે જતો હતો.

અંકલેશ્વર મહાદેવનું મંદિર આવી ગયું. પગથિયાં પાસે પદત્રાણો ઉતારી નરેન્દ્ર મંદિરમાં પ્રવેશ્યો. મહાદેવના ત્રિપુંડધારી બાણ સમક્ષ બે હાથ જોડી, તેણે નેત્રોમાં શિવરૂપને ધારણ કરીને શિશ નમાવ્યું. અચાનક જ તેણે કોઈ મૃદુલ હથેળીનો રોમાંચિત કરી જનારો સ્પર્શ પોતાના મસ્તકે અનુભવ્યો. સહેજ ચમકીને તેણે પાછળ દૃષ્ટિ કરી તો પેલાં પ્રભાવી પ્રૌઢ મહિલા તેના મસ્તકે અને પીઠ પર પોતાનો વહાલભર્યો હાથ પસવારી રહ્યાં હતાં. તેમના મુખ પર મધુરું સ્મિત રેલાઈ રહ્યું હતું અને દ્યુતિસભર નેત્રોમાંથી જનેતાસહજ લાગણીનો પ્રવાહ વહી રહ્યો હતો.

પ્રણામની કરમુદ્રામાં જ નરેન્દ્ર તેમની સન્મુખ થયો. પરસન-બાનાં ઓળખીતા કોઈ બહેન હશે એવું ધારીને તેણે તે પ્રૌઢાના સ્મિતનો પ્રત્યુત્તર સ્મિતથી આપ્યો.

"બેટા, લે આ પ્રસાદ...." એક કેળું નરેન્દ્રને આપતાં સુમધુર સ્વરે પ્રૌઢાએ કહ્યું

નરેન્દ્રે સહેજ સંકોચ સાથે પ્રસાદ સ્વીકાર્યો. કદલીફલની છાલ ઉતારી એ જ વખતે તે આરોગવા લાગ્યો. પેલાં સન્નારી લાગણીસભર લોચને નવતરુણ નરેન્દ્રને પ્રસાદ આરોગતો નિહાળી રહ્યાં....

પ્રસાદ આરોગીને નરેન્દ્રે નમ્રતાથી તેમને નમસ્કાર કર્યા. પુનઃ એકવાર તેના મસ્તકે હાથ પસવારી તે પ્રૌઢ મહિલાએ મમતાળુ



Scanned by CamScanner

સ્મિત વેર્યું. તેમના સ્પર્શમાંથી નીતરતું માતૃત્વ નરેન્દ્રના રોમે-રોમને ઝંકૃત કરી જતું હતું....તેથી જ તો તેમનો પરિચય માગવાની કલ્પના પણ તેના ચપળ માનસમાં ન પ્રગટી તે ન જ પ્રગટી!

જો કે આવા અનુભવો તો નરેન્દ્ર માટે સામાન્ય બની ગયા હતા. તેથી જ તે પ્રૌઢ સન્નારીના વિદાય થયા પછી તેણે પોતાની મસ્તીમાં જ ઘરનો માર્ગ પકડયો....

કાશ....ત્યારે નરેન્દ્ર અંકલેશ્વર મહાદેવના બાણની પાછળ પ્રસ્થાપિત પાર્વતીની પ્રતિમાના અધરો પર વિલસતું સ્મિત તે પ્રૌઢાના સ્મિત સાથે સરખાવી શક્યો હોત....પરંતુ....

—ત્યારે તો નિજાનંદમાં મસ્ત નવયુવાન હતો નરેન્દ્ર!

□

## શાળાના વાર્ષિક દિને

તાળીઓના ગડગડાટ સાથે શાળાના વાર્ષિકોત્સવમાં ભજવાયેલું નાટક પૂર્ણ થયું.... પ્રેક્ષકવર્ગ કે જેમાં મુખ્યત્વે ગોધરાની તે શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપરાંત પોતાનાં સંતાનોનાં સાંસ્કૃતિક કલાવિકાસમાં રસ ધરાવતાં વાલીઓ પણ ઉપસ્થિત હતાં, તેમણે પ્રસ્તુત નાટકને—નાટકમાં અભિનયનાં ઓજસ પાથરનાર વિદ્યાર્થી કલાકારોને હરખભેર વધાવી લીધા....તેમાં પણ ખાસ તો પોતાની ઉત્કૃષ્ટ અભિનયકલાથી પોતાના પાત્રને રંગમંચ પર સજીવન કરનાર શાળાના જ એક તેજસ્વી વિદ્યાર્થી નરેન્દ્રને પ્રેક્ષકોની ખૂબ ખૂબ દાદ પ્રાપ્ત થઈ....

Scanned by CamScanner

"વાહ નરેન !"

"શાબાશ, નરેન્દ્ર....શાબાશ !"

"ખરેખર, એ છોકરાનો અભિનય એટલે....અદ્ભુત !"

—આવા અનેકાએક હર્ષોદ્‌ગારો વચ્ચે શાળા તરફથી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે અપાતાં પારિતોષિકોની જાહેરાતોમાં સોનામાં સુગંધ સમી ઉદ્‌ઘોષણા થઈ.

"ઈ. સ. ૧૯૫૦ના શાળાના આ વાર્ષિકોત્સવમાં અભિનય ક્ષેત્રે ઉત્તમ કલાસૂઝથી નાટકમાં પોતાના પાત્રને રંગમંચ પર સાકાર કરનાર, આપણી શાળાના વિદ્યાર્થી નરેન્દ્રકુમાર બાપુલાલ દવે આ સાંસ્કૃતિક કાર્યક્રમનું પ્રથમ પારિતોષિક મેળવે છે....ખૂબ ખૂબ અભિનંદન !!"

અને શાળાના શિક્ષકો અને સહપાઠી મિત્રોના અભિનંદનોની લાગણીસભર વર્ષામાં ભીતરથી ભીંજાતો અઢાર વર્ષનો એ કિશોર, નમ્રભાવે રંગભૂમિ પર પ્રથમ પારિતોષિક મેળવે છે ત્યારે પુનઃ એક વાર સમગ્ર વાતાવરણ તાળીઓના ગડગડાટથી ગાજી ઊઠે છે....! નરેન્દ્રના કેટલાક સહાધ્યાયી મિત્રો હસ્તધૂનન કરી કરીને સગર્વ પોતાના મિત્રની કામિયાબીને શાબાશી અને અભિનંદનના શબ્દોથી નવાજે છે, તો વળી શાળાના વિદ્વાન શિક્ષકો પોતાના વહાલા વિદ્યાર્થીને વ્યક્તિગત ઈનામો સાથે આશીર્વચનો આપીને પ્રોત્સાહિત કરે છે....મિત્રોનાં અભિનંદનો ઝીલતો, સ્મિત વેરતો, પ્રશંસકો વચ્ચે ઓઝલ થઈ પુનઃ નજરે ચડતો, શિક્ષકો તરફથી પ્રાપ્ત થતા વ્યક્તિગત પુરસ્કારોને વિનમ્રતાથી સ્વીકારતો નરેન્દ્ર ઉપસ્થિત સહુની દૃષ્ટિનું કેન્દ્ર બની ગયો....ત્યારે....

રંગભૂમિની પગથી પર પચ્ચીસેક વર્ષની એક યુવતીનાં મૃદુ

Scanned by CamScanner

ચરણ મંડાયાં....જાજ્વલ્યમાન પ્રતિભા ધરાવતી એ યુવતી આગળ, વધીને છેક નરેન્દ્રની સમીપે—સન્મુખ જઈને ઊભી રહે છે....અભિનંદન અને પુરસ્કારોનું પળવાર પહેલાં ઉમટેલું પૂર હવે ઓસરી ગયું છે એટલે નરેન્દ્રની આસપાસ કદાચિત કોઈ નથી....વળી, સહુનું ધ્યાન હવે અન્ય પારિતોષિકોની ઉદ્‌ઘોષણા પ્રત્યે મંડાયેલું હોઇ રંગમંચના આ ભાગ તરફ કોઈનું લક્ષ નથી.

"અભિનંદન, નરેન્દ્ર!" પેલી પ્રતિભાવંત યુવતીનો મંજુલ સ્વર નરેન્દ્રને અભિનંદે છે.

પોતાને આમ અલગ રીતે પ્રશંસવા આવેલાં તે બહેનની લાગણીસભર દૃષ્ટિ અને મમતાળુ સ્વર જોઈ—સાંભળીને નરેન્દ્ર તો કોઈ અપૂર્વ માતૃવત્સલ મોહિનીમાં પોતાના અસ્તિત્વને ખેંચાતું અનુભવી રહ્યો....'કોણ હશે આ બહેન?' એવો સામાન્ય પ્રશ્ન પણ તેને ન થયો....કે "આભાર"નો ભાર પણ તેના અધરને વહેવો યોગ્ય ન લાગ્યો.

પેલી યુવતીએ વત્સલતાથી નરેન્દ્રના મસ્તકે હાથ પસવાર્યો. તેની આંખોમાંથી સ્રવતી સ્નેહધારામાં સ્નાન કરતા નરેન્દ્રને તો જાણે કે ભાવસમાધિ લાગી ગઈ! દૃષ્ટિના સાયુજ્યથી નરેન્દ્રના બાળસહજ હૃદયમાં સળવળતો કોઈ સંબંધ સાકાર થાય તે પહેલાં તે યુવતીએ પુરસ્કારરૂપે પાંચ રૂપિયાની એક નોટ તેના હાથમાં આપતાં પુનઃ એકવાર મમત્વપૂર્ણ સ્વરે અભિનંદન આપી તેના મસ્તકે મૃદુલ હસ્ત પસવારીને વિદાય લીધી....

અચાનક આવી, અભિનંદન આપી, પુરસ્કૃત કરી એ જ રીતે દૃષ્ટિ સામેથી ધીરે ધીરે ઓઝલ થઈ ગયેલાં એ અનભિજ્ઞ સન્નારીને સમયના સાતત્યપૂર્ણ વહેણમાં નરેન્દ્ર વિસરી પણ ગયો.

☐

# પુરાણીકાકાના નિવાસે

" પુરાણી....આ વખતે અગિયારસ ક્યારે છે ?"

ત્રીસ–પાંત્રીસ વર્ષનાં એક બહેને ગોધરાના પ્રસિદ્ધ નટવરલાલ પુરાણીના ઘરનો ઓટલો ચઢતાં લહેકો કર્યો.

પુરાણી અને ઓગણીસેક વર્ષનો એક નવયુવાન–બંને પરસાળમાં બેઠા હતા. પુરાણી ધ્યાનથી પોતાના હાથમાં રહેલી જન્મપત્રી જોઈ રહ્યા હતા, ત્યાં જ આગન્તુક મહિલાના અવાજથી તેમનું ધ્યાન તે તરફ ગયું. પેલો નવયુવાન પણ અચાનક આવી ચડેલાં તે બહેનને જોઈ રહ્યો.

"આવો બહેન...." પુરાણીએ સહેજ હસીને આવકાર આપ્યો. જો કે આગન્તુક મહિલાની ઓળખનું સ્મરણ કરવાનો તેમનો માનસિક પ્રયાસ તેમના ચહેરા પર સ્પષ્ટ તરી આવતો હતો. ગામની મહિલાઓ વાર, તિથિ, જન્માક્ષર, મુહૂર્ત વગેરે વિશેના પ્રશ્નો અત્રે આવતાં–જતાં પુરાણીને જ પૂછી લેતી, તેથી પુરાણી ગામની લગભગ તમામ વયસ્ક બહેનોને ઓળખતાં. પરંતુ આજે આવેલાં તે બહેનનો ચહેરો ક્યાંય જોયો હોય તેવું તેમને યાદ નહોતું આવતું.

પુરાણી વધુ કંઈ વિચારે અથવા કોઈ પ્રત્યુત્તર આપે, તે પહેલાં તો પેલાં બહેન પરસાળમાં આવી, પુરાણીની સામે બેઠેલા નવયુવાનની બાજુમાં બેસી ગયાં અને અલક–મલકની વાતો કરવા લાગ્યાં.

થોડીવાર પછી પુરાણીના હાથમાં રહેલી જન્મપત્રી તરફ નિર્દેશ કરી તે બહેને પૂછ્યું. " પુરાણી, શું જુઓ છો ? "

Scanned by CamScanner

"આ મારા ભત્રીજા નરેન્દ્રના જન્માક્ષર છે...." પુરાણીએ સામે બેઠેલા નરેન્દ્રની ઓળખ આપીને કહ્યું : "એ જન્માક્ષર લઈને મને બતાવવા આવ્યો છે....એને હવે જીવનમાં શું કરવું તે જાણવું છે."

પેલાં બહેને આ સાંભળીને સસ્મિત નરેન્દ્રના મસ્તકે વહાલથી હાથ પસવારી કહ્યું, "આ તમારા ભત્રીજાની મુખાકૃતિ જ એવી તેજસ્વી છે કે જન્માક્ષર જોવાની જરૂર જ નથી....એનું પ્રારબ્ધ ઉજ્જવળ દેખાય છે."

પુરાણીને તે અજાણી મહિલાનું બોલવું યોગ્ય ન લાગ્યું તેથી તેમણે સહેજ હસીને કહ્યું : "પ્રારબ્ધ તો હોય, પણ પુરુષાર્થ તો કરવો જ પડે ને!"

"તમારી વાત સાચી છે, પણ...." નરેન્દ્રના માથે–બરડે વત્સલ હાથ પસવારી પેલાં સન્નારી બોલ્યાં : "આ છોકરાનું પ્રારબ્ધ, પુરુષાર્થ અને ઈશ્વરકૃપા ત્રણેય તેની સાથે જ છે....એ જ્યાં જઈને ઊભો રહેશે ત્યાં એને સફળતા મળશે."

આટલું કહીને ઊભાં થઈ તે બહેન ઓટલો ઊતરી ગયાં. જતાં જતાં હસીને તેમણે પુરાણીને કહ્યું, "પુરાણી, મારા શબ્દો તમે ભવિષ્યમાં યાદ કરજો."

નવયુવાન નરેન્દ્ર અને હાથમાં તેની જન્મપત્રી પકડીને બેઠેલા તેના પિતરાઈકાકા નટવરલાલ પુરાણી તે અનભિજ્ઞ મહિલાને વિદાય થતી નિહાળી રહ્યા....ત્યારે....

પુરાણીના ઘરનો ઓટલો તે મહિલાના પાદસ્પર્શને પંપાળતો

Scanned by CamScanner

પથરાયેલા મારગને પૂછતો હતો. "અલ્યા, આજે ૧૯૫૧ની ૭ મી સપ્ટેમ્બર છે ને?"

પરંતુ....તે સન્નારીનાં ચરણચિહ્નોને બાળસહજ ભાવે ખોળતાં મારગ પાસે એટલાના પ્રશ્નનો જવાબ આપવા જેટલી ય નવરાશ ક્યાં હતી!

□

## સમય સમયનું કામ કરશે...!

હવે નરેન્દ્ર પૂર્ણતયા યૌવનવનમાં પ્રવેશીને ધીર-ગંભીર ને દુનિયાદારીને સમજતો યુવાન બની ગયો હતો. તેની પ્રકૃતિ શાંત, નિખાલસ અને સરળ હતી. વળી, યુવાનીમાં સહજ એવી તમામ કુટેવો, રંગરાગ અને ઉદ્ધતાઈથી તે ખૂબ દૂર હતો. તેને વાંચવું, લખવું ગમતું. અખાડામાં જઈને પટાબાજી ખેલવામાં તેને મજા આવતી. એકાંતમાં બેસીને જીવનના રહસ્યમય પ્રશ્નો વિશે વિચારવું, પ્રકૃતિના સૌંદર્યને નિહાળ્યા કરવું અને નવરાશની પળોમાં માનસિક ગાયત્રી મંત્રજાપ કરવા—આ બધી તેના યુવાસ્વભાવની લાક્ષણિકતાઓ હતી.

પોતાની વીસમી વર્ષગાંઠ એટલે કે ૭મી સપ્ટેમ્બર ૧૯૫૨ના દિવસે નરેન્દ્ર ગોધરાના તળાવકાંઠે—બગીચામાં જઈને બેઠો હતો. સાંજનો સમય હતો. એકાંત હોવાથી કાયમી સુટેવ પ્રમાણે તે માનસિક મંત્રજાપ કરી રહ્યો હતો. મંદ, શીતળ સમીરની લહેરખીઓ તેના સમગ્ર અસ્તિત્વને સ્પર્શતી તેના મનને પ્રફુલ્લિત

ઠરી જતી હતી. બગીચાની હરિયાળી તેની આંખોને વિશ્રામ આપનારી બની રહી હતી. વળી, મંત્રજાપના સાતત્યથી સમગ્ર વાતાવરણ વિશુદ્ધ અને પવિત્ર બન્યું હતું....એવામાં....

—શરીરે સુદૃઢ બાંધાના, તેજસ્વી મુખારવિંદવાળા એક સાધુ જેવા લાગતા મહારાજ ક્યાંકથી આવી ચડયા. નરેન્દ્રની પાસે જઈ તેઓ ઊભા રહ્યા એટલે તેની દૃષ્ટિ તેમના પર સ્થિર થઈ. મહારાજનું પ્રભાવી સ્વરૂપ જોઈને નરેન્દ્રને ભીતરથી એક પ્રકારનું આકર્ષણ થયું.

મહારાજ તો તેની બાજુમાં જ બેસી ગયા અને પૂછયું: "વત્સ, તું શું કરે છે?"

"અહીં બેઠો છું અને બગીચાની હવા ખાઉં છું...." નરેન્દ્રમાં રહેલો હાજરજવાબી કૉલેજિયન સળવળીને બેઠો થયો, સજાગ થયો.

"ના, તું બીજું કંઈક કરે છે...." મહારાજે માર્મિક સ્વરે કહ્યું.

"હું બીજું કંઈ કરતો નથી...."

"એમ? તું માનસિક મંત્રજાપ કરે છે...."

આશ્ચર્ય!! નરેન્દ્ર ચમકી ગયો હતો: મહારાજને કેવી રીતે ખબર પડી ગઈ કે પોતે....જરૂર, મહારાજ પાસે કોઈ ચમત્કારિક સિદ્ધિ હશે....

મહારાજ માર્મિક હસ્યા. નરેન્દ્રના મનમાં ચાલતા વિચારો પામી ગયા હોય તેમ લાગતું હતું. એટલે જ તેમણે કહ્યું: "આગળ જતાં તારી આધ્યાત્મિક ઉન્નતિ થશે."

"જુઓ મહારાજ...." નરેન્દ્રે સાવધાનીપૂર્વક કહ્યું: "હું તો માત્ર ગાયત્રી મંત્રજાપ સમય મળે ત્યારે કરું છું....બાકી, આ ક્ષેત્રમાં આગળ વધવાની મારી કોઈ ઈચ્છા નથી...."

Scanned by CamScanner

તેની વાતને લક્ષમાં લીધા વગર જ મહારાજે ગંભીરતાથી કહ્યું : "હું ટૂંકમાં જે કહું તે સાંભળ....સાંસારિક કાર્યો, આધ્યાત્મિક કાર્યો, જનસેવાનાં કાર્યો, સાક્ષાત્કાર વગેરે તને પ્રાપ્ત થશે...."

"મહારાજ, આ બાબતમાં મારો કોઈ પ્રયાસ નથી....અને હું તો અત્યારે કૉલેજમાં ભણું છું...." નરેન્દ્રે સ્પષ્ટતા કરતાં કહ્યું : "આ બધું મારા માટે અશક્ય છે....આ માટે તો ખૂબ જ ઉગ્ર તપશ્ચર્યા કરવી પડે...."

નરેન્દ્રની વાત સાંભળીને મહારાજે સસ્મિત કહ્યું : "સમય સમયનું કામ કરશે, વત્સ ! ભાવિની કેડી કોને ક્યાં લઈ જશે તેની કોને ખબર છે? માનવીએ જિંદગીમાં ખાડા-ટેકરા અને પહાડો વટાવી પોતાના ધ્યેય સુધી પહોંચવાનું હોય છે...."

કૉલેજિયન નરેન્દ્રને મહારાજની વાતોમાં હવે કંટાળો આવ્યો. કંઈક અણગમાથી તેણે વાત કાપી નાંખતા તેમને પૂછ્યું :

"મહારાજ, આપ કંઈ ફળાહાર કરશો ?"

મહારાજે ના પાડી. નરેન્દ્રે આગ્રહ કર્યો. છેવટે મહારાજે નરેન્દ્રના પ્રસ્તાવને સ્વીકાર્યો.

બંને બગીચાની બહાર આવી, ફળની લારીમાંથી કેળાં ખરીદી ફળાહાર કરવા લાગ્યા. ત્રણ કેળાં આરોગીને તે તેજસ્વી સાધુએ નરેન્દ્રના માથે અને બરડે હાથ પસવારી, આશીર્વાદ આપી, વિદાય લીધી.

નરેન્દ્ર સાદર તે સાધુને જતાં નિહાળી રહ્યો....

□

Scanned by CamScanner

# તમે મને લૂંટયો કેમ નહિ?

"ખબરદાર! જ્યાં છે ત્યાં જ અટકી જજે....એક પગલું પણ હવે આગળ વધ્યો તો તારી ખેર નથી....

—નિર્જન વનમાં પથરાયેલી તિમિરઘેરી રાત્રિને એ ઘોઘરા ગળામાંથી ફેંકાયેલો ધમકીભર્યો પડકાર ધ્રુજાવી ગયો....! વેરાન રસ્તે સાવધાનીપૂર્વક આગળ વધી રહેલા એ યુવાન કદમ અટકી ગયાં....

નરેન્દ્ર ઊભો રહી ગયો.

ત્યારે લગ્નગાળો પૂરબહારમાં ચાલુ હતો. કપડવંજ ખાતે એક લગ્નમાં હાજરી આપીને નરેન્દ્ર તેના માસીના દીકરાના લગ્નમાં મહાલવા હવે કાંકણપુર જઈ રહ્યો હતો. તે વખતે વાહન-વ્યવહારની સગવડ આજે છે તેટલી સુલભ નહોતી. તેથી કપડવંજથી અન્ય વાહન ન મળતાં, નરેન્દ્ર એક ટ્રક દ્વારા વાયા ડાકોર–ટુવા સુધી આવ્યો હતો.

સાંજ પડી ગઈ હતી. ધીરે ધીરે અવનિ પર અંધકારના ઓળા ઉતરવા લાગ્યા હતા. ટુવાથી પણ કાંકણપુર સુધીનું કોઈ વાહન ન મળ્યું ત્યારે નરેન્દ્ર હાથમાં એટેચી સાથે ચાલતો જ નીકળી પડયો. અહીંથી કાંકણપુર ગામ થોડું દૂર હતું. માર્ગમાં જંગલ પથરાયેલું હતું. વળી, રાત્રિનો સમય હોવાથી આ રસ્તે ચાલતાં જવામાં જોખમ પણ ઘણું હતું, છતાં સાવચેતીપૂર્વક ને નિર્ભયતાથી મહામંત્ર ગાયત્રીના માનસિક મંત્રજાપ કરતો નરેન્દ્ર આગળ વધી રહ્યો હતો. આમ તો તેને આવનારા સંકટનો ખ્યાલ આવી ગયો હતો.

Scanned by CamScanner

કારણ કે એક અજાણ્યો શખ્સ જંગલ શરૂ થયું ત્યારથી જ તેનો પીછો કરી રહ્યો હતો. તે પાછળથી હુમલો કરી ન શકે તે માટે નરેન્દ્ર ચાલવાની ગતિ ઓછી કરીને તેને આગળ નીકળી જવા દેતો. પરંતુ તે શખ્સ પણ પોતાની ચાલ ધીમી કરી નરેન્દ્રની પાછળ થઈ જતો. આવું—સંતાકૂકડી જેવું—બંનેની વચ્ચે ચાલતું હતું....બરાબર ગીચ ઝાડીઓ વચ્ચેથી નરેન્દ્ર પસાર થઈ રહ્યો હતો ત્યારે જ....

—તેણે ઉપરોક્ત પડકાર સાંભળ્યો અને તે અટકી ગયો. નરેન્દ્ર ડરપોક નહોતો, પણ સામા પક્ષની તાકાત અને પ્રસ્તુત પરિસ્થિતિનો ક્યાસ કાઢીને જ કોઈપણ નિર્ણય પર આવવાની ત્વરિત વિચારશક્તિ તો તેનામાં હતી જ.

થોડી જ વારમાં આસપાસની ગીચ ઝાડીઓમાં સંતાયેલી લૂંટારુ-ટોળી બહાર આવી, તેને ઘેરીને ઊભી રહી. નરેન્દ્રનો પીછો કરી રહેલો શખ્સ પણ આ ટોળીનો જ એક સભ્ય હતો. અડાબીડ અંધકારમાં લૂંટારુઓના ચહેરા પણ સ્પષ્ટ દેખાતા ન હતા, પરંતુ તેમની પાસે છરી-ચાકુ ને લાકડીઓ હોવાનો ખ્યાલ નરેન્દ્રને આવી ગયો.

"એય....તારી પાસે શું છે ?" ટોળીના સરદાર જેવા લાગતા તે લૂંટારુએ ઘુરકાટ કર્યો: "જે હોય તે અમને આપી દે.... નહીંતર...."

નરેન્દ્ર સમજી ગયો. તેના ગળામાં સોનાની ચેઇન, હાથની બે આંગળીઓમાં સુવર્ણમુદ્રિકાઓ અને હાથમાં કાંડા ઘડિયાળ હતું. ખિસ્સામાં થોડા-ઘણાં નાણાં હતાં.

Scanned by CamScanner

સૌ પ્રથમ તેણે પોતાની એટેચી એક લૂંટારુના હાથમાં આપી દીધી. વીંટીઓ અને ઘડિયાળ પણ કાઢયાં. લૂંટારુઓ લૂંટમાં મશગૂલ હતાં ત્યાં જ અચાનક....

"અલ્યા ભ'ઈ રહેવા દો...." પેલો લૂંટારુ–સરદાર પોતાના માણસોને ઉદ્દેશીને કહેવા લાગ્યો : "આને લૂંટવો નથી....તેનું બધું પાછું આપી દો."

"પણ....શા માટે!" ટોળીના બે–ચાર સભ્યો આશ્ચર્યથી પૂછી બેઠા.

"વધુ પંચાત ના કરો...." સરદારનો અવાજ ઊંચો થયો : "મેં જેમ કહ્યું તેમ કરો....એમાં જ સહુનું કલ્યાણ છે."

ટોળીના સભ્યોને કંઈ સમજાયું નહિ, પણ સરદારનો હુકમ એટલે હુકમ. તેમણે લૂંટેલું બધું નરેન્દ્રને પરત કર્યું. નવાઈ તો નરેન્દ્રને પણ લાગી જ હતી....વળી, જિજ્ઞાસા પણ થઈ હતી.

"જા જવાન, બેફિકર ચાલ્યો જા. તારે હવે અમારો ભય રાખવાની જરૂર નથી...." સરદારે નરેન્દ્રને કહ્યું.

"ભાઈ....તું છોડીશ તો આગળ બીજો કોઈ લૂંટારુ મને લૂંટી લેશે...." નરેન્દ્ર નિર્ભયતાથી બોલ્યો : "બહેતર છે કે તું જ લઈ લે આ બધું....જેથી મને આગળ મુશ્કેલી તો નહિ!"

"હં....બહુ પાકો લાગે છે....!" લૂંટારુ–સરદાર હસ્યો : "જો, તારી સલામતી ખાતર અમે જંગલની હદ સુધી તને મૂકી જઈશું. આગળ એક નદી આવે છે, તેના સામા કાંઠે જ કાંકણપુરનું પાદર અડે છે....ત્યાંથી અમે તને વળાવીને પાછા વળી જઈશું....પરંતુ.... મારી એક શરત છે."

Scanned by CamScanner

"બોલો."

"નદીના સામા કાંઠે પહોંચીને તારે બૂમો નહીં પાડવાની...."

"ભલે."

"તું સામા કાંઠેથી હાથ હલાવજે....જેથી તું સલામત પહોંચી ગયો છે તેની અમને ખાતરી થાય...."

"જરૂર."

"–તો ચાલ." સરદારે કહ્યું.

સહુ ચાલવા લાગ્યા. ટોળીના અન્ય માણસોને થયું કે, માનો ન માનો સરદારનું 'ચસકી ગયું' છે! આવા કિંમતી 'ઘરાક'ને લૂંટવાની વાત તો કોરાણે રહી, ઉપરથી સરદાર તેને રક્ષણ આપવાની 'સેવા' કરવા તૈયાર થયો છે! આવું વિચારવા છતાં લૂંટારુઓ સરદારની બીકના કારણે કંઈ બોલ્યા નહિ. જો કે લૂંટારુઓની શંકાનું સમાધાન થતાં વાર ન લાગી....કારણ કે....

રસ્તામાં નરેન્દ્ર પોતાની જિજ્ઞાસાને મુખરિત થતી ન રોકી શક્યો. તેણે તો પોતાની એટેચી પણ નદી આવે ત્યાં સુધી પકડી રાખવા લૂંટારું-સરદારને આપી દીધી હતી....તેને હવે જરી જેટલો ય ભય નહોતો....તેણે ચાલતાં–ચાલતાં જ લૂંટારુ-સરદારને પૂછ્યું :

"મારા એક સવાલનો જવાબ આપશો?"

"પૂછ."

"તમે મને લૂંટ્યો કેમ નહિ?"

"એ બધું જાણીને તારે શું કરવું છે?"

"ના, તમારે મને કહેવું જ પડશે...."

"હં....તું નહિ માને...." લૂંટારુઓનો સરદાર સહેજ પ્રસન્નતાપૂર્વક બોલ્યો, "સાંભળ....તું માતાજીનો ભક્ત છે ને!"

–અન્ય લૂંટારુઓના કાન પણ સરવા થઈ ગયા....સરદાર કહેવા લાગ્યો....

"જ્યારે મારા સાથીઓએ તને લૂંટવાની શરૂઆત કરી ત્યારે હું શાંતિથી ઊભો હતો....અચાનક જ મેં મારા કાનમાં—આજદિન સુધી ક્યારેય નથી સાંભળ્યો....એવો મીઠો સ્ત્રી-સ્વર સાંભળ્યો....તે અવાજ મને કહેતો હતો કે....'આ મારો ભક્ત છે....તેને લૂંટીશ નહિ....' બસ! મને ખાતરી થઈ ચૂકી કે સાક્ષાત્ ભગવતી ભવાનીએ જ મને આદેશ કર્યો હતો....

અમે લૂંટ–ફાટ કરીએ છીએ પણ....યથાશક્તિ એ હજાર હાથવાળીની પૂજા પણ કરીએ છીએ....તેની કૃપાથી જ અમે સુરક્ષિત છીએ...."

લૂંટારુ-સરદારના અવાજમાં માતાજી પ્રત્યેની અનન્ય આસ્થા પરખાતી હતી....તેણે નરેન્દ્ર પ્રત્યે આદરભરી દૃષ્ટિ કરીને કહ્યું : "તું જરૂર માતાજીનો સાચો ભક્ત છે....નહીંતર આવો અવાજ મને ના સંભળાય....એટલે મેં તને છોડી દીધો...."

નરેન્દ્રની આંખો ભરાઈ આવી. મા – જગતજનની ગાયત્રી–તેનું કેટલું ધ્યાન રાખતી હતી....! લૂંટારુના કાનમાં શબ્દામૃત રેડીને તેના વિચારને ફેરવી નાંખનાર વેદજનેતાને નરેન્દ્ર મનોમન વંદી રહ્યો....

નદીકિનારે પહોંચીને સહુ ઊભા રહ્યા. જંગલ અહીં છેડો પામતું હતું.

Scanned by CamScanner

સરદારે એટેચી નરેન્દ્રને પરત કરી. તેણે નરેન્દ્રને વિદાય આપતાં કહ્યું :

"તને ધન્ય છે, યુવાન! મા ભગવતી તારું રક્ષણ કરે છે....! જા, નદીના સામા કાંઠે પહોંચી હાથ હલાવીને મને સંકેત કરજે, જેથી અમને તારી સલામતીની ખાતરી થાય....પછી અમે પાછા વળી જઈશું....જો જે, બૂમો ન પાડતો...."

"ભલે. તમારા સહુનો આભાર...."

—કહેતો નરેન્દ્ર સડસડાટ તે હોરીકટ નદીમાં ઊતરીને સામા કાંઠે પહોંચી ગયો. અહીંથી લૂંટારુઓ માત્ર કાળી આકૃતિઓ સમા લાગતા હતા. નરેન્દ્રે હાથ ઊંચા કરી હલાવ્યા. પેલા ઓળાઓ—લૂંટારુઓ—ધીરે ધીરે અંધકારમાં ઓગળી ગયા....

નિર્ભય નરેન્દ્ર હવે તો ખૂબ જ દૃઢ શ્રદ્ધા સાથે મહામંત્રના માનસિક જાપ કરતો, પગલે—પગલે મા ગાયત્રીની મમતામાં ભીંજાતો કાંકણપુર તરફ ધપી રહ્યો હતો....અને....ક્યાંકથી—

—બે સર્વજ્ઞ મમતાળુ નયનો લાગણીસભર નજરે લાડલા નરેનને નિહાળી રહ્યાં હતાં....

□

# વેદજનનીની સ્મૃતિ

ચાળીસ વર્ષના સુદીર્ઘ સમયગાળા પછી....

શાસ્ત્રીજી, સદ્‌ગુરુદેવ, ઉપાસક એવા શ્રી નરેન્દ્રભાઈ દવેના રાજયોગી અસ્તિત્વમાંથી મા વેદજનનીની દિવ્ય સ્મૃતિએ શિશુ, બાળક, કિશોર અને યુવાન નરેન્દ્રને શોધી કાઢયો....અને....

૧૯૯૧ના જુલાઈ, ઓગસ્ટ મહિનાઓ દરમિયાન સ્વપ્ન અને ધ્યાનનાં માધ્યમોમાં પ્રગટ થઈને જગજનનીએ પોતાના લાડલાને તેની ઉંમરના પ્રત્યેક પગથિયે બનેલા દિવ્ય પ્રસંગોનું દર્શન કરાવીને અતીત પરથી ધુમ્મસનું આવરણ હટાવી દીધું.... અને કહ્યું કે —

"૧૯૩૩માં ૭ મી સપ્ટેમ્બરે તારા જન્મદિને ઝભલું લઈ ને તને રમાડવા હું આવી હતી .... મેં જ વૈદરાજને સૂચન કર્યું હતું કે, બાબાને પાંચ વર્ષ સુધી દૂધ અને ફળ પર જ રાખજો, અનાજ આપશો નહિ ...."

"૧૯૩૪માં તારા જન્મદિવસે રાત્રિના ૧૧ વાગ્યાથી સવારના ૪ વાગ્યા સુધી મેં જ તને પડખામાં લઈને બહુ જ રમાડયો હતો ...."

"૧૯૩૫માં તારી વર્ષગાંઠે પરસનબા તને લઈને રણછોડ-જીના મંદિરે દર્શન કરવા આવ્યાં ત્યારે તને પાસે લઈ ને રમાડનાર પણ હું જ હતી ...."

"૧૯૩૬માં તારા મોસાળ લુણાવાડામાં, ૧૯૩૭માં તારા ગોધરાના ઘરે, ૧૯૩૮માં વીરપુરના જૂના ઘરે પણ હું તને રમાડવા આવી હતી...."

Scanned by CamScanner

"૧૯૩૯માં તારા જન્મદિવસે રાત્રે ૧૨ વાગ્યા પછી ગોધરા તારા ઘરે તને વહાલ કરી મેં આશીર્વાદ આપ્યા હતા...."

"૧૯૪૦માં તારી શાળામાં શિક્ષિકારૂપે, ૧૯૪૧માં તારા ઘરની સામે રણછોડજી મંદિરમાં વૃદ્ધાના રૂપમાં, ૧૯૪૨માં અંકલેશ્વર મહાદેવમાં પ્રૌઢાના સ્વરૂપમાં મેં જ આવીને તને વહાલ કરી આશીર્વાદ આપ્યા હતા...."

"૧૯૪૩માં તું નિશાળે જતો હતો ત્યારે રસ્તામાં તને ઊભો રાખી વહાલ કરી આશીર્વાદ આપનાર હું જ હતી.... ૧૯૪૪માં તારા શિક્ષકને ઘેર યુવતીસ્વરૂપે, ૧૯૪૫માં તારા બાપુજીના દવાખાને ૩૦–૩૫ વર્ષની સ્ત્રીરૂપે, ૧૯૪૬માં ગોધરાના ઘરે તું દાદર ઊતરતો હતો ત્યારે આધેડ વયની મહિલાના રૂપે પણ હું જ હતી...."

"૧૯૪૭માં માચી ખાતે સ્કાઉટ–શિબિરમાં, ૧૯૪૮માં શાળાના વાર્ષિક દિને દોડમાં તું પ્રથમ આવ્યો ત્યારે ક્રમશઃ પ્રૌઢ અને યુવતી સ્વરૂપે તને અભિનંદન આપી, વહાલ કરનાર હું જ હતી...."

"૧૯૪૯માં અંકલેશ્વર મહાદેવના મંદિરે તને કેળાનો પ્રસાદ આપનારી પ્રૌઢા અને ૧૯૫૦માં શાળાના વાર્ષિકોત્સવમાં ભજવાયેલ નાટકમાં સુંદર અભિનય કરવા બદલ તને પ્રથમ પારિતોષિક મળ્યું, ત્યારે તને વહાલ કરી પાંચ રૂપિયાની નોટ ભેટ આપનારી યુવતી પણ હું જ હતી...."

"૧૯૫૧માં તારા પિતરાઈકાકા નટવરલાલ પુરાણીને ત્યાં



Scanned by CamScanner

આવીને તારું ભવિષ્ય ભાખનારી મહિલારૂપે હું જ હતી....૧૯૫૨ માં ગોધરા તળાવ પરના બગીચામાં તેં જે સાધુ મહારાજને કેળાં ખવડાવ્યાં હતાં તે સાધુ મહારાજના સ્વરૂપે હું જ તારી પાસે આવી હતી....!"

— આમ, ૧૯૩૩થી ૧૯૫૨ સુધીના તમામ પ્રસંગોનું દર્શન કરાવીને પરમેશ્વરીએ પોતાના વહાલુડા બાળ નરેન્દ્ર સાથેનો પોતાનો જન્મોજન્મનો નાતો સિદ્ધ કરી બતાવ્યો....અને....

"સ્મૃતિથી સાક્ષાત્કાર" સુધીની યાત્રાનું એક નવું નજરાણું પૂજ્ય ગુરુદેવના વહાલાં ભક્તો સમક્ષ ધરી દીધું....

卐

Scanned by CamScanner

# મારે ખીચડી ખાવી છે!

તારીખ ૯ મી મે, ૧૯૮૭ ને શનિવાર.

રાત્રે હું મારા ઓરડામાં સૂતો હતો. અચાનક જ મારાં બંધ લોચનમાં એક અલૌકિક દિવ્ય સ્વપ્ન આકાર લેવા માંડયું....

અમેરિકાના કાર્યયજ્ઞ દરમિયાનના એક દિવસે હું મારા ઉતારે કંઈક હિસાબ-કિતાબ કરતો હતો. કૈલાસબહેન કામસર બહાર ગયાં હતાં....ત્યાં જ....

પ્રકાશનો મોટો ઝબકારો થયો અને મા ગાયત્રી મારી સન્મુખ પ્રગટ થયાં. માતાજીએ હંમેશની જેમ ઝગારા મારતાં આભૂષણો ત્યારે ધારણ નહોતાં કર્યાં, થોડાં અલંકારો જ ધર્યાં હતાં. વળી, સફેદ સાડીમાં શોભતું તેમનું સ્વરૂપ આંખોને આંજી નાખનારું – અતિ તેજસ્વી નહોતું. તેમના સાદગીપૂર્ણ સ્વરૂપનું દર્શન કરીને આનંદવિભોર થઈ હું તેમનાં કોમળ ચરણોમાં ઝૂકી પડયો....

થોડીવાર બાદ માતાજીએ સોફા પર આસન લીધું. પછી અચાનક જ કહ્યું : "મને ભૂખ લાગી છે...."

હું તો હતપ્રભ થઈ ગયો! માતાજી આવું બોલશે એવી તો કલ્પના સરખી યે મને કયાંથી હોય? થોડીવાર તો શું કરવું એ જ મને ન સમજાયું ...

સ્વસ્થ થતાં જ હું દોડયો. એક ડીશમાં સૂકો મેવો લઈને મેં માતાજી સમક્ષ ડીશ ધરી. તેમણે એક ઊડતી દૃષ્ટિ સૂકા મેવા પર કરીને કહ્યું :

"મારે આવું કે નથી આવું....!"

"–તો શું આવું છે?" મેં નમ્રતાથી કહ્યું.

અને....સ્મિતસહ માતાજીએ ધીમેથી કહ્યું :

"મારે ખીચડી ખાવી છે!"

ફરી એકવાર હું રોમાંચિત થઈ ઉઠ્યો! મને ખીચડી બનાવતાં સારું ફાવે છે....એટલે—

–હું તરત રસોડામાં ગયો. ઝટપટ બધું તૈયાર કરીને ખીચડી બનાવી. દરમિયાન માતાજી બહારના ખંડમાં જ બેઠાં હતાં. વચ્ચે મેં પૂછ્યું પણ ખરું–રસોડામાંથી જ કે,

"ખીચડીમાં લસણ નાખું?"

"હા....ચાલશે." બહારથી જ તેમણે પ્રત્યુત્તર પાઠવ્યો.

હું થાળીમાં ખીચડી પીરસીને માતાજી સમક્ષ હાજર થયો અને તેમનાં શ્રીચરણોની સમીપ બેસી ગયો. માતાજી ખીચડી આરોગવા લાગ્યાં. વચ્ચે–વચ્ચે ખૂબ જ વાત્સલ્યથી તેમણે સ્વહસ્તે એક પછી એક એમ ચાર કોળિયા મને પણ ખવડાવ્યા.

મારા હૃદયમાં એવી ભાવના પણ હતી કે માતાજી ખીચડી આરોગતાં જે શેષભાગ રાખશે તેમાંથી ભક્તોને પ્રસાદ આપીશ....! પરંતુ તેમણે તો એકેય દાણો થાળીમાં રહેવા ન દીધો!

મારા સ્વહસ્તે તેમને જમાડવાની ઇચ્છા પણ મને થઈ હતી, કિંતુ હું બોલી શક્યો નહોતો.

ભોજન પૂર્ણ થયા બાદ મેં માતાજીને જળપાન કરવા પાણીનો ગ્લાસ આપ્યો. જલપાન–હસ્તપ્રક્ષાલન કરી લીધા બાદ માતાજી

Scanned by CamScanner

ખૂબ જ શાંતિ–નિરાંત ધરીને બેઠાં. પુનઃ તેમનાં ચરણોમાં શિશ નમાવી હું બેઠો. અચાનક જ તેમણે મધુર સ્વરે કહ્યું : " તું મારા વિશે કંઈક લખ...." પછી ઠપકાભરી મીઠી ટકોર કરતાં કહે, " કાયમ હિસાબો જ કર્યા કરીશ કે ?"

હું મૌન ધારી બેસી રહ્યો. તેમણે વાત્સલ્યસભર હાથ મારા મસ્તકે અને પીઠે પસવાર્યો અને....

પુનઃ એક તેજલિસોટો થયો અને માતાજી અંતર્ધ્યાન થયાં....

—તે સાથે જ મારી આંખ ખૂલી ગઈ! તે દિવ્ય સ્વપ્નને વાગોળતો હું થોડીવાર પલંગમાં બેઠો થઈ ગયો. સ્વપ્નની વિગતો લખી લીધી.

તે અનન્ય સ્વપ્નની વિગતોને અવાર-નવાર યાદ કરતો, મા વેદજનનીના વાત્સલ્યને સ્મરતો હું પુનઃ નિદ્રાધીન થયો....

□

## કાર્યયજ્ઞમાં ઉપસ્થિતિ

તારીખ ૪ થી સપ્ટેમ્બર, ૧૯૮૭.

બપોરના સાડા-બાર વાગ્યાનો તે સમય.

'નીલોષા' પર વ્યક્તિગત મુલાકાતનો કાર્યક્રમ રાબેતા મુજબ ચાલુ હતો. એક પછી એક મુલાકાતી ભાઈ-બહેનો મારા ઓરડામાં આવી, મુલાકાત લઈ બહાર નિસરી જતાં હતાં.

પોતાનો ક્રમ આવતાં સામાન્ય લાગતાં ૨૫–૩૦ વર્ષની

Scanned by CamScanner

ઉંમરનાં એક બહેને મારા ઓરડામાં પ્રવેશ કર્યો. તેમણે ખુરશી પર સ્થાન લીધું. તેમના હાથમાં જળ ભરેલી બોટલ હતી તે તેમણે અભિમંત્રિત કરાવવા–મારી પાસે–ત્રિપાઈ પર મૂકી.

"બોલો, શું તકલીફ છે?" મેં પૂછ્યું.

"માથું દુઃખે છે." બહેન તરત કહ્યું.

મેં જળ અભિમંત્રિત કર્યું પણ તેમને અન્ય શું સૂચન કરવું તે અંગે મને કશી જ સ્ફુરણા થઈ નહિ. સામાન્ય રીતે જળ અભિમંત્રિત કરતી વખતે જ જે–તે વ્યક્તિને શું સૂચવવું તેની સ્ફુરણા મને થતી રહે છે. તેથી મેં ફરી એક વાર જળ અભિમંત્રિત કર્યું છતાં કશું સ્ફુર્યું નહિ.

મને આશ્ચર્ય થયું: આજે આવું કેમ થાય છે! મેં તે બહેનને કહ્યું: "લાવો, હું તમારા માથે હાથ મૂકું...." કહી મેં હાથ લંબાવ્યો પણ....

આશ્ચર્ય! તે બહેને પોતાનું મસ્તક નમાવ્યું નહિ.

– તરત જ મારી દૃષ્ટિ તેમના ચરણ તરફ ઢળી....

અરે! આ ચરણ? આ નવનીત સમ સ્વાભાવિક ઋજુ ચરણોને તો મેં કૈં કેટલીયે વાર મન ભરીને નિહાળ્યાં છે.... પસવાર્યાં છે....મારા હૃદયના ઊંડાણ સુધી આ ચરણોનાં જ પદચિહ્નો છે તે હું કેમ વિસરી શકું? ચમકીને —

— મેં તેમની સામે જોયું ત્યાં તો....

એ સામાન્ય રૂપ ધીરે ધીરે બદલાઈને અસામાન્ય થઈ ગયું....! અલૌકિક દિવ્ય સ્વરૂપે મંદ મંદ સ્મિત કરતાં જગજનની

Scanned by CamScanner

વેદમાતા મારી સન્મુખે બિરાજમાન હતાં....અને....હું ક્ષણભર તો માને નિહાળી ભાવાવેશમાં આવી ગયો.... !!! પરંતુ—

— તેમનાં શ્રીચરણે માથું મૂકવા જેવો હું ખુરશીમાંથી ઊભો થવા ગયો તો તેમણે મને અટકાવી દીધો. મુખ પર તર્જની રાખીને મને ચૂપ રહેવાનો સંકેત પણ કર્યો. હું માંડ–માંડ ભાવાવેશ પર કાબૂ રાખતો બોલ્યો :

" માતાજી, આપે શા માટે આટલી બધી તકલીફ લીધી ? તમે જ્યાં કહ્યું હોત ત્યાં હું આવી જાત.... "

માતાજીએ જવાબમાં મધુરું સ્મિત કર્યું. વાત્સલ્યસભર નેત્રે તેઓ મને નિહાળી રહ્યાં....

" આપ ઘેર ક્યારે પધારશો ? " મેં પૂછ્યું.

મા મૌન રહ્યાં.

થોડીવાર પછી મુખ મલકાવીને તેમણે કહ્યું :

" હું અહીંથી બહાર જાઉં ત્યાં સુધી તું કશું બોલીશ નહિ...."

" – તો ક્યારે કહું ? " મેં તેમને પૂછી લીધું.

" સાંજે કહેજે." તેમણે તરત પ્રત્યુત્તર આપ્યો.

પુનઃ સામાન્ય મહિલાનું રૂપ ધરી બોટલ લઈને માતાજી ઓરડાની બહાર નીકળી ગયાં....હું તેમનાં પુનિત ચરણોને મનોમન વંદી રહ્યો....

□

Scanned by CamScanner

# સ્વર્ગ જોવું છે?

તારીખ ૧૧ મી સપ્ટેમ્બર, ૧૯૮૮.

બપોરે અઢી વાગે હું અમસ્તો જ પલંગમાં સૂતો હતો. મારી આંખો સહેજ મળી ગઈ અને બરાબર ત્રણ વાગ્યે અચાનક હું જાગી ગયો. આંતરિક જાગૃતિ છતાં આંખો મીંચેલી રાખીને હું પડયો રહ્યો હતો, ત્યાં જ મારા અંતરચક્ષુ સમક્ષ પરદા પર શબ્દોએ આકાર લીધો :

" સ્વર્ગ જોવું છે? મૃત્યુનું રહસ્ય જાણવું છે?".

મેં તરત જ હકારમાં મસ્તક હલાવ્યું. કારણ કે છેલ્લાં કેટલાંક વખતથી સ્વર્ગ અને મૃત્યુ વિશેના રહસ્યમય પ્રશ્નોએ મને વિચારતો કરી મૂકયો હતો. મને તે વિશે જાણવાની ઇચ્છા પણ થતી....તેથી જ મેં 'હ'કારમાં મસ્તક હલાવ્યું કે તરત જ વેદજનની ગાયત્રીનું એકમુખી – બે હાથવાળું – સ્વરૂપ મારા નેત્રપટ પર પ્રગટ થયું !

મા કહે : " ચાલ મારી સાથે."


હું સૂક્ષ્મ દેહે માતાજીની સાથે ઊંચે ઊડવા લાગ્યો. થોડે ઊંચે ગયા પછી મને પડી જવાની બીક લાગતાં મેં બાળસહજ ભાવે માતાજીને કહ્યું :

" હું ઊડી શકીશ નહિ....આ મારી શક્તિ બહારની વાત છે...."

મધુરું સ્મિત વેરીને માતાજીએ તેમનો વરદ હસ્ત મારા તરફ લંબાવ્યો :

" તું મારો હાથ પકડી લે."

Scanned by CamScanner




Scanned by CamScanner

મેં તેમનો હાથ પકડી લીધો. હવે હું નિર્ભયતાથી ખૂબ ઊંચે સુધી તેમની સાથે ઊડયો. તે ઊંચાઈનો અંદાજ લગાવવો અશકય છે.

ઊંચે જતાં નાગરવેલના પાન જેવા આકારની એક સફેદ પ્રવેશિકા – ગુફા જેવું દેખાયું. તેમાં પ્રવેશીને આગળ જતાં અસંખ્ય આગિયાઓનું ઝુંડ ઊડાઊડ કરતું હોય તેમ ટમટમતા દ્યુતિગણ જોયા. તેમની સામે સ્વયંપ્રકાશિત બે તેજસ્વી ગોળાઓ હતા. તેમાંનો એક ગોળો મોટો અને તેની જમણી બાજુએ રહેલો બીજો ગોળો તેનાથી નાનો હતો.

વળી આગળ ઊડતાં થોડા અંતરે એવા જ ટમટમતા નાનકડા દ્યુતિધારકોનું ઝુંડ અને બે તેજસ્વી ગોળાઓ પહેલાંની જેમ જ જોયા. ત્યાંથી ઊડીને આગળ જતાં ફરી એકવાર એવું જ ટમટમતું ઝુંડ અને બે નાના–મોટા તેજસ્વી ગોળાઓ દેખાયા.

ત્યાંથી ઊંચે ઊડતાં અમે કોઈ રમ્ય, દિવ્ય અને આહ્લાદક માહોલમાં પ્રવેશ્યાં. અહીં અનાયાસે જ રોમેરોમ પુલકિત થઈ ઊઠતું હતું અને ચોતરફ બસ પ્રફુલ્લતા જ પથરાઈ હતી, જાણે! વળી, સંગીતની સુમધુર સુરાવલિઓ હૃદય-મનને આનંદિત કરતી હતી....એવું સંગીત મેં કયારેય પૃથ્વી પર સાંભળ્યું જ નથી!

ત્યાં અટકીને માતાજીએ સસ્મિત પૂછયું :

"સ્વર્ગ જોયું ? મૃત્યુનું રહસ્ય સમજાયું ?"

"માતાજી, મને આમાં કશી સમજ ન પડી.... મારી સમજ-શક્તિની બહારની વાત છે....આ ટમટમતાં દ્યુતિગણ, સંગીતની સુરાવલિઓ....આ બધું શું છે ?" મેં નમ્રભાવે કહ્યું.

Scanned by CamScanner

માતાજીએ માર્મિક સ્મિત કર્યું. મારો હાથ પકડી તેઓ મને થોડે દૂર લઈ ગયાં. અહીં ભૂમિ નહોતી, છતાં જાણે ધરતી પર ચાલવાનો અનુભવ થઈ રહ્યો હતો. તે સ્થળ રમણીય હતું. બધે જ પ્રકાશમય વાતાવરણ પથરાયું હતું. કોઈ ઈમારતો કે દેહધારી આત્માઓની ચહલપહલ નહોતી. બસ....નિરવ શાંતિ હતી.

માતાજીએ ખૂબ જ સરળતાથી મૃત્યુનું રહસ્ય મને સમજાવ્યું કે, "મનુષ્ય મૃત્યુ પામે છે ત્યારે તેનો સ્વયંપ્રકાશિત આત્મા દેહમાંથી બહાર નીકળે છે....દુન્યવી લોકો આત્માના તે પ્રકાશને જોઈ શકતા નથી....તે દ્યુતિધર આત્મા ધીરે ધીરે ઉપર આવીને આ પાન આકારની પ્રવેશિકામાં દાખલ થઈને અંદર આવે છે. અહીં અસંખ્ય આત્માઓ પોતાની યોનિ પ્રમાણે જે–તે જૂથમાં જાય છે....આપણે ટમટમતા આગિયાઓના ઝુંડ જેવાં જે ત્રણ જૂથ જોયાં તે ક્રમાનુસાર મનુષ્યયોનિ, પશુયોનિ અને પક્ષીયોનિના આત્માઓ છે....

આ આત્માઓ પોતાના જૂથની સામે રહેલા પ્રકાશના ગોળા તરફ જાય છે. તે મોટો ગોળો આત્માની ગતિ નક્કી કરનાર "દિવ્ય શક્તિ" છે....ક્રમાનુસાર પ્રત્યેક આત્મા તેની સમક્ષ આવીને કર્મ પ્રમાણે ગતિ પામે છે....જે મોક્ષને યોગ્ય હોય તે આત્મા મોટા ગોળાની જમણી બાજુના પ્રકાશના નાના પુંજ(ગોળા)માં વિલીન થઈ જાય છે....જે આત્માઓને પુનઃ જન્મ ધારણ કરવાનો હોય તે મોટા ગોળાની ડાબી બાજુએથી પૃથ્વી પર જન્મ લેવા પરત થાય છે....

જ્યાં સંગીતની સુરાવલિઓ અને દિવ્ય વાતાવરણ છે તે જ સ્વર્ગ છે."

Scanned by CamScanner

મેં પૂછ્યું : " અહીં કોઈ દેવી–દેવતાઓ નથી ? "

" ના, અહીંયા કોઈનો વાસ નથી." માતાજીએ કહ્યું.

મારી જિજ્ઞાસા વધતી જતી હતી. મેં વળી એક પ્રશ્ન કર્યો :

" પૃથ્વી પર તો કહેવાય છે કે મનુષ્ય મૃત્યુ પામે પછી તેને યમદૂતો લેવા આવે છે અને તેને પકડી–બાંધીને લઈ જાય છે, ખૂબ માર મારે છે, નર્કમાં નાંખે છે; તે બધું શું ? "

" અહીં નર્ક જેવું કશું જ નથી...." માતાજીએ કહ્યું, " મેં અગાઉ કહ્યું તે પ્રમાણે જ ટમટમતા પ્રકાશ જેવો આત્મા અહીં આવીને કર્માનુસાર મોક્ષ અથવા પૃથ્વી પર પુનઃ જન્મ ધારણ કરે છે...."

અમે ત્યાં ઊભાં હતાં તે દરમિયાન એક પણ આત્માને મેં મોક્ષના પ્રકાશમાં વિલીન થતો જોયો નહોતો.

" આ માત્ર ભારત પૂરતું જ છે કે સમગ્ર વિશ્વ માટે ? " મેં ભીતરમાં ઊઠેલો પ્રશ્ન પૂછ્યો.

" આ વ્યવસ્થા સમગ્ર વિશ્વ માટે જ છે." માતાજીએ કહ્યું.

આટલો વાર્તાલાપ થયા પછી માતાજી સાથે જ હું નીચે આવ્યો અને મારું શરીર ભૂમિ પર પછડાયું ! હું પલંગમાં સૂતો હતો ત્યાં પણ મને સહેજ પછડાટનો અનુભવ થતાં હું સફાળો જાગી ગયો....ઓહ ! હવે હું ભૌતિક જગતમાં હતો....માતાજીનું સ્વરૂપ અદૃશ્ય થઈ ગયું હતું....

અસલ સ્થિતિમાં આવી ગયા પછી પણ થોડીવાર સુધી તો હું ક્યાં છું તે સમજાયું નહિ....પલંગમાં બેઠા થઈને સ્વસ્થતા

Scanned by CamScanner

પ્રાપ્ત કર્યા પછી મેં જોયેલા સમગ્ર દશ્યનું વર્ણન લખી લીધું અને દોરી પણ લીધું.

સ્વર્ગ અને મૃત્યુના દુર્લભ રહસ્યનો તે સ્વાનુભવ કરાવવા અંગે હું મા વેદજનનીને મનોમન વંદી રહ્યો....

□

## સાચો સૈનિક રડે કે?

૨૮મી માર્ચ, '૮૯ના દિવસે પૂજા દરમિયાન માતાજીએ એવો આદેશ આપ્યો કે,

" આ વખતે ૭મી સપ્ટેમ્બર ( મારી વર્ષગાંઠ ) ઉજવશો નહીં.... "

મેં સર્વજ્ઞ પરમેશ્વરીના આદેશનો નમ્રભાવે સ્વીકાર કરી, મારા કુટુંબીજનો તથા ગાયત્રી-પરિવારના ભક્તગણને આ બાબતથી વાકેફ કર્યા. 'આધ્યાત્મિક-કેડી'ના અંકમાં પણ સાતમી સપ્ટેમ્બર નહિ ઉજવવા વિશેની સૂચના આપી દીધી, જેથી બહારગામના ભક્તોને પણ આ વાત વિદિત થાય.

સહુને આશ્ચર્ય સાથે એક પ્રકારની વેદના પણ થતી હતી.... કેમ ગુરુદેવની વર્ષગાંઠ નહિ ઉજવવાની ? કંઈ અમંગળ થવાનું હશે સાતમી પહેલાં ? માતાજીએ આવો આદેશ કેમ આપ્યો હશે ? લોકો અનેક પ્રકારની કલ્પનાઓ તથા કૈં કૈં તર્ક-વિતર્કો કરતાં હતાં.

Scanned by CamScanner

તા. ૬–૪–'૮૯ના દિવસની વાત છે. ફાગણ વદ અમાસનો તે દિવસ હતો. ગુરુવાર હોવાથી "નીલોષા" અને સિવિલ (જૂના ઘેર) બંને સ્થળે ભક્તોની સંખ્યા નોંધપાત્ર રહી હતી. રાત્રે હું મારા ઓરડામાં પલંગ પર નિદ્રાધીન થયો અને થોડી જ વારમાં સ્વપ્નસૃષ્ટિમાં વિહરવા લાગ્યો.....

સવારે હું માતાજીના મંદિરમાં માળા કરી રહ્યો હતો ત્યારે મારી પાછળથી મને એક હળવો ખોંખારો સંભળાયો. મારી પૌત્રી દેવાંગના રમતી–રમતી મારી પાસે આવી ચડી હશે તેમ સમજી મેં તે તરફ લક્ષ ન આપ્યું. હું તો મંત્રજાપમાં લીન થઈ ગયો....

માળાનો ક્રમ પૂરો થયા બાદ મેં મુખ ફેરવી પાછળ જોયું તો....

સાક્ષાત્ વેદમાતા ગાયત્રી પ્રગટ થઈને મારી પાછળ જ – ભોંય પર જ – બિરાજમાન થઈ ગયાં હતાં !!

મને ક્ષોભ થયો : માતાજી સ્વયં મારી પાછળ આવીને બેસી ગયાં – ખોંખારો ખાધો – છતાં મને ખબર ના પડી કે....તેમાં ય—

"હું આવી તેની તને ખબર નથી ?" એવું જ્યારે જગ-જનનીએ પૂછ્યું ત્યારે તો મારા હૃદયમાં વેદનાની એક ટીસ ઊઠી. આંખો અશ્રુજળથી છલકાઈ ગઈ....હું મૌન ધારી અશ્રુ ખાળવાનો પ્રયત્ન કરતો હતો ત્યાં જ માતાજીએ બીજો પ્રશ્ન કર્યો :

"કેમ બોલતો નથી ? કં નારાજ છે ? ક્રોધ છે ?"

ખલાસ ! હવે તો હું ધીરજ ગુમાવી બેઠો....મારી આંખોમાંથી અશ્રુઓની અવિરત ધારા વહેવા લાગી....'હું તો તમારું જ સ્મરણ કરતો હતો, મા ! તમને વિસરી નહોતો ગયો....' એટલું પણ હું બોલી ના શક્યો....

મારી વેદના જાણી ગયેલાં પરમેશ્વરીએ અચાનક વહાલભરી ભીંસમાં મને લઈ લીધો....પછી તો પૂછવું જ શું? નાના બાળકની જેમ મુક્તપણે હું તેમના સ્કંધ પર મારું મસ્તક ઢાળી રડી પડયો.... !

ખૂબ જ મમતાભર્યો વરદ હસ્ત મારા માથે અને બરડે પસવારતાં; અબુધ બાળકને છાનો રાખતા હોય તેમ તેમણે કહ્યું :

" અરે, તું રડે છે ! મારો શિસ્તબદ્ધ સૈનિક રડે છે ? "

અને....

સગર્વ ઉચ્ચારાયેલા એ શબ્દોએ મને મહામૂલી સાંત્વના અને અડગ હિંમત આપી....મારું રુદન અટકી ગયું. સ્વસ્થ થઈ ને મેં આંખો લૂછી.

પુનઃ એક વાર માતૃવત્સલ ભાવથી મારા માથે અને પીઠ પર હાથ પસવારી માતાજીએ કહ્યું :

" તું જરી યે ફિકર ના કરીશ.... "

— આટલું કહીને તેજના એક ઝબકારા સાથે જ માતાજી અંતર્ધ્યાન થઈ ગયાં....અને....

— મારી આંખો ખૂલી ગઈ....સ્વપ્ન પૂરું થયું હતું. હું મારા ઓરડામાં પલંગ પર સૂતો હતો. મારા મસ્તક નીચે રહેલું ઓશીકું મારાં અશ્રુઓથી ભીનું થઈ ગયું હતું અને....સમગ્ર ખંડમાં સુવાસ પ્રસરી ગઈ હતી....

મેં બેઠા થઈ ને થોડું પાણી પીધું. પુનઃ તે લાગણીપ્રધાન સ્વપ્નને વાગોળતો હું નિદ્રાવશ થયો....

□

Scanned by CamScanner

# સ્ફૂર્તિનો સંચાર

૧૯૮૯ના ડિસેમ્બરની નવમી તારીખ.

સિવિલ હોસ્પિટલનું સરકારી રહેણાંક છોડી અમે વાસણા વિસ્તારમાં યોગેશ્વરનગર સોસાયટીમાં બંધાયેલા 'શ્રદ્ધા' બંગલામાં પ્રસ્થાન કર્યું. વાસણા અમદાવાદના ભદ્ર વિસ્તારોમાંનો એક શાંત વિસ્તાર છે. વળી, 'શ્રદ્ધા'નું નિર્માણકાર્ય મા વેદજનનીની કૃપા, સંકેત અને પ્રેરણા દ્વારા જ કરવામાં આવ્યું હોવાથી અમે સહુ આનંદમાં હતાં. વાસ્તુદેવનું પૂજન કરવામાં આવ્યું હતું.

માતાજીના મંદિરના ગર્ભગૃહ( ભૂગર્ભ )માં ત્રિપદા મહામંત્ર ગાયત્રીની હસ્તલિખિત કેટલીય પ્રતો પધરાવવામાં આવી હોવાથી વાતાવરણમાં આપમેળે જ દિવ્યતા આવી હતી. સવારથી જ સગાં-સંબંધીઓ અને ભક્તોનો અવિરત પ્રવાહ ચાલુ હતો. માતાજીની કૃપાથી આખા દિવસનો કાર્યક્રમ વ્યવસ્થિત રીતે નિર્વિઘ્ને પૂર્ણ થયો હતો.

બંગલામાં હવે તો ઘરવખરી પણ યથાસ્થાને વ્યવસ્થિત ગોઠવાઈ ચૂકી હતી.... પરંતુ નવા નિવાસસ્થાનમાં પહેલો દિવસ હોવાથી સગાં-વહાલાં-ભક્તોની આવન-જાવન, નાની-મોટી ગોઠવણ અને પ્રસંગોચિત વ્યવહારોમાં અમે સૌ મોડી રાત સુધી વ્યસ્ત રહ્યાં હતા.

મોડી રાત્રે લગભગ એક-દોઢ વાગ્યે હું મારા ઓરડામાં પલંગ પર સૂતો ત્યારે મને ખૂબ જ થાક વર્તાતો હતો. હું વિશ્રામ કરી રહ્યો હતો ત્યાં જ....

— અચાનક મારા માથે અને બરડે દિવ્ય વાત્સલ્યભર્યો હાથ ફરવા લાગ્યો.... હું સમજી ગયો.... મા વેદજનની મારી થકાન જોઈને

Scanned by CamScanner

મારા માથે અને પીઠ પર— સૂક્ષ્મરૂપે આવીને— હાથ પસવારતાં હતાં. તેમના ઋજુ સંસ્પર્શથી ઉત્તરોત્તર મારો થાક ઊતરતો જતો હતો....મારા રોમે-રોમમાં એક પ્રકારની આહ્લાદક તાજગી પ્રસરતી હતી....તેમના એ મમતાળુ સ્પર્શની દિવ્યાનુભૂતિમાં તેમનું સ્મરણ કરતો હું ક્યારે નિદ્રાધીન થઈ ગયો તેની મને ખબર જ ન પડી....!

સવારે ઊઠયો ત્યારે થાકનું ક્યાંય નામોનિશાન નહોતું. મારા સમગ્ર શરીરમાં એટલી સ્ફૂર્તિ અને તાજગી વર્તાતી હતી કે મને વીસ-પચીસ માઈલ કોઈ દોડવાનું કહે તો પણ તે વખતે દોડી જાઉં એવું મને થતું હતું....

માતાજીના માતૃવત્સલ સ્પર્શમાં કેટલી શક્તિ ને સ્ફૂર્તિ સમાયેલી છે તેનો સ્વાનુભવ મેં કર્યો હતો....

□

## "હું અહીં જ છું....!"

સર્વજ્ઞ અને સબસમર્થ એવાં વેદજનેતા મા ગાયત્રી હંમેશા પોતાના દરેક ભક્ત-બાળની ખૂબ જ સંભાળ રાખે છે. પોતાનાં ભક્તનાં સામાજિક, કૌટુંબિક અને વ્યાવહારિક જીવનમાં આવતાં ધર્મસંકટો કે વિમાસણોના વખતમાં મા અવશ્ય તેને સહાય કરે જ છે.

જો કે, વ્યક્તિગત રીતે વાત કરું તો મેં ક્યારેય મારા કૌટુંબિક કે સામાજિક પ્રશ્નો ને સમસ્યાઓની રજૂઆત પણ માતાજી સમક્ષ

નથી કરી તો ફરિયાદ તો કેમ કરું ? મને મૂંઝવતી સમસ્યા કોઈ પણ પ્રકારની હોય, પણ તેને પરમેશ્વરીની મરજી પર છોડી દઈને ત્યાર બાદ તેમની પ્રેરણા પ્રમાણે જ હું કોઈ પણ નિર્ણય કરું છું. આપોઆપ જ માતાજી મારું માર્ગદર્શન કરી બધી જ મૂંઝવતી બાબતોને ખૂબ જ સરળ બનાવી દે છે.

આવી જ એક વાત મારા પૌત્ર કંદર્પના યજ્ઞોપવીતસંસ્કાર થયા તે વેળાની છે.

અમારા દવે કુળની પરંપરા પ્રમાણે જનોઈના પ્રસંગે અમુક દિવસો પૂર્વે જવારા વાવવાના, માતાજીનું સ્થાપન કરી પ્રાસંગિક દિવસો દરમિયાન તેમની વિધિવત્ પૂજા-અર્ચના કરવાની અને પ્રસંગ પૂરો થયા પછી તેમનું વિસર્જન કરવાનું – માતાજીને વળાવી દેવાનાં. આ પ્રમાણે આખી ક્રિયા કરવાની.

ચિ. કંદર્પને યજ્ઞોપવીત સંસ્કાર આપવાનું નક્કી કર્યા પછી કૌટુંબિક પ્રણાલી અનુસાર તે જનોઈના પ્રસંગને અંતર્ગત માતાજીના સ્થાપન અને વિસર્જન પ્રસંગ કેવી રીતે ગોઠવી શકાય તે અંગે અમે ચર્ચા કરી રહ્યાં હતાં. ચર્ચાના અંતે અમે એવું નક્કી કર્યું કે જનોઈની સાથોસાથ એક ગાયત્રી મહાયજ્ઞ કરવો.

આ ચર્ચા પછી ૧૯૯૦ના ઑક્ટોબરની નવમી તારીખે સવારે હું મારી દૈનિક પૂજામાં વ્યસ્ત હતો ત્યારે....

બરાબર ૯ ને ૨૫ મિનિટે અચાનક જ મારાં આંતરચક્ષુ સમક્ષ મેં શબ્દોને સાકાર થતાં જોયાં :

" તા. ૯ મી ડિસેમ્બરે યજ્ઞ કરવો અને મારો પાટોત્સવ ઉજવવો....

તા. ૨૭-૧-'૯૧ના રોજ કંદર્પની જનોઈ કરવી....અહીં મારી ઉપસ્થિતિ છે જ....પછી મને તેડવાનો કે વળાવવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી...."

જેવું આ લખાણ અદશ્ય થયું કે તરત થોડીવાર પછી હું ધ્યાનમાંથી જાગ્રત થયો. મારાં નેત્રોમાં ભીનાશ તરવરી ઊઠી.... માતાજી મારી કેટલી કાળજી રાખે છે.... ! શબ્દમાં વ્યક્ત ન થઈ શકે એટલો પ્રેમ મા મારા પર રાખે છે.... ! અમારી કૌટુંબિક પ્રણાલીની યોગ્યાયોગ્યતા વિશેની મારી મૂંઝવણ માતાજીએ સંકેત આપીને ટાળી દીધી હતી .... !

પૂજા પૂર્ણ કરીને મેં ઘરનાં સૌ સભ્યોને માતાજીના આદેશની જાણ કરતાં જ સૌની આંખો પણ માતાજી પ્રત્યેના અનન્ય ભાવથી ભીંજાઈ ગઈ.... !

માતાજીના આદેશ અનુસાર-તેમની પરોક્ષ ઉપસ્થિતિની અનુભૂતિ કરતાં કરતાં મેં ૧૯૯૦ના ડિસેમ્બરની નવમી તારીખે ૧૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞ કર્યો હતો. ભક્તોને પણ આવી અનુભૂતિ થઈ હતી. જનોઈનો પ્રસંગ પણ માતાજીની કૃપા-પ્રેરણાથી ખૂબ જ ઉમંગ ને ઉત્સાહ સાથે ઉજવાયો હતો.

તેથી જ, હું કહું છું કે અડગ શ્રદ્ધા ને સાચી શરણાગતિનો કોઈ વિકલ્પ નથી !

□

Scanned by CamScanner

# "હું નવ વાગ્યે આવું છું....!"

તારીખ ૫ મી સપ્ટેમ્બર, '૯૧ની એ સોનલવર્ણી સંધ્યા સરી રહી હતી....'શ્રદ્ધા'ની કૂટિરમાં હું ઝૂલા પર બેઠો હતો.... કૂટિરમાં ભજન-ધૂન ચાલતાં હતાં....

અચાનક મારા કાનમાં વેદજનનીનો ચિરપરિચિત ઝીણો સ્વર સંભળાયો:

"હું નવ વાગ્યે આવું છું...."

પંચામૃત સમા એ પાંચ શબ્દો મારા રૂંવે-રૂંવે ઉમંગ પ્રગટાવતા ગયા....મેં કૈલાસબહેનને આ વાત કરી અને માતાજીના સ્વાગત માટેની તૈયારી કરવા જણાવ્યું. કૈલાસબહેને મારા ઓરડામાં માતાજીના સ્વાગતની તૈયારી કરી.

પૂર્વે ક્યારેય આ રીતે-અગાઉથી સૂચન આપીને મા પધાર્યાં નહોતાં-તેમનું પ્રાગટ્ય અચાનક જ થતું, તેથી મને અત્રે સાનંદાશ્ચર્ય થયું હતું.... સ્તુતિ-આરતી દરમિયાન પુનઃ એકવાર છયે શાસ્ત્રના સાર સમા એ શબ્દો મેં સાંભળ્યાં:

"હું નવ વાગ્યે જ આવું છું...."

આરતી પૂર્ણ થયા બાદ મેં કૂટિરમાં ત્યારે ઉપસ્થિત ભક્તોને આ વાતથી વાકેફ કર્યા ત્યારે તો તેમના ચહેરાઓ પર વસંત બેસી ગઈ! થોડીવાર બાદ હું મારા ઓરડામાં ગયો.

પોણા નવ વાગ્યાથી હું માતાજીની પ્રતીક્ષા કરતો મારા ઓરડામાં પલંગ પર બેઠો હતો. બરાબર નવ વાગ્યે તેજનો એક ઝબકારો થયો અને ૨૫-૩૦ વર્ષની યુવતીના સ્વરૂપમાં જગત-જનની મા ગાયત્રી પલંગ પાસે પાથરેલી સાદડી પર પ્રગટ થયાં.

Scanned by CamScanner

માતાજીએ સોનેરી રંગની ભાતવાળી રેશમી સાડી બંગાળી ઢબે પરિધાન કરી હતી. તેમનું દ્યુતિસભર મુખારવિન્દ અતિ દેદીપ્યમાન – છબીની મધ્યમાં દેખાય છે તેવું – હતું. ચરણોમાં નૂપુર સાથે થોડાં આભૂષણો તેમણે ધારણ કર્યાં હતાં અને અંબોડો વાળેલો હતો....

આનંદવિભોર થઈને હું ઊઠીને તેમના મંદાર સમ ઋજુ ચરણોમાં ઝૂકી ગયો. મેં તે કલ્પચરણો પકડી લીધાં. થોડી ક્ષણો પશ્ચાત્ હું બેઠો હતો તે જગ્યાએ મા પલંગમાં બિરાજમાન થયાં. હું તેમના ઘૂંટણ પર મસ્તક ટેકવીને સાદડી પર બેસી ગયો. માતાજીએ મારા મસ્તક અને પીઠ પર વાત્સલ્યસભર વરદ હસ્ત પસવાર્યા કર્યો. માતાજીના વત્સલ સાન્નિધ્યની શીતળતાને માણતો, નાના બાળકની જેમ તેમનાં શ્રીચરણો ગ્રહી રાખીને ઘૂંટણ પર મસ્તક ઢાળીને હું થોડીવાર બેસી રહ્યો.

થોડીવાર પછી ઊભા થઈને મેં ટેબલ પર તેમના સ્વાગત માટે તૈયાર કરેલી વસ્તુઓમાંથી લઈને અનુક્રમે —

* સહુપ્રથમ માતાજીને મારા સ્વહસ્તે ગોળ ખવડાવ્યો. તેમણે મને પણ તેમના સ્વહસ્તે સામે ગોળ ખવડાવ્યો.

* બદામનો ભૂકો ચમચીમાં લઈને તેમના હાથમાં આપતાં તેઓએ આરોગ્યો. એ જ ચમચીથી તેમણે બદામનો ભૂકો મારા હાથમાં આપ્યો, જે હું પણ આરોગી ગયો.

* સૂકા મેવાની ડીશમાંથી એક એક કાજુ, બદામ, દ્રાક્ષ અને પીસ્તા લઈને તેમણે મારા હાથમાં આપ્યાં, જે મેં પણ ખાધાં.

* પાણીના જગમાંથી મેં પોણો ગ્લાસ ભરીને માતાજીને પાણી

Scanned by CamScanner

પીવા આપ્યું. માતાજીએ થોડું પાણી પીને ગ્લાસમાં થોડું રહેવા દીધું. મેં કંઈક વિચારી ગ્લાસ મૂકી દીધો.

"કેમ ગ્લાસ મૂકી દીધો? એ પાણી તું પી જા." મારા મનની વાત જાણી ગયેલા માતાજીએ આજ્ઞા કરી.

મેં ગ્લાસમાં રહેલું પાણી પીધું.

* ટ્રેમાં રાખેલું શ્રીફળ લઈને મેં માતાજીના કરકમળમાં મૂક્યું.

તેમણે પૂછ્યું: "કંકુ ક્યાં છે?"

કંકુ મૂકવાનું વિસરાઈ ગયું હતું, તેથી હું મૌન રહ્યો.

માતાજીએ શ્રીફળ બાજુ પરના ટેબલ પર મૂકી દીધું. થોડી જ ક્ષણોમાં માતાજીના ડાબા હાથની હથેળીમાં કંકુ આવી ગયું! કંકુમાંથી જમણા હાથની બે આંગળી વડે મારા કપાળે ચાંલ્લો કર્યો અને હાથની આંગળીઓ કંકુવાળી કરી તેમણે મારા બંને ગાલે વારાફરતી વહાલથી કંકુ લગાવ્યું ને કહ્યું:

"આ તારા સાઠમા વર્ષની ખુશાલીમાં."

માતાજીએ તેમના સ્વહસ્તે શ્રીફળ લઈને તેના પર કંકુ પધરાવી મારા બંને હાથમાં આપ્યું, જે મેં લઈને ટેબલ પર મૂકી દીધું.

* ટેબલ પરથી પુસ્તક લઈને મેં માતાજીને આપ્યું. માતાજીએ પુસ્તક જોયું, થોડાં પાનાં ફેરવ્યાં અને મને પરત કર્યું. મેં લઈને યથાસ્થાને પાછું મૂકી દીધું. પછી પુનઃ માતાજીનાં ચરણોમાં હું બેસી ગયો. મારું મસ્તક તેમના ઘૂંટણ પર ઢાળી દીધું.

Scanned by CamScanner

માતાજીએ વાત્સલ્યથી મારો હાથ પકડીને ઊભો કરીને પલંગમાં તેમની બાજુમાં જ બેસાડી દીધો અને મને કહ્યું :

"૧૯૩૨થી અત્યાર સુધી હું તારી સાથે જ છું, અને બધા બનાવો મેં તને જણાવ્યા છે. તું કહે છે કે બાવીસ વર્ષો નકામાં કાઢયાં, પરંતુ મારે તને સંસારનો અને દુનિયાદારીનો અનુભવ કરાવવો હતો....નહીંતર તું સંસારથી વિરક્ત થઈ જાત. તું તારા મા–બાપનો એકનો એક દીકરો હોવાથી મારે તને સંસારમાં રાખીને જ આ કાર્ય કરાવવું હતું...."

ત્યાર બાદ મારા કાર્યયજ્ઞ વિશે થોડી વાતો કરી, તેમણે મને માર્ગદર્શન આપ્યું.

થોડી ક્ષણો બાદ માતાજી પલંગમાંથી ઊભાં થઈને ટેબલ પાસે–બધી તૈયારી કરી હતી ત્યાં–ગયાં. લેટરપેડ અને પુસ્તક પર કંકુનો છંટકાવ કર્યો. હું પલંગ પર જ બેઠો રહ્યો. ત્યારબાદ ટેબલ પાસે તેજનો એક લિસોટો થયો અને વેદજનની પુનઃ અદૃશ્ય થઈ ગયાં!

તે વખતે ઘડિયાળમાં બરાબર નવ વાગીને પંદર મિનિટ થઈ હતી.

સમગ્ર વાતાવરણ ગુલાબની ભીની ભીની સુવાસથી મહેકતું હતું. શ્રીફળ, લેટર-પેડ અને પુસ્તક પર જયાં માતાજીએ કંકુ પધરાવ્યું હતું તેમાં ૐ સ્પષ્ટ દેખાતો હતો. લેટર-પેડ પર '૬૦' પણ સ્પષ્ટ દેખાતું હતું.

થોડીવાર બાદ કુટિરમાં ઉપસ્થિત ભક્તોએ પણ મારા ઓરડામાં આવીને તે રમ્ય, સુવાસિત વાતાવરણને અનુભવ્યું અને માતાજીએ પધરાવેલા કંકુનાં દર્શન કર્યાં....

□

Scanned by CamScanner

# અવિસ્મરણીય ક્ષણો

– હજુ ય માનસપટ પર થનગન્યા કરે છે એ ચિરસ્મરણીય ક્ષણો....! દૃષ્ટિ સમક્ષ તરવર્યા કરતું એ દિવ્ય દૃશ્ય આજે પણ શરીર પરનાં કરોડ-કરોડ રુંવાડાંને મમતાના આહ્‌લાદક સ્પર્શથી રોમાંચિત કરી જાય છે....૧૯૯૧ની પાંચમી સપ્ટેમ્બરની એ યોજનગંધા સંધ્યાને સમય પોતે પણ ક્યારેય વિસરી નહિ શકે! કારણ કે —

– તે દિવસે વિશ્વભરનાં મંદારપુષ્પોની દીવાળી હતી. એટલે તો જાણે કે નૂતન વર્ષની વધાઈ આપવા અધીરી થઈ હોય તેમ, મંદારમય શાતાસભર સુરભિ દોડી આવી હતી 'શ્રદ્ધા'ની શાંત, રમ્ય અને સુશોભિત કૂટિરના દિવ્ય દ્વાર પર....ઉપસ્થિત અલ્પસંખ્યક ભાવકોને અનન્યની અનુભૂતિ કરાવી જતી ગુરુવારની એ સોનલ-વર્ણી સંધ્યાનું પગલે પગલું દબાવતી શ્યામાએ અવનિ પર પોતાનો પાલવ પાથર્યો કે તરત જ વાત્સલ્યની અદૃશ્ય પ્રતીતિ થતાં પૂજ્ય ગુરુદેવનાં શાંભવી નેત્રોએ ભીતર દૃષ્ટિ કરી....યુગોયુગોથી અગોચરીના આદેશો શ્રવણ કરવા આતુર રહેતાં એ શિસ્તબદ્ધ સૈનિકના કાને મમતાનો મંજુલ સ્વર ગુંજ ઊઠયો :

'હું નવ વાગ્યે આવું છું....!!!"

કૂટિરમાં ચાલતાં કીર્તનમધ્યે કર્ણેન્દ્રિય પર સ્પર્શ કરતાં એ પાંચ શબ્દોનું પંચામૃત કોણ સીંચી ગયું? મા આવે – આ રીતે? પૂર્વે કદી આવું – આ પ્રકારનું સૂચન આપીને પરમેશ્વરીએ પ્રાગટય નથી કર્યું તો આજે આ શબ્દો....મનોમન મધુરી મૂંઝવણ અનુભવતો વિશ્વંભરીનો વ્હાલસોયો કૂટિરના હૈયા-હિંડોળે ઝુલતો

રહ્યો....લાડલાના મનહૃદયમાં સંતાકૂકડી રમતા સંદેહને પિછાણીને કૂટિરમાં જ ક્યાંક સૂક્ષ્મ રૂપે ફરતી મહામાયા કેવું મીઠું-મીઠું મુસકાતી હશે....! તેથી જ આરતી-સ્તુતિ દરમ્યાન પુનઃ એક વાર 'બા-અદબ, બા-મુલાહિજા, હોશિયાર'ની છડી પોકારતા હોય તેવા એ શબ્દો ધ્યાનસ્થ ઋષિના શ્રવણે ગૂંજી ઊઠયા :

"હું નવ વાગ્યે જ આવું છું...."

— પછી તો પૂછવું જ શું ? 'મા આવે છે'ની પ્રતીક્ષાસભર ક્ષણોમાં બાળહૃદયમાં માતૃપ્રેમનો મહાસાગર મસ્તીએ ચડયો ! પરમનું સુયોગ્ય સ્વાગત કરવા માટેની સંપૂર્ણ વ્યવસ્થા પૂ. ગુરુદેવના ખંડમાં કરવામાં આવી. આ પ્રસંગે—મા વેદમાતાના પ્રાગટય સમયે જે કંઈ બન્યું તે આપ સહુ જાણો છો પરંતુ મારે તો તે વખતે 'શ્રદ્ધા'ની બહાર—કૂટિરમાં ઊભેલા સમયને જોવો છે.

ગુરુવારનો દિવસ હોવા છતાં કૂટિરમાં વર્તાતી ભક્તોની પાંખી હાજરી, આ પ્રસંગની સહુથી પહેલી વિશેષતા છે. "જેને રોકાવું હોય તે રોકાય, જેને જવું હોય તે જાય"—મભમ રીતે બોલાયેલા ગુરુદેવનાં માર્મિક વચનોનો પોતપોતાની મતિ અનુસાર અર્થ કરીને કેટલાંક ભક્તો રોકાયાં અને કેટલાકે વિદાય લીધી. આખરે પૂ. ગુરુદેવે ઉપસ્થિત ભક્તોને જણાવી દીધું કે, 'મા નવ વાગ્યે આવે છે.' (આ શબ્દો સાંભળ્યા પછી કયા અભાગિયાને કૂટિર છોડીને ઘેર જવાનું મન થાય ?)

રાત્રીના સાડા-આઠથી પોણા નવ સુધી કૂટિરમાં ભજન-કીર્તન-ધૂન ઇત્યાદિ થતાં રહ્યાં. આંગળીને વેઢે ગણી શકાય એટલાં આસ્તિક જનો કૂટિરના રમ્ય અને દિવ્ય થતા જતા એ માહોલને

અનોમન અનુભવી રહ્યાં હતાં. મહામંત્રના માનસિક જાપમાં લીન બનેલાં સહુનાં મન-હૃદય પર આજે અમીવર્ષા થતી હતી જાણે! હૃદયના ધબકાર બોલી રહ્યાં હતાં : "મા....મા....મા...."

સમય ઊભો હતો કૂટિરના કોઈ ખૂણે. બરાબર નવના ટકોરે.... નવખંડના નવજાત મંદારપુષ્પોની સમગ્ર સુરુભિ સમેટીને સમીર દોડતો આવ્યો 'શ્રદ્ધા'ના આંગણે અને પરમના માર્ગમાં પાથરી દીધી એ ભીની ગુલાબી સુગંધોને....

તું અટકીશ મા મારી લેખિની! તારી અ-ક્ષર અનુભૂતિને આજ ભલે વર્ણનશક્તિની સીમાઓ સૂંઘવી પડે પણ લખ.

જગતજનનીના પ્રાગટ્યની એ અવિસ્મરણીય ક્ષણોની બાહ્ય અનુભૂતિ કરવા વિસ્ફારિત નેત્રે પૂજ્ય ગુરુદેવના ખંડના વાતાયન પ્રતિ તાકી રહેલાં અનેક આતુર નયનોએ બરાબર નવ વાગ્યે પ્રાગટ્યની દ્યુતિનો એ ક્ષણિક કિન્તુ હૃદય અજવાળી જનારો ઝબકાર નિહાળ્યો ને 'મેં જોયો, મેં જોયો' કરતાં અશ્રુઓ હર્ષોલ્લાસ-માં ઉમટવા લાગ્યાં....! લોચનનાં પરદા બંધ કરીને આ પ્રસંગની આંતરિક અનુભૂતિ કરવા આતુર એવા ભક્તોના શ્રવણ પર, પૂ. ગુરુદેવના ખંડમાં કુમકુમ પગલાં પાડી રહેલી પરમેશ્વરીના સ્વભાવે જ ઋજુ–પુનિત ચરણે ઝણકતાં મહાભાગ્યશાળી નુપુરનો આરોહિત-અવરોહિત નાદ સંભળાયો–સંભળાયો–સંભળાયો....અને મા સાથે મીઠડી વાતચીત કરી રહેલા ગુરુદેવના સ્વરના પડઘાનો અસ્પષ્ટ ધ્વનિ પણ બહાર ઊભો–ઊભો સાંભળતો હતો પેલો સમય.

પંદરેક મિનિટ પશ્ચાત્ મા અંતર્ધ્યાન થયાં અને પૂ. ગુરુદેવની અનુમતિથી આતુર ભક્તો તેમના ખંડમાં દોડી ગયાં ત્યારે જ

Scanned by CamScanner

ખ્યાલ આવ્યો કે વિશ્વભરના ગુલાબોની મહેંક તો તેમના ખંડમાં જ હતી....હે મંદાર ! મને તારા પ્રારબ્ધની ઈર્ષ્યા કેમ થાય છે ?

આપ સહુ જાણો છો આ આખો ય પ્રસંગ. કિન્તુ આપ અનભિજ્ઞ હશો કેટલીક વિશેષતાઓથી. ઉપરોક્ત પ્રસંગે ઉપસ્થિત ભક્તોનાં વસ્ત્રોમાં વસી ગયેલી મંદારસુરભિએ આ પછી છેક ત્રણ-ચાર દિવસે ભારેખમ હૈયે ધીરે–ધીરે વિદાય લીધી હતી તે આપ જાણો છો ? એટલું જ નહિ, આ પ્રસંગે મા વેદમાતાના પ્રાગટયની વધાઈ આપવા પૂ. ગુરુદેવના વેવાઈ શ્રી ચંદ્રકાંતભાઈને ત્યાં પહોંચી ગયેલા બિરેન (લાલુ)ને સૂંઘીને—

" તમે ગુલાબનું અત્તર છાંટયું છે કે શું ? "

—એવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં વિલસી ગયેલું લાલુનું હાસ્ય તમે નિહાળ્યું નથી જ.

મારા એકના એક વ્હાલસોયા બગલથેલામાંથી સતત બે દિવસ સુધી પ્રસરતી રહેલી ગુલાબની સુવાસે તો મારાં સર્જનોમાં પણ સુરભિ ભરી છે તે આપ જાણતા નથી કદાચ.

— આ સર્વે વિશેષતાઓમાં પણ શિરમોર તો છે તે સમયનું, કુટિરનું આહ્લાદક, દિવ્ય, સુશોભિત, સુરભિત, શીતળ અને ન ભૂતો ન ભવિષ્યતિ જેવું વેદમય વાતાવરણ. એટલે જ તો કહું છું—

— હજુ ય માનસપટ પર થનગન્યા કરે છે એ ચિરસ્મરણીય ક્ષણો....

□

# રાસનો રસોત્સવ

(આસો સુદ અષ્ટમી, તારીખ ૧૫મી ઑક્ટોબર, ૧૯૯૧, મંગળવાર)

" દેવલોકની એક દેવીએ પધારી
પાવન કર્યાં અમારાં આંગણાં...."

કુટિરના સુરભિમય વાતાવરણને પરમના અસ્તિત્વની વધાઈ આપતાં ગરબાના ઉપરોક્ત શબ્દો સાંભળતાં જ 'શ્રદ્ધા' પરના આકાશમાં હસું હસું થઈ રહેલો આસો સુદ અષ્ટમીનો ચંદ્ર મન મૂકીને મલકી ગયો....

૧૯૯૧ની તારીખ ૧૫મી ઑક્ટોબર ને મંગળવારની એ મંગલકારી રાત્રિએ હજુ તો હમણાં જ ગરબાની સુરાવલિઓમાં મગન થયેલા ગગનને પોતાનો શ્યામલ પાલવ ઓઢાડયો હતો. નવરાત્રિમાં પણ અષ્ટમીની રાત્રિ એટલે પરમ સમીપનું પર્વ. તેથી જ, 'શ્રદ્ધા'ની ભક્તિદા ભૂમિ પર આજ વિશાળ ભક્તસમુદાય ભગવતીના અગોચર અસ્તિત્વની અનુભૂતિ પામવા સદાસ્મરણીય સદ્‌ગુરુદેવના સુખદ સાન્નિધ્યમાં એકત્રિત થયો હતો. સમગ્ર વિશ્વમાંથી હાથ ઝાલી દિવ્ય સુરભિઓને 'શ્રદ્ધા' પ્રતિ લઈ આવતો શીળો સમીર જગજ્જનનીની લાડકવાયી કૂટિરને હળવી ટપલીઓ મારી આવનારી કો' મહામૂલી પળની આગાહીઓ જ કરતો હશે ને....!' છતાં—

—ઢોલના ઘેઘુર નાદ અને તાળીઓના તાલે વર્તુળાકારે ઘૂમી રહેલાં અનેક ભક્તચરણોને હજુ કંઈક ખૂટતું હોય તેમ લાગતું હતું.... 'શ્રદ્ધા'ના એ શક્તિમય ચોકને પ્રતીક્ષા હતી પરમેશ્વરીને પૃથ્વી પર પ્રગટવાનું અધિકારપૂર્ણ આમંત્રણ આપનારા તારુણ્યસભર

વાનપ્રસ્થી શાસ્ત્રીય ચરણોના ઠેકાની....! કિંતુ એ ચંદનાર્ચિત ચરણોનો સ્વામી તો આજે કૂટિરના હૃદયાસન પર ઝૂલતો વારંવાર પોતાનાં નેત્રોનો લૌકિક જગત સાથેનો સંબંધ તોડી, અલૌકિકમાં દષ્ટિ કરી, દૂર દૂરથી 'શ્રદ્ધા' પ્રતિ મંડાઈ ચૂકેલાં વેદજનનીનાં કલ્પચરણ અને 'શ્રદ્ધા' વચ્ચેનું પ્રતિપળ ઘટતું જતું અંતર હર્ષિત હૃદયે નિરખી રહ્યો હતો....અને હા, આજના મંગલ પ્રભાતે જ પોતાના તેજસ્વી લલાટે છૂપકે છૂપકે કુમકુમનું તિલક કરી ગયેલી મા સાથે ગરબે રમવા ષષ્ટીમાં થનગનતું શૈશવી હૃદય બાળહઠ તો કરે જ ને!

એટલે જ —

—પોતાના પગલે પગલે પરવરતા મા-હૃદયની ભીતરમાં રાસે રમવાની ઇચ્છા પ્રગટાવવા પૂજ્ય ગુરુદેવ અનેકના વેરાન જીવનવનમાં વૃંદાવન સર્જનારી વાંસળી સાથે વિરામ પશ્ચાત્ પુનઃ શરૂ થયેલા ગરબામાં પધાર્યા કે તરત જ ગીત–સંગીત–નાદ–તાલ–સ્થળ–કાળ–સમસ્તમાં મસ્ત થઈને પ્રસરતાં આધ્યાત્મિક આંદોલનોએ માહોલને દિવ્યતામાં ઢાળવાનું શરૂ કર્યું....કહે છે કે લૂંટાવનારા જ્યારે લૂંટાવવા બેસે છે ત્યારે લૂંટનારા પણ લૂંટવામાં કંઈ બાકી નથી રાખતા....અને તેમાં પણ આ તો સહુને પોતાનું ખૂબ જ સમીપનું લાગતું સ્વજન છતાં, સદા 'સ્વ'ના સામીપ્યમાં જ 'સ્વ'ની અનુભૂતિ કરાવનારું મનોહર વ્યક્તિત્વ....એટલે રાસની રસલહાણ લૂંટવામાં કોણ બાકી રહે? સમદર્શી સદ્ગુરુદેવે સસ્મિત વદને સહુને પોતાના સામીપ્યનો સંતોષકારક અનુભવ અર્પીને રાસના એ વર્તુળથી જ પોતાની વહાલપનું વર્તુળ જાણે કે દરેકે દરેક ભક્તહૃદયની ફરતે રચી દીધું....!

પુનઃ થોડી પળોના વિરામ બાદ 'શ્રદ્ધા'નો આહ્લાદક ચોક ઢોલના ઢમકાર અને હાર્મોનિયમ પરથી રેલાતી ભુજંગ-નૃત્યની ધૂનથી નાચવા લાગ્યો. અગાઉથી નિશ્ચિત કર્યા મુજબ ગાયત્રી પરિવારના ચાર ભક્તયુવાનો સાથે ક્રમશઃ પૂજ્ય ગુરુદેવે સર્પ-મદારીનો માર્મિક ખેલ કર્યો. નાગની માફક ડોલાયમાન નૃત્ય કરતાં નરદેહી ભક્ત સામે મદારીની માફક નૃત્ય કરતા નરેન્દ્રદેવને નિરખીને સોરઠિયા શબ્દો યાદ આવે :

ગુરુ અમારા ગારૂડી, અમ પર કીધી મ્હેર,
મહોરો દીધો મહામંત્રનો, ચૂસી લીધાં અમારાં ઝેર.

એક પછી એક એમ ચારે ય યુવાનો સાથે ખેલી ચૂકેલા ભૌતિક રીતે ૬૦ વર્ષના અને આધ્યાત્મિક દૃષ્ટિએ સતર વર્ષના એ 'છોકરા'એ જે ઉછળ-કૂદ કરીને બીનની સૂરાવલિઓ પર નૃત્ય કર્યું, તેનું વર્ણન કરતી વખતે 'બિચ્ચારી' કલમની કલ્પન-શક્તિની દયા જ આવે છે!

અટકી ગયો હશે ચંદ્ર આકાશમાં. પરાકાષ્ઠાએ પહોંચેલું સંગીત–ઢોલના નાદ–બીનની ગતિમય ધૂન અને ડાબે-જમણે ગોઠવાઈ જઈને ચોકમાં ચચ્ચાર યુવાનો વચ્ચે થનગનાટ કરતાં ગુરુદેવને નિષ્પલક નેત્રે નિહાળી રહેલાં અન્ય ભક્તો, દાંડીયા ને તાળીઓના તાલનો સાથ આ નૃત્યમાં ક્યારે આપવા માંડયાં તેની તો તે ભક્તોને ય ખબર રહી નથી! અને....

આવા મસ્ત માહોલમાં 'શ્રદ્ધા' સુધી આવી પહોંચેલા વેદજનનીનાં ચરણોમાં રણઝણતાં નૂપુરનો નાદ સાંભળી લીધો હોય તેમ બધાંને એકતરફ ખસી જવાનો સંકેત કરી પૂજ્ય ગુરુદેવે જાણે

Scanned by CamScanner

રાસરાસેશ્વરી સાથે રમવાની શરૂઆત કરી.... પોતાનાં દિવ્યચક્ષુઓથી સન્મુખે પધારેલી 'મા'નું સ્વાગત કરવા એ અણનમ શિશ સહજ નમ્યું. નમસ્કારની સાથે જ વાંસળીથી સામે તાલ આપવાનું સાતત્ય જળવાયું હતું. થોડી ક્ષણો તે મુદ્રામાં રહ્યા બાદ ભાવાવેશમાં આવી ગયેલા ગુરુદેવે બાળસહજ મસ્તીથી મા સાથે રાસ રમવાનું શરૂ કર્યું....

— પેલો ચંદ્ર ગતિ ચૂક્યો કે શું? ૬૦ વર્ષે પહોંચેલો કોઈ પુરુષ આવી મુક્ત રીતે શરીર ઉછાળીને રમી શકે ખરો? સતત ચાળીસ મિનિટથી એકધારા રેલાઈ રહેલા બીનના આ સંગીતને અને થાકેલા ઢોલીડાના બાવડાંને સાતત્યનું બળ કોણ આપી રહ્યું છે સતત? રે, આ પળનું વર્ણન કરવાનું બીડું કોણ ઝડપશે – બ્રહ્માંડમાં?

મહાભાવ અવસ્થામાં મા સાથે રાસ રમન્તા બાળકના – ગુરુદેવના એ સ્વરૂપને અને તે દૃશ્યને ભક્ત-હૃદય ક્યારેય વિસરી ન જ શકે. મસ્તકે વિખરાઈ ગયેલાં શ્યામ કેશ, પુનિત પ્રસ્વેદના બિંદુઓથી વધુ તેજસ્વી ઝગમગાટ કરતું શરીર, ઢોલના નાદે-નાદે ઠમક-ઠમક નાચી રહેલાં મૃદુ ચરણોને મસ્તી, અમસ્તી અમસ્તી હસી રહેલી એ વદનમુદ્રા, સામાન્યજન માટે અગોચર એવી મહાશક્તિ સાથે રાસની રમઝટ – આ બધું દૃષ્ટિએ જોયું છે તો દૃષ્ટિને વાણી નથી ને વાણી વર્ણવી શકે છે તો તેને દૃષ્ટિ નથી! વળી, વેદજનનીના આગમનની સાથોસાથ જ ઢોલના તાલ સાથે તાલબદ્ધ રીતે કૂટિરના હૃદય જેવો પૂજ્ય ગુરુદેવનો ઝૂલો પણ આપમેળે જ ઝૂલવા માંડયો ત્યારે પરમના અસ્તિત્વની અસર કેવી હોય છે તેનો ત્યાં હાજર રહેલા સહુને ખ્યાલ આવ્યો.

Scanned by CamScanner

૧૯૬૧માં ગોધરામાં લાલબાગ ટેકરીએ નવરાત્રિની પાંચમે યુવતી રૂપે રાસમાં પ્રવેશી પોતાની સાથે રમી-રમીને થકાવીને ચાલી ગયેલી વ્હાલસોયી મા ૧૯૯૧માં એટલે કે ત્રીસ વર્ષે આજ ફરીથી રાસની રસલ્હાણ કરવા આવી હતી ત્યારે 'હવે થાકવાનું નામ દે એ બીજા' એ રીતે પૂજ્ય ગુરુદેવ ભાવમગ્ન બનીને રાસમાં મસ્ત હતા. એક તરફ મહાશક્તિ ને બીજી તરફ રાસરાસેશ્વર....આ રાસલીલાનો તો યુગો-યુગો સુધી વિરામ ન આવે....! એટલે જ, માતૃપ્રેમની પરાકાષ્ટાએ વિહરતા ગુરુદેવે 'કોઈ હાર્યું નહિ, કોઈ જીત્યું નહિ' એવું વિચારીને અથવા અતિભાવાવેશમાં રાસ રમતાં રમતાં પોતાને ભેટી પડેલી માને ભેટવા આલિંગન કર્યું....અને....

પૂજ્ય કૈલાસબહેને ગુરુદેવના ખભે હાથથી સ્પર્શ કર્યો. તરત જ દિવ્ય મસ્તીમાં મસ્ત પૂજ્યશ્રીની દષ્ટિ પૂ. કૈલાસબહેન પર પડી. એ દષ્ટિમાં મા હતી—વાત્સલ્ય હતું—દિવ્યતા હતી—મીઠો ઠપકો પણ ખરો. પૂજ્ય કૈલાસબહેને નાના બાળકને ફોસલાવતાં હોય તેમ ગુરુદેવને મનાવ્યા. વિશ્રામ લેવા સમજાવ્યા. રાસની રસલહાણ કરીને પરમેશ્વરી તો પોતાની મંદિરમાં મૂકેલી છબી પાસે કંકુનો છંટકાવ કરીને અંતરિક્ષમાં અગોચર થઈ ગયાં હતાં.

થોડી પળોના વિરામ બાદ પુનઃ રાસ-ગરબા શરૂ થયા. વાતાવરણમાં દિવ્ય સુરભિ પ્રસરી હતી. પૂ. ગુરુદેવે ફરી એક વાર ગરબામાં ઘૂમીને પોતાની અસીમ શક્તિનો પ્રત્યક્ષ પરિચય કરાવ્યો. છેલ્લે, ભગવતીની સ્તુતિ–આરતી કરીને પ્રસાદ લઈ સહુએ આ પરમાનંદ આપનારા પ્રસંગનું સ્મરણ કરતાં કરતાં વિદાય લીધી.

☐

Scanned by CamScanner

## સ્વપ્નસિદ્ધિ-પિતાજીનું આધ્યાત્મિક દર્શન

કુટિરનાં ભક્તવૃંદ સાથે ત્રણ લકઝરી બસ અને મારી ફીઆટ લઈને હું સહકુટુંબ દક્ષિણ ભારતની યાત્રાએ નીકળ્યો હતો. દક્ષિણના એક ગામને વીંધીને અમે ગામની બહાર મુકામ કર્યો. રસોઈયા મહારાજ અને અન્ય ભક્તોએ રસોઈ તયાર કર્યાં બાદ જમીને સૌ નિદ્રાધીન થયાં.

મોડી રાત્રે અચાનક હું જાગી ગયો. સૌ નિદ્રાવશ હતાં. હું એકલો જ કાર લઈને ફરવા નીકળ્યો....આગળ જતાં એક ત્રિભેટે આંતરસ્ફુરણાથી મેં કારને જમણી બાજુએ વાળી. એ તરફ આગળ જતાં આરસપહાણનો શ્વેત મહેલ નજરે ચડતાં હું ત્યાં પહોંચી ગયો. મહેલના દરવાજે કોઈ પહેરેગીર ન દેખાતાં એ નિર્જન સ્થળે કોઈ હોય તો તેનું ધ્યાન દોરવા મેં મોટરનું હોર્ન વગાડયું.... અને....

—મહેલની અંદરથી જટાળા જોગી જેવો એક સિંહ લાંબી છલાંગો ભરતો બહાર દોડી આવ્યો....ભયનું એક લખલખું મારા સમગ્ર અસ્તિત્વને ધ્રુજાવી ગયું....વિચારોની ગતિ તીવ્ર થઈ ઈગ ....મેં તરત જ મોટરના કાચ ચડાવી દીધા અને હેડલાઇટ ચાલુ રાખી, જેથી તેના પ્રકાશથી પેલા ડાલમથ્થાળા સિંહની આંખો અંજાઈ જાય....હૃદયના એક-એક ધબકારા સ્પષ્ટપણે સાંભળતો હું બેસી રહ્યો....

થોડીવાર પછી મેં એક પહેરેગીરને ટાર્ચ લઈને ફરતો જોયો....મેં તરત જ મોટરનું હોર્ન વગાડયું. હોર્નનો અવાજ

Scanned by CamScanner

કાને પડતાં તે પહેરેગીર મોટરની નજીક આવ્યો, સહેજ વિસ્મયથી તેણે પૂછ્યું :

"કેમ સાહેબ, અત્યારે—અહીં ?"

"ભાઈ, સૌ પ્રથમ તું આ સિંહને બાંધી દે." મેં સલામતી ખાતર કહ્યું. પહેરેગીરે મારી વાતનો પ્રત્યુત્તર ન વાળ્યો. મેં સાહજિક કૂતુહલથી પૂછ્યું :

"ભાઈ, આ બિલ્ડીંગ કોનું છે ?"

"સાહેબ, આ તો આધ્યાત્મિક કેન્દ્ર છે."

"અંદર કયા દેવની સ્થાપના છે ?"

"ગાયત્રીમાતાજીની સ્થાપના છે."

"મારે અંદર દર્શન કરવા આવવું છે; અંદર કોણ રહે છે ?"

"એક સંન્યાસી છે અને હું !" તેણે કહ્યું.

"હું પણ ગાયત્રી–ઉપાસક છું અને ગુજરાતમાં ગાયત્રી–ઉપાસક શાસ્ત્રીજી તરીકે મારું નામ જાણીતું છે...." મેં મારો પરિચય આપતાં પૂછ્યું :

"તમે મારું નામ સાંભળ્યું છે ?"

તેણે 'ન'કારમાં મસ્તક ધુણાવ્યું. મને થયું છબી જોઈને તે મને ઓળખી શકશે. મેં તેને કારમાં લગાવેલું મારી તસવીરવાળું સ્ટીકર બતાવ્યું તેમ છતાં તે મને ઓળખી ન શક્યો.

હું તેની સાથે મહેલમાં દાખલ થયો. મને બેસાડીને તેણે પીવા માટેનું પાણી આપ્યું. મને પાણી પીવાની ઇચ્છા ન હોવાથી હું



Scanned by CamScanner

તે ભવ્ય મહાલયની આંતરિક સજાવટ નિરખી રહ્યો. આવા ભવ્ય અને દિવ્ય ધર્મસ્થાનમાં નિવાસ કરનાર સંતને મળવાની સ્વાભાવિક ઇચ્છાને વશ થઈને મેં પહેરેગીરને પૂછ્યું :

"ભાઈ, અંદર જે સંત રહે છે, તેમને મળી શકાય ખરું ?"

"ના, અત્યારે તેઓ નિદ્રાધીન છે...."

"–તેમને જગાડી ન શકાય ?" મારી ઉત્સુકતા પ્રતિપળ વધતી જતી હતી.

પહેરેગીરે કોઈ પ્રત્યુત્તર ન આપ્યો. પેલો સાવજ અત્યારે તેની સમીપે બેસી ગયો હતો. અમારી વાતચીત આગળ વધે તે પહેલાં જ અંતર્ગત રૂમોનાં દ્વાર એક પછી એક ઉઘડતા હોય તેવો અવાજ આવ્યો અને ક્ષણવારમાં તો મારી સામેના દ્વારમાં મેં મારા સ્વર્ગસ્થ બાપુજીને મંદ મંદ સ્મિત સાથે ઊભેલા જોયા. તેમનો દેહ ધોતિયું અને યજ્ઞોપવીતથી શોભાયમાન હતો. મેં ઊઠીને તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા....

"અત્યારે – અહીં કેવી રીતે ?"

સાનંદાશ્ચર્ય અનુભવતા બાપુજીએ મને પૂછ્યું. પછી ઉત્તરની અપેક્ષા રાખ્યા વિના જ કહ્યું : "ચાલ".

અમે બંને સાથે ચાલવા લાગ્યા. એક રૂમ તરફ નિર્દેશ કરીને બાપુજીએ કહ્યું :

"આ માતાજીની રૂમ છે."

તે રૂમ સાતમી હતી.

અમે આગળ ચાલતાં જ હતાં, ત્યાં સામેથી – ત્રણ ત્રણની બે હરોળમાં અને વચ્ચે એક એમ સાત વનકેસરી સિંહરાજો સામેથી

Scanned by CamScanner

ધીર-ગંભીર ચાલે ચાલ્યા આવતાં જોયા. બાપુજી સાથે હોવાથી હવે મારા ભયનું પ્રમાણ નહિવત્ હતું.

"આ સિંહ આપણું સ્વાગત કરે છે...." બાપુજીએ કહ્યું.

સાત સિંહમાંથી વચ્ચેનો સિંહ આગળ આવ્યો અને મારી સમક્ષ માથું નમાવીને મને વંદન કર્યાં. તે પછી સાતે ય વનરાજો પૂંઠ ફેરવી અમારી આગળ–આગળ ચાલવા લાગ્યા. અમે મા ગાયત્રીની એક મૂર્તિ સમીપે જઈને અટકયા.

તે મૂર્તિમાંથી મા વેદજનની સ્વયં પ્રગટ થયાં. માતાજી અને બાપુજી એક સોફા પર સાથે બિરાજમાન થયાં. પેલા સાતે ય સાવજ તે સોફાની ફરતે બેઠા. હું ઊભો હતો ત્યાં પણ એક ખુરશી આવી ગઈ. હું તેમાં ગોઠવાયો.

અનેરી ભાત ભરેલી શ્વેત સાડીમાં શોભતાં 'મા'એ મને આવવાનું પ્રયોજન પૂછતાં મેં કહ્યું :

"હું ભક્તોને લઈને યાત્રાએ નીકળ્યો છું."

"તારે હજુ ઘણાં આધ્યાત્મિક રહસ્યો સમજવાનાં બાકી છે." બાપુજી બોલ્યા હતા.

"માતાજી જણાવશે ત્યારે હું જાણીશ." મેં કહ્યું.

બાપુજી અને માતાજીએ કંઈક વાતચીત કરી. બાપુજી અત્યારે દેવગિરા સંસ્કૃતમાં બોલતા હતા. ત્યાર બાદ બંને ઊઠીને ચાલવા લાગ્યા. પેલા સાતે ય વનકેસરી પણ તેમને અનુસર્યાં.

મેં માતાજીને પ્રાર્થના કરતાં કહ્યું કે, આપનું વાહન તો હંસ છે તો અહીં હંસ હોય તો સારું. થોડી જ વારમાં સાત હંસો

Scanned by CamScanner

પાંખો ફફડાવતા આવી ગયા અને સાતે ય સિંહ પર એક-એક એમ બેસી ગયા.

હવે અમે એક ખુલ્લા મેદાનમાં ઊભાં હતાં.

"તને જમીન પરથી અદ્ધર થતાં આવડે છે?" બાપુજીએ અચાનક જ મને પૂછયું.

મેં કહ્યું: "મારી શક્તિ નથી."

"ચાલ, હું તને બતાવું."

એટલું કહીને તેઓ જમીન પર દર્ભના આસન પર બેઠા, કોઈ મંત્રોચ્ચાર કર્યો અને જમીનથી ચાર-પાંચ ફૂટ અદ્ધર થઈ ગયા. મને પૂછયું:

"તારે અદ્ધર થવું છે? તું આ આસન પર બેસી જા."

મેં તે પ્રમાણે કર્યું. પુનઃ એકવાર તેઓ કંઇક મંત્ર બોલ્યા કે તરત જ હું અદ્ધર થઈ ગયો. થોડી ક્ષણો બાદ નીચે જમીન પર આવી ગયો.

હું હજુ આગળ કૈં વિચારું તે પહેલાં બાપુજીએ મને પૂછયું:

"તને પાણી પર ચાલતાં આવડે છે?"

"ના, જી." મેં કહ્યું.

એટલામાં એક મોટું સરોવર દેખાયું. બાપુજી પાણી પર ચાલીને સામા કિનારે જઈ, એ જ રીતે પાછા આવી ગયા.

"તારે પાણી પર ચાલવું છે?" એવું પૂછીને મારા પ્રત્યુત્તરની રાહ જોયા વગર જ તેમણે મારા પગે એક કપડું બાંધીને સાથે એક દર્ભની સળી બાંધી દીધી. ત્યાર બાદ હું એકલો પાણી પર ચાલી શકયો.

Scanned by CamScanner

ત્યાર બાદ બાપુજીએ પૂછ્યું :

"તારે આકાશમાં ઉડવું છે!" મેં ના પાડી, છતાં તેમણે સ્કાર્ફ જેવું એક કપડું પોતાના ગળે બાંધી, તેની લાંબી દોરી બંને પગ સુધી લઈ જઈ, પગ નીચે રહેલા પાટિયા અને દર્ભ સાથે બાંધી દીધી. વળી કોઈ મંત્રોચ્ચાર કરતાં જ બાપુજી હવામાં ઊડયા અને થોડી પળો બાદ જમીન પર આવી ગયા. બાપુજીએ એ જ રીતે મારા ગળામાં સ્કાર્ફ અને તેની દોરી પગના પાટિયા અને દર્ભ સાથે બાંધી મંત્રોચ્ચાર કર્યો. મેં હાથ પહોળા કર્યા અને હું ઊડવા લાગ્યો!

દસેક મિનિટ પછી મેં ઉપરથી જ કહ્યું કે મારે નીચે આવવું છે. માતાજી અને બાપુજી હાસ્ય વેરતા હતા. તેઓ થોડીવાર પછી મને નીચે લાવ્યા.

"ભરતજીએ દ્રોણાગિરિ લઈ જતાં હનુમાનજીને ઘાયલ કર્યા બાદ દર્ભની સળી પર આ રીતે ઉડાડયા હતા...." બાપુજીએ મને રામાયણનો પ્રસંગ યાદ કરાવ્યો.

મા વેદજનની બાપુજીને યાદ દેવડાવતાં હોય તેમ બોલ્યા :

"૧૯૮૫માં તેણે ઇંગ્લૅન્ડમાં ઇચ્છા કરી હતી કે આપણી મોટર ઊડે તો કેવું સારું!"

તત્ક્ષણ એક સફેદ રંગની એમ્બેસેડર જેવી ગાડી આવી ગઈ. મારા આશ્ચર્ય વચ્ચે બાપુજી સ્ટીઅરીંગ સીટ પર બેસી ગયા. હું તેમની બાજુમાં બેઠો. બાપુજી ફરી એકવાર કોઈ મંત્ર બોલ્યા અને મોટર આપમેળે જ ઊડવા લાગી! દસેક મિનિટ સુધી મોટર ઊડતી જ રહી....દરમિયાનમાં મને વિચાર પણ આવ્યો કે હવે આ નીચે કઈ

Scanned by CamScanner

રીતે ઊતરશે ? હું આગળ કંઈ વિચારું તે પહેલાં ગાડી જમીન પર ઊતરી આવી.

આ પછી હું, માતાજી અને બાપુજી બેઠા-બેઠા કંઈક વાતો કરતા હતા. બાપુજીએ મને કહ્યું કે મેં તને ચાર સિદ્ધિઓ બતાવી.

"મારે તો માતાજી કરાવે તે જ કરવું છે...." મેં નમ્ર સ્વરે કહ્યું : "આ બધું મારે નથી જોઈતું."

માતાજીએ મને પૂછયું :

"તારે આંખો દેખતી કરવી છે ને? ચાલ તને બતાવું."

છેલ્લા કેટલાક સમયથી ચક્ષુહીન–દષ્ટિહીન લોકો પ્રત્યે મારા હૃદયમાં જાગેલી અનુકંપા અને તેમને દષ્ટિ આપી શકવાની શક્તિ પ્રાપ્ત કરવાની મારી હૃદયેચ્છા મા જાણી ગયાં હતાં. તેમણે આંખની તકલીફવાળા પચાસેક માણસોને ઉપસ્થિત કર્યા. તે સહુને મારી સમક્ષ ઊભા રાખી માતાજી મને કહે, "આ લોકોની આંખે તારે તારા હાથથી સ્પર્શ કરવાનો છે...."

હું ઊભો હતો ત્યાં પેલા સાતે ય સિંહ મારી આસપાસ ગોઠવાઈ ગયા. પેલા સાતે ય હંસો પણ પૂર્વવત્ તેમની પીઠ પર વિરાજીત હતા. હું માનસિક રીતે ખૂબ જ શાંત હતો. હું આગળ કંઈ પણ કરવા જાઉં તે પહેલાં જ તેમાંના એક સિંહે ગર્જના કરી અને....

— મારી આંખ ઊઘડી ગઈ! નિદ્રાનો ભંગ થયો....હા, તે સ્વપ્ન હતું. એક સુદીર્ઘ, દિવ્ય ને આહ્લાદક સ્વપ્ન. દક્ષિણ ભારત.... લકઝરી બસ....આરસનો મહેલ....સિંહ....બાપુજી....માતાજી.... બધું જ મારી દષ્ટિ સમક્ષ તરવરી રહ્યું હતું. પેલા સિંહની ગર્જના

Scanned by CamScanner

હજુ મારા કર્ણપટલ પર પડઘાતી હતી....હું સ્હેજ ગભરાયેલો અને પ્રસ્વેદથી તરબતર હતો.

મેં ઘડિયાળમાં જોયું તો રાત્રિના ત્રણ વાગ્યા હતા. તા. ૧૭–૪–'૯૨, શુક્રવાર ને ચૈત્રી પૂનમની વહેલી સવારે આવેલા એ અભૂતપૂર્વ સ્વપ્નની દિવ્યતાને વાગોળતો હું આહ્‌લાદકતા અનુભવતો મનોમન માતાજી અને બાપુજીને વંદન કરતો હતો....

□

## આદ્યમાતાના સ્વરૂપે

"૧૯૫૯ અને ૧૯૬૧માં મેં તને બચાવ્યો હતો, તું યાદ કર...."

અચાનક જ તા. ૨૦–૬–'૯૨ ને શનિવારે રાત્રે સ્વપ્નમાં વેદજનેતા મા ગાયત્રીએ ઉપરોક્ત સંકેત કર્યો....

તે પછીના દસે'ક દિવસ સુધી તો એકત્રીસ વર્ષ પૂર્વેના અતીતમાં મેં સ્મરણશક્તિને કામે લગાડીને ખૂબ ખાંખા-ખોળાં કર્યાં, પરન્તુ વીતી ગયેલા સમયની ગર્તામાં ધકેલાઈ ગયેલાં તે પ્રસંગો એટલાં ઊંડાણમાં ચાલ્યાં ગયાં હતાં કે તેમનું સ્મૃતિપટ પર આવવું અશક્ય જ લાગતું હતું....મેં મારો સમગ્ર ભૂતકાળ નિચોવી નાખ્યો તો ય માતાજીએ કહેલાં પ્રસંગબિંદુઓ તો ન ટપક્યાં તે ન જ ટપક્યાં !

આખરે —

Scanned by CamScanner

— તા. ૨૮–૬–'૯૨ ને રવિવારે શ્રદ્ધા–કુટિરમાં લગભગ ૭–૪૫ વાગ્યે સ્તુતિ ગવાતી હતી તે દરમિયાન, મારી ધ્યાનાવસ્થામાં જ માતાજીનો મંજુલ સ્વર મારા કર્ણપટલ પર ગૂંજી ઊઠયો :

"ચાલ, તને ૧૯૫૯નો પ્રસંગ બતાવું...."

બીજી જ ક્ષણે મારાં આંતરચક્ષુ સમક્ષ ૧૯૫૯નો તે પ્રસંગ તાદૃશ થતો ગયો....

રાત્રિના લગભગ નવ વાગ્યાનો તે સમય.

ગ્રીષ્મઋતુના પ્રભાવથી દિવસ દરમિયાન રહેલી ગરમીથી કંટાળીને હું ને મારી ઑફિસના બે સાથી કર્મચારીઓ – નંદુ પટેલ અને સાતકલમીસાહેબ – ખુલ્લી હવામાં ફરવા નીકળ્યાં હતાં. મેં બેટરી પણ સાથે રાખી હતી.

અલકમલકની વાતો કરતાં-કરતાં ગામની ભાગોળેથી એકાદ કિલોમીટર દૂર સુધી અમે નીકળી ગયાં. હું રસ્તાની ધારે-ધારે ચાલતો હતો....આવશ્યકતા ન લાગવાથી મેં બેટરી પણ બંધ રાખી હતી. અચાનક જ —

—ગાઢ અંધકારમાં રસ્તાની ધારને સ્પર્શતા ૧૫ ફૂટ ઊંડા ને ચાર-પાંચ ફૂટ પહોળા એક ખાડામાં મારો એક પગ પડયો અને....બીજી જ ક્ષણે....

હું ખાડામાં હતો.

હા, હું ખાડામાં 'પડયો' નહોતો. કારણ કે ખાડામાં મારો પગ પડતાં જ કોઈ અગોચર શક્તિએ મને ઝીલીને સીધેસીધો જ તેમાં ઊતારી દીધો હોય તેવું મને લાગ્યું. મને સહેજ પણ ઈજા થઈ

Scanned by CamScanner

નહોતી. ઉલ્ટું, હું ખાડામાં ઊભો જ રહી ગયો હતો. મારી બેટરી પણ ઉપર જ પડી ગઈ હતી.

મારા બંને સાથીઓ તો તેમની મસ્તીમાં જ ચાલ્યાંત હતાં. ‘હું ખાડામાં પડી ગયો છું’ એવી બૂમ જો મેં ના પાડી હોત, તો તેઓ ઘણે દૂર નીકળી જાત કારણ કે તે બંને આ ઘટનાથી અજાણ હતાં....!

મારી બૂમ સાંભળતાં જ તેઓ ખાડા પાસે દોડી આવ્યા. ગભરાટભર્યા સ્વરે તેમણે મને પૂછ્યું :

“હવે, વાગ્યું તો નથી ને?”

“ના....મને જરાય વાગ્યું નથી....” મેં ખાડામાંથી કહ્યું.... “પણ મારી બેટરી ઉપર પડી ગઈ છે....તે શોધીને પ્રકાશ ખાડામાં ફેંકો જેથી ખાડાની પરિસ્થિતિનો મને ખ્યાલ આવે....”

બંનેએ બેટરી શોધી કાઢી. તેમણે ઉપરથી બેટરીનો પ્રકાશ ખાડામાં ફેંકતા જ ખાડાની આંતરિક સ્થિતિ સ્પષ્ટ થઈ. ખાડો પહોળો અને ઊંડો હતો. એવું કોઈ જ અવલંબન નહોતું જેના આધારે ઉપર ચઢી શકાય.

“જુઓ, મારાથી બહાર નીકળી શકાય તેમ નથી....”

મેં મારા બંને સાથીઓને કહ્યું, “તમે લોકો એક કામ કરો....અહીં નજીકમાં જ લાકડા વહેરવાની ફેક્ટરી છે; ત્યાં જઈને થોડા માણસો અને દોરડું વગેરે લઈ આવો....”

બંનેએ દોટ મૂકી. ફેક્ટરીના દરવાજા સુધી તેઓ પહોંચ્યા, ત્યાં જ તેમની દૃષ્ટિ પોતાના ખભે દોરડું અને માથા પર મોટું મજબૂત પાટિયું રાખીને ચાલ્યા જતા એક આધેડ વયના બહેન પર

Scanned by CamScanner

પડી. બહેન ગામડા-ગામની હાડેતી મહિલા જેવાં મજબૂત બાંધાનાં અને ઘઉંવર્ણાં હતાં. તેમની આગળ એક ગાય ચાલતી હતી જેની પીઠ પર ઘાસનો મોટો પૂળો હતો. ગ્રામીણ ખેડુ મહિલા જેવી ભાતીગળ સફેદ સાડી તે બહેને પરિધાન કરી હતી.

મારા સાથીઓએ એક શ્વાસે તે બહેનને બધી હકીકત જણાવ્યા પછી તેમનું દોરડું આપવાની વિનંતી કરી. પેલાં બહેને કહ્યું :

"ચાલો, હું તમારી સાથે આવું છું અને તમારા ભાઈબંધને ખાડામાંથી બહાર કાઢી આપું છું...."

તેઓ ત્રણે ય ખાડા પાસે આવી ઊભા.

સૌ પ્રથમ તો પેલાં બહેને અંદર દૃષ્ટિ કરીને મને પૂછ્યું :

"ભ'ઈ....તને કૈં વાગ્યું તો નથી ને?"

"ના જી....વાગ્યું તો નથી...." મેં ખાડામાંથી જવાબ આપ્યો : "પરંતુ....અહીંથી નીકળી શકાય તેમ નથી...."

"તું જરા ય ચિંતા ન કરીશ....હું તને હમણાં જ બહાર કાઢું છું...." તે બહેનના સ્વરમાં આત્મવિશ્વાસ પડઘાતો હતો....!

— જો કે મારા બંને સાથીઓ કોઈ મદદ મેળવવા ગયા હતાં ત્યારથી જ મેં ખાડામાં જ પલાઠી વાળીને માનસિક મંત્રજાપ શરૂ કરી દીધા હતા. તેથી હવે તો મારો રહ્યો-સહ્યો ગભરાટ પણ છૂ થઈ ગયો હતો. પેલા બહેનના ખાતરીપૂર્વકના શબ્દોએ તો વળી મને તદ્દન નિશ્ચિંતતા બક્ષી હતી....હું જોઈ રહ્યો હતો...

તે મજબૂત મહિલાએ ખાડાની વચ્ચોવચ્ચ રહે તે રીતે — પાટિયાના બંને અંતિમો ખાડાની સામ–સામે ધાર પર રહે તે

Scanned by CamScanner

પ્રમાણે—પાટિયું ગોઠવ્યું. તેઓ પાટિયાની બરાબર વચ્ચે ઊભાં રહ્યાં. દોરડાનાં એક છેડે બે ગાંઠો લગાવી જેમાં પગ ભરાવી શકાય. દોરડાનો તે છેડો ખાડામાં નાંખી, બીજો છેડો પોતે પકડી રાખીને તેમણે મને કહ્યું :

"ભ'ઈ! આ દોરડું તારા શરીર ફરતે વીંટાળી દે અને આ બે ગાંઠો પર પગ ટેકવી દે પછી હું તને ઉપર ખેંચી લઈશ...."

"બહેન....મારું વજન વધારે છે...." મેં મારા મનનો સંશય વ્યક્ત કર્યો : "તમે એકલાં નહિ ખેંચી શકો...."

"ભ'ઈ ચિંતા ન કરીશ, હું તને ક્યાંય અથડાવ્યા વગર ખેંચી લઈશ....સહેજ ઉઝરડો ય નહિ પડવા દઉં...." તે બહેને કહ્યું.

તેમની સૂચના અનુસાર મારા શરીર ફરતે દોરડું વીંટાળી, બે પગ બે ગાંઠો પર ટેકવી હું તૈયાર થઈ ગયો....પગમાં ચંપલ હોવાથી ગાંઠો પર પગ ટેકવવામાં મુશ્કેલી પડતી હતી....છેવટે મેં તે બહેનને જ પૂછ્યું : "મારા પગમાં ચંપલ છે તેનું શું કરું?"

"તારા પેન્ટના ખિસ્સામાં મૂકી દે...." તેમણે તરત જ ઉપાય બતાવ્યો. તે બહેનની કુશાગ્ર બુદ્ધિપ્રતિભા પર મને માન થયું.

ચંપલ પેન્ટના ખીસ્સામાં મૂકીને મેં મારા બંને સાથીઓને પાટિયાના એક—એક છેડે પાટિયા ઉપર ઊભા રહેવાનું કહ્યું જેથી પાટિયું ખસી ન જાય.

થોડી જ વારમાં પેલી મજબૂત મહિલાએ પાટિયાની ધાર પર દોરડું ઘસાય તે રીતે કૂવામાંથી ઘડો ખેંચતા હોય તેમ મને ૧૫

Scanned by CamScanner

ફૂટ ઊંડા ખાડામાંથી બહાર ખેંચી કાઢયો....!!! પાટિયા સુધી ખેંચાઈ આવતાં હું તેના આધારે જ ઉપર ચઢી ગયો. પાટિયા પર તે બહેનની પાછળ ચાલતો–ચાલતો રસ્તા પર આવી ગયો!

અમે સહુ આનંદિત થઈ ગયા. મારા સાથીઓને તો એટલો હરખ થયો કે પેલાં ગ્રામ્ય સન્નારીને તેઓ પુરસ્કારરૂપે અગિયાર રૂપિયા આપવા માંડયા....પરંતુ....

તે બહેન કોઈ જુદી માટીનાં જ હતાં. તેમણે રૂપિયાનો અસ્વીકાર કરતાં કહ્યું :

" ના, ભ'ઈ! મારાથી પૈસા ન લેવાય...." મારી તરફ નિર્દેશ કરીને તેઓ બોલ્યા : " આ તો મારા દીકરા જેવો છે....મારા ઘેર પણ આવા દીકરાઓ છે...."

પછી તેમણે મને પૂછયું : " ભ'ઈ, તું શરીરે જરા જોઈ લે....કશું વાગ્યું તો નથી ને....?"

" ના જી, મને કંઈ જ વાગ્યું નથી...." મેં કહ્યું.

તે બહેને માતૃસહજ ભાવે મારા મસ્તકે અને બરડે વાત્સલ્યસભર હાથ પસવાર્યો.

" હવે, હજુ એકવાર જોઈ લે....તને કૈં વાગ્યું હોય કે ઉઝરડા થયા હોય તો અત્યારે જ દવાખાને સારવાર કરાવીને જ ઘેર જઈએ...." મારા સાથીઓના સ્વરમાં આશ્ચર્ય પણ હતું.

" સારવારની જરૂર નથી." મેં ટૂંકમાં પતાવ્યું

પેલાં બહેને દોરડું વાળીને ખભે ભરાવી, માથે પાટિયું મૂકી, તેમની સફેદ ગાયને લઈને ચાલવા માંડયું. હું અને મારા સાથીઓ

Scanned by CamScanner

તે નોખા પ્રકારની ગ્રામ્યનારીને અહોભાવથી નિહાળી રહ્યા.... પછી....

વાતો કરતાં-કરતાં ઘરે પાછા આવ્યા....

—દૃશ્ય સમાપ્ત થયું....એકત્રીસ વર્ષ પૂર્વેના અતીતમાંથી હું વર્તમાનમાં આવ્યો....કુટિરમાં માતાજીની આરતી ગવાતી હતી તેમાં જોડાઈ ગયો....છતાં માતાજીએ ધરેલું ગ્રામ્યમહિલાનું સ્વરૂપ અવારનવાર સ્મરણમાં આવી જતું હતું....

□

# તમને તો ઠંડુ દૂધ ભાવે છે ને?

હવે ૧૯૬૧નો પ્રસંગ યાદ કરવાના પ્રયત્નો હું કરવા લાગ્યો હતો.

મારે વધુ વખત પ્રતીક્ષા ન કરવી પડી. બીજા જ દિવસે એટલે કે તા. ૨૯–૬–'૯૨ને રવિવારે રાત્રે સ્વપ્નમાં માતાજીએ અતીત પર પડી ગયેલો વિસ્મૃતિનો પરદો ઊંચકી લીધો.... ૧૯૬૧નું એ પ્રસંગદૃશ્ય મારી પાંપણમાં પ્રગટ થયું....

— ગોધરામાં સરકીટ હાઉસના ડાઈનીંગ-રૂમમાં એક ડાઈનીંગ-ટેબલ ફરતે મારી ઑફિસના અમે છ કર્મચારીઓ બેઠા છીએ. કોઈ નાનકડી મિજબાની જેવો પ્રસંગ છે. છ બેઠકોવાળા એ ડાઈનીંગ–ટેબલ પાસે હું ખુરશીમાં બેઠો છું. મારી પાસે ડીશમાં થોડાં કેળાં છે અને બે પ્યાલામાં ગરમ દૂધ છે. બીજા કર્મચારી–મિત્રો ભોજન કરે છે ત્યારે હું કેળાં આરોગતો બેઠો છું. તે સમયે....

Scanned by CamScanner

રસોડાના જમણી બાજુના દરવાજેથી પંદરેક વર્ષનો એક સોહામણો કિશોર આવીને મારી જમણી બાજુએ ઊભો રહે છે.

"સાહેબ, તમને તો ઠંડુ દૂધ ભાવે છે ને....! લાવો, હું ઠંડુ દૂધ લઈ આવું...." એટલું કહીને તે છોકરો મારા જવાબની રાહ જોયા વગર જ, મારી પાસે ટેબલ પર પડેલા ગરમ દૂધના બંને પ્યાલા લઈને ચાલ્યો જાય છે અને થોડી જ વારમાં ઠંડા દૂધના બે પ્યાલા લાવીને ટેબલ પર મૂકી ચૂપચાપ જતો રહે છે....

— દૃશ્ય સમાપ્ત થયું અને તરત જ મને માતાજીનાં દર્શન થયાં. તેમના અધર પર માર્મિક સ્મિત હતું. મેં કહ્યું કે "માતાજી, મને કંઈ સમજાયું નહિ...."

માતાજીએ રહસ્યસ્ફોટ કરતાં કહ્યું: "તારી પાસે ટેબલ પર મૂકેલા પ્યાલામાં જે દૂધ હતું તે ગરમ કરતી વખતે તેમાં ગરોળીનો ગલ પડયો હતો.... તું એ દૂધ પીવે તે પહેલાં જ પંદર વર્ષના છોકરાનું રૂપ લઈને હું ત્યાં આવી હતી....તને ઠંડુ દૂધ લાવી આપવાના બહાને ગરમ દૂધનાં બંને પ્યાલા મેં લઈ લીધા. રસોડામાં રસોઈયાને કુદરતી હાજતે જવાની પ્રેરણા આપી તેથી તે શૌચાલયમાં જતો રહ્યો. તે દરમિયાનમાં પેલા બે પ્યાલાનું દૂધ મેં ઢોળી દીધું, પ્યાલા ધોઈને સાફ કર્યા પછી ફ્રીજમાંથી ઠંડુ દૂધ ગ્લાસમાં ભરીને તને ટેબલ પર આપ્યું....

તારી ઑફીસના સ્ટાફ માટે સરકીટ હાઉસમાં એક જમણ–પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. તું પાર્ટીમાં જમતો ન હોઈ તેં પાર્ટીમાં સામેલ થવાની ના પાડી હતી, પરંતુ આયોજક અને કર્મચારી–મિત્રોના આગ્રહથી તે પાર્ટીમાં હાજર રહેવા સંમતિ દર્શાવી; ફક્ત દૂધ અને કેળાં જ લઈશ એવું જણાવ્યું હતું...."

— સમગ્ર પ્રસંગનો મને ખ્યાલ આવ્યો. પંદરેક વર્ષના તે છોકરાએ સફેદ લેંઘો અને ખમીસ પહેર્યાં હતાં. ગૌરવર્ણો, ઊંચો અને પાતળો એ કિશોર સોહામણો હતો. તે છોકરો રસોઈયાનો હશે તેવું મેં ત્યારે માની લીધું હતું. પાર્ટીના આયોજક ભાઈ ડાઈનીંગ-રૂમમાં ફરી-ફરીને બધાંને આગ્રહપૂર્વક જમાડતાં હતાં....

સ્વપ્નમાં થયેલી વાતચીત દરમિયાન મેં માતાજીને કહ્યું કે, "આપે મને યાદ કરવા કહ્યું'તું, પરંતુ આવા સામાન્ય પ્રસંગો કેવી રીતે યાદ આવે....?"

"સારું, બહુ ડાહ્યો ના થઈશ....!" માતાજીએ હાસ્ય રેલાવતાં કહ્યું....

— અને સ્વપ્ન સમાપ્ત થયું....

□

## ૐ મા ૐ

સાંપ્રત સમયમાં આધિ, વ્યાધિ અને ઉપાધિથી ત્રસ્ત લોકોને જ્ઞાતિ, જાતિ કે ધર્મ–સંપ્રદાયનાં ભેદભાવો સિવાય વ્યક્તિગત મુલાકાત દ્વારા આધ્યાત્મિક માર્ગદર્શન અને સારવાર તથા સલાહ-સૂચન આપી, તેમને મૂંઝવતા પ્રશ્નો–સમસ્યાઓનું નિવારણ કરવાનો કાર્યયજ્ઞ મા વેદજનનીના આદેશ અને સીધા માર્ગદર્શન હેઠળ મેં ૧૯૭૫ની સાલથી શરૂ કર્યો.

"સંપૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિથી મા-બાળકનો સંબંધ કેળવી ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્ય-

Scanned by CamScanner

ક્રમમાં વણી લેવી"—સામાન્ય રીતે મારી મુલાકાતે આવનાર જિજ્ઞાસુ મુલાકાતીઓને તથા મારા ભક્તોને હું આ આદેશ આપું છું; પરંતુ—

—૨૪ અક્ષરનો આ ગાયત્રી મહામંત્ર, આજના કોમ્પ્યુટર-યુગમાં ગતિશીલ જીવન જીવતાં લોકોને—"મોટો પડે છે", "લાંબો લાગે છે", "બોલવામાં અટપટો લાગે છે"; અને "માળા કરવામાં સમય વધુ જોઈએ"—વગેરે સમસ્યાઓ પણ આ મહામંત્રની દીર્ઘતાથી ઉદ્‌ભવે છે. વળી, નિરક્ષર કે ઓછું ભણેલાં ભાઈઓ-બહેનો આ મંત્ર વાંચતી–બોલતી વખતે મુશ્કેલી અનુભવે છે. આ પ્રકારની રજૂઆતો મારી સમક્ષ વિનંતી કે માહિતીના રૂપમાં થતી રહેતી. બીજો કોઈ સરળ અને સાહજિક રીતે જપ કરી શકાય તેવો મંત્ર આપવા અંગેની વિનંતીઓ પણ કેટલાંક લોકો કરતાં હતાં.

લોકોની આ પ્રકારની વાતોમાં તથ્ય પણ હતું–છે. વળી, ધર્મ અને વિજ્ઞાન એક જ સિક્કાની બે બાજુઓ જેવાં હોઈ, પરસ્પરના પર્યાય છે. આધુનિક યુગમાં સ્વાભાવિક એવી વ્યસ્તતા વચ્ચે પણ આધ્યાત્મિક ઉન્નતિ સાધી શકાય તેવાં સરળ માર્ગ, મંત્ર, યંત્ર વગેરેની ખૂબ જ આવશ્યકતા ઊભી થઈ છે. ક્યાં આદિમાનવની ચકમકનાં પથ્થરોથી અગ્નિ પ્રગટાવવાની મુશ્કેલ પ્રક્રિયા અને ક્યાં સાંપ્રતકાળમાં મનુષ્યની રિમોટ કંટ્રોલ દ્વારા આંગળીના ટેરવાંના સ્પર્શમાત્રથી પ્રકાશ પાથરવાની પદ્ધતિ! આમ, વિજ્ઞાનના વિકાસની સાથોસાથ જ ઉપાસનાના માર્ગે પણ મૂળભૂત સિદ્ધાંતોનો હ્રાસ કર્યા વગર લોકોને જચે, પચે અને રુચે તેવા વિકાસની કે પરિવર્તનની આવશ્યકતા છે.

Scanned by CamScanner

મને લોકોની મંત્ર વિશેની વિનંતીઓ અને રજૂઆતો ઉપરથી તેમની આધ્યાત્મિક ભૂખ હોવા છતાં વ્યસ્ત જીવનના કારણે સર્જાતી મુશ્કેલીઓનો ખ્યાલ આવી ગયો હતો. તેમની આ સમસ્યાના નિવારણનો ઉપાય શોધવા હું સતત મનોમંથન કરતો હતો.

પૂજા દરમિયાન ધ્યાનાવસ્થામાં, સ્વપ્નાવસ્થામાં અને અન્ય રીતે પણ હું પરમ તત્ત્વ સાથે–માતાજી સાથે પરામર્શ કરતો અને આ બાબતે ઘટતું કરવાની વિનંતીઓ પણ કરતો હતો. છેલ્લા છ મહિનાથી મારી આવી વિનંતીઓ અને પ્રાર્થનાઓ દૃઢ બનતી જતી હતી.

એક દિવસ પૂજા દરમિયાન મા વેદજનનીની પ્રત્યક્ષ ઉપસ્થિતિ વેળા મેં અન્ય સરળ અને સહજ મંત્ર આપવા પ્રાર્થના કરી. માતાજીએ પ્રત્યુત્તરમાં કહ્યું :

"તું પ્રયત્ન કર, મારા આશીર્વાદ છે."

માના આશીર્વાદ પ્રાપ્ત થતાં જ મારી વિચારધારાને વેગ મળવા માંડયો. ભિન્ન-ભિન્ન જ્ઞાતિ, જાતિ, કોમ અને ધર્મના તથા દેશ વિદેશના લોકોની મંત્ર વિશેની મુશ્કેલીઓ મારી દૃષ્ટિ સમક્ષ હોઈ તેમની સમસ્યાના સમાધાન અર્થે કેટલાંક શબ્દ-મંત્રો મેં માતાજી સમક્ષ પ્રસ્તુત કર્યા અને માર્ગદર્શન માટે પ્રાર્થના કરી....

[ ૧ ] ૐ હ્રીં શ્રીં ક્લીં મેધા....

—મારા આ પ્રથમ પગથિયે–વિચારે–સ્ફુરેલા શબ્દો માતાજી સમક્ષ પ્રસ્તુત કરતાં સ્વપ્નમાં માતાજીએ કહ્યું,

"ના, આ બરાબર નથી."



Scanned by CamScanner

[ ૨ ] ૐ હ્રીં શ્રીં ક્લીં

— પૂજા દરમિયાન માતાજીની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં મેં આ શબ્દસમૂહને તેમની સમક્ષ રજૂ કર્યો.

મેં કહ્યું, "માતાજી, દુનિયાના કોઈપણ મનુષ્યને જ્ઞાતિ-ધર્મ વગેરેનાં બંધનો સિવાય સર્વસુલભ અને માન્ય રહે તેવો મંત્ર આપણે આપવો છે."

ધ્યાનમાં એક કાગળ પર લખાણ વાંચ્યું : "યોગ્ય નથી."

[ ૩ ] ૐ હ્રીં શ્રીં

આ શબ્દો બીજ મંત્ર જેવા હોઈ એક એક શબ્દ—અક્ષરને ઓછો કરી સંમતિ માટે માતાજી સમક્ષ પૂજા દરમિયાન રજૂ કરતાં "ના" એવું કાગળ પર લખેલું વાંચ્યું.

[ ૪ ] ૐ હ્રીં

—આ પ્રસ્તાવ પણ નામંજૂર થયો. કાગળ પર "ના" વાંચ્યું.

[ ૫ ] ૐ શ્રીં

પ્રત્યુત્તરમાં કાગળ પર "ના" હતી.

[ ૬ ] ૐ ગાયત્રી શરણં મમ

પૂજા દરમિયાન મારા આ શબ્દ-વિચારને માતાજી સમક્ષ ધર્યો.

માતાજીએ કહ્યું : "આ તો લૌકિક નામ કહેવાય."

મારી વિચારધારા અવિરતપણે આગળ ધપતી હતી. સમગ્ર માનવજાત માટે વશ્વિક મંત્ર કેવો હોવો જોઈએ તે વિશે હું સતત મનોમંથન કરતો હતો. તેવામાં....

૧૧મી જુલાઈ, '૯૨ને શનિવારે સવારે પૂજા દરમિયાન એક મધુર શબ્દ પ્રણવથી વિભૂષિત થઈ મારા હૃદયમાં સ્ફુર્યો....! અને—

Scanned by CamScanner

[૭] ૐ મા ૐ !

— ધ્યાનાવસ્થામાં માતાજીનાં પ્રત્યક્ષ દર્શન કરતી વેળા લય-બદ્ધ રીતે મારા મન-હૃદય ને હોઠો પર ફરી રહેલા એ શબ્દો મેં પ્રસ્તુત કર્યાં અને........મંદ મંદ હાસ્ય વેરતાં માતાજીએ "બરાબર છે"ની મહોર મારી! કાગળ પર લખાયેલા સ્વીકૃતિના એ શબ્દો વાંચતાં જ મારું રોમ-રોમ પુલકિત થઈ ઉઠયું ! મારા હૃદયમાં આનંદનો ઉદધિ ઉછાળા મારવા લાગ્યો....!

'મા' શબ્દ માટે ટૂંકમાં કહું તો તે શક્તિનું પ્રતીક છે. પરમ તત્ત્વની શક્તિને આપણે 'મા' કહીએ છીએ. ભારતવર્ષમાં જે જે સ્વરૂપે આ શક્તિની ઉપાસના થાય છે તે તે સ્વરૂપના નામની આગળ કે પાછળ 'મા' શબ્દ પ્રયોજાય છે જેમ કે, અંબામા, મહાકાળી મા, મા દુર્ગા, ભવાની મા.... વગેરે વગેરે. એટલે, ફક્ત 'મા' શબ્દ જ માત્ર ભારતના જ નહિ સમગ્ર વિશ્વના માનવબંધુ-ઓને સર્વદા ને સર્વથા સ્વીકાર્ય હોય.

સૃષ્ટિની ઉત્પત્તિ વખતે બ્રહ્માના મુખેથી સૌ પ્રથમ જે ઉચ્ચાર થયો તે 'ૐ' છે. આ 'ઓઉમ' બ્રહ્મના પરિચયરૂપ પ્રણવ છે. 'અ', 'ઉ' અને 'મ' આ ત્રણે ય અક્ષરોના સાયુજ્યથી 'ૐ'કારનું નિરૂપણ થયું છે. ૐના અનેક અર્થો થાય છે. આમ, '**ૐ મા ૐ**' આ મંત્ર દ્વારા પરમ તત્ત્વ અને પરમ તત્ત્વની શક્તિ, ઉભયનું સ્મરણ થતાં મનુષ્ય આધ્યાત્મિક ઉન્નતિ સાધી શકે છે.

મહામંત્ર ગાયત્રીના પર્યાય સમો 'ૐ મા ૐ' મંત્ર, માતાજીની પ્રેરણા અને અનુમતિથી જ આવેલો હોઈ, તેની શક્તિ પણ ગાયત્રીમંત્ર સમી જ છે. આ મંત્રની માળા, અનુષ્ઠાન વગેરે

Scanned by CamScanner

પણ થઈ શકે છે. તા. ૧૪મી જુલાઈ ને ગુરુપૂર્ણિમાના પર્વ નિમિત્તે મેં ભક્ત-સમુદાય સમક્ષ આ મંત્ર પ્રસ્તુત કર્યો – પ્રદાન કર્યો ત્યારે તમામ ભક્તોએ આ મંત્રને સહર્ષ વધાવી લીધો અને માતાજીની કૃપાપ્રસાદી સમાન આ મંત્રને માળામાં વણી લેવા સહુ આતુર થઈ ગયાં....!!!

કોઈ પણ વ્યક્તિ જ્ઞાતિ, જાતિ, ધર્મ, સંપ્રદાય વગેરેના ભેદભાવ સિવાય આ મંત્રના જપ કરી શકે છે.

મારા આપ સહુને આશીર્વાદ છે.

ૐ મા ૐ

— શાસ્ત્રીજી



Scanned by CamScanner

## હે જગજનની, તારા બાળકુંવરની ષષ્ઠિપૂર્તિ ઉજવાતી !

[ ઈ. સ. ૧૯૪૩થી ૧૯૫૨ અને અન્ય સ્મૃતિપ્રસંગોના પ્રસ્તુત કાવ્યમય વર્ણનનું અનુસંધાન "વેદજનનીની સ્મૃતિથી સાક્ષાત્કાર"ના પ્રથમ પુસ્તકમાં આપવામાં આવેલા ઉપરોક્ત શીર્ષક સાથેના કાવ્ય સાથે કરી લેવું. ]

[ ૧ ]

હે જગમેં હસ્તી, મનકી મસ્તી, બ્રહ્માંડ પરસતી ઝળકાતી,
ગુણભૂષણવિભાતી, દૂષણઘાતી, બ્રહ્મવિભૂતિ, વરતાતી,
જે હૃદે તું વસતી, નયને દીસતી, જે મુખ પર તું મલકાતી,
હે જગજનની, તારા બાળકુંવરની ષષ્ઠિપૂર્તિ ઉજવાતી !

* * *

[ ૨ ]

લાલાને કરવા વ્હાલ, થયે એક સાલ, મજાનું ઝભલું લાવી,
આહાર વિશેની વાત કરી ગઈ મુખ મલકાવી;
તુજ બાળરાજના જતન કાજ એના માતા-પિતાને મળી જાતી,
હે જગજનની, તારા બાળકુંવરની ષષ્ઠિપૂર્તિ ઉજવાતી !

Scanned by CamScanner

[ ૩ ]

નિદ્રાને ખોળે, ગામ કરે વિશ્રામ, સરકતી રૂમ-ઝૂમ રજની,
લે ને નિજ પડખે બાળ, કરી બહુ વ્હાલ, રમાડે હેતે જનની;
વળી મંદિર ઓટે મમતા તારી વિધવિધ રૂપે છલકાતી,
હે જગજનની, તારા બાળકુંવરની ષષ્ઠિપૂર્તિ ઉજવાતી !

[ ૪ ]

કદી લુણાવાડ–મોસાળ, કદી બીરપુર, વળી એ ગોધર-ધરતી,
ધરે નિત-નિત નવલાં રૂપ–અનૂપ–સ્વરૂપને કો' શક્યું ના વરતી;
જેના જન્મદિનની ઘડી–ઘડી તને નિરખી–નિરખી હરખાતી,
હે જગજનની ! તારા બાળકુંવરની ષષ્ઠિપૂર્તિ ઉજવાતી !

[ ૫ ]

કદી મારગ મરકયો, મંદિર મલકયું, શાળાની છલકી છાતી,
એ યુવતી, વૃદ્ધા, વળી શિક્ષિકા, લાડ લડાવી કયાં જાતી ?
જેના તેજપ્રતાપે શિક્ષકના ઘરની ધરતી પાવન થાતી,
હે જગજનની, તારા બાળકુંવરની ષષ્ઠિપૂર્તિ ઉજવાતી !

[ ૬ ]

કદી તાત તણા ઔષધ-આલય પર આશિષની વર્ષા વરસે,
કદી પરસનબાના બહેનપણીને કહે નરેન, "આ ઉપર છે";
વળી શિબિર તણા નર શૂરવીર પર મા પાવાવાળી ગર્વાતી,
હે જગજનની, તારા બાળકુંવરની ષષ્ઠિપૂર્તિ ઉજવાતી !

Scanned by CamScanner

[ ૭ ]

સુણી સાદ દોડતો આજ, દોડમાં પરથમ આવ્યો,
અભિનંદનનો આષાઢ માવડીએ વરસાવ્યો !
અભિનેતાના અભિનયને જનેતા પુરસ્કાર આપી જાતી,
હે જગજનની, તારા બાળકુંવરની ષષ્ઠિપૂર્તિ ઉજવાતી !

[ ૮ ]

મહાદેવ મંદિરે માત, કરી સંગાથ, કદલીફલ પ્રસાદ આપે,
કરી મ્હેર પુરાણી ઘેર અગોચર ભાવિ ભાખે;
'કરે સમય સમયનું કામ' કહી સાધુ થૈ કદલીફલ ખાતી,
હે જગજનની, તારા બાળકુંવરની ષષ્ઠિપૂર્તિ ઉજવાતી !

[ ૯ ]

ધરી રાશ, ગ્રાસ ને ગાય, પાટિયું ગ્રામજનેતા સંચરતી,
અતિ ગહન, સાંકડા ખાડામાંથી બાળ ઉગારી ભય હરતી;
લૈ મલિન દૂધ તું શીતળ પયના પ્રેમપિયાલા ભરી જાતી,
હે જગજનની, તારા બાળકુંવરની ષષ્ઠિપૂર્તિ ઉજવાતી !

[ ૧૦ ]

સુણી લોકહૃદયની વાત, મંત્ર દિન-રાત સ્મિત શબ્દો લ ખોળે,
કરી મંથન મનમાં, નિત દર્શનમાં મા ચરણે શબ્દામૃત ઢોળે;
પ્રગટ્યો જવ વિશ્વ અખિલ કાજે ૐ **મા** ૐ મંત્ર મા મુસકાતી,
હે જગજનની, તારા બાળકુંવરની ષષ્ઠિપૂર્તિ ઉજવાતી !

* * *

Scanned by CamScanner

[ ૧૧ ]

પરબ્રહ્મ-બ્રહ્મના બાળ બની જગપાળ લઈ સંભાળ, ઉગારે,
બન્યું નામ મંત્ર, ભગવંત સંત સદ્‌ગુરૂ અવતારે;
જેની કૃપા થકી 'સુંજ' ગાય લખી સુણી તું મલકાતી,
હે જગજનની, તારા બાળકુંવરની ષષ્ઠિપૂર્તિ ઉજવાતી !

— સુંજદેવ.



## મારા જીવનનાં નવ સૂત્રો

- ઇષ્ટમાં સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ રાખવી.
- નિઃસહાયને સહાય કરવી.
- દુઃખીઓનાં દિલનાં આંસુ લૂછવાં.
- કોઇની ઇર્ષ્યા કરવી નહિ.
- કોઇની સાથે વિશ્વાસઘાત કરવો નહિ.
- પરનિંદાથી દૂર રહેવું.
- પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું.
- નિઃસ્વાર્થ સેવા કરવી.
- અહમ્‌નો ત્યાગ કરવો.

— એન. જી. દવે (શાસ્ત્રીજી)

Scanned by CamScanner